# HISTORY OF ZOROASTRIAN RELIGION

MODI





B. B. R. A. S.

જરથોશ્તી ધર્મ શિક્ષણ માલા—પુસ્તક બીજું.

# જરથોશ્તી ધર્મની તવારીખ

લખનાર

એરવદ જીવનજી જમશેદજી મોદી બી. એ.



છપાવી પ્રગટ કરનાર

જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી

અને

જ્ઞાન ફેલાવનારી મંડળી



ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

ગણપતરાવ રામાજીરાવે છાપ્યું છે.

૧૯૧૦.

# ખુલાસો

## જરથોશતી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડલી.

આપણાં ટોલામાં ધર્મ સંબંધી કેળવણી આપવા અને જ્ઞાન ફેલાવવા માટે એક મંડળી ઉપલે નામે, તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૩ ને દીને સ્થાપવામાં આવી હતી. એ મંડળીએ ધર્મ સંબંધી કેળવણી આપવા માટે ત્રણ યા વધુ ચોપડીઓની હારમાળા લખાવવાને ઠેરવ્યું છે. તેમાંની પેહેલી "જરથોસ્તી ધર્મ સંબંધી પ્રશ્નોત્તર" એવે નામે પ્રગટ થઇ છે. તેની પેહેલી આવૃતીની ૧૦,૦૦૦ નકલ ખપી જવાથી બીજી આવૃતી ૫,૦૦૦ નકલની બાહાર પાડવામાં આવી છે. એ હારમાળાની આ બીજી ચોપડી છે. એ ચોપડીઓ તૈયાર કરાવવા માટે એ મંડળીએ નેમેલી બુક-કમીટી હાલ નીચલા સભાસદોની બનેલી છે:—

શમશુલ ઓલમાં દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા, બી૦ એ૦.

દસ્તુર કેખસરૂ જામાસ્પજી જામાસ્પઆશાના.

એરવદ એદલજી કેરસાસ્પજી આંટીયા.

શેઠ પેસતનજી કુંવરજી મોતીવાલા, એમ. એ., એલ એલ. બી.

એરવદ બહમનજી નશરવાનજી ધાભર, એમ. એ.

શેઠ રૂસ્તમજી કાવસજી પારખ.

શેઠ બેહરામગોર તેહમુરસ અંકલેસરીઆ, એમ. એ.

શેઠ જીજીભાઇ પેસતનજી મીસતરી, એમ. એ.

ડા૦ માણેકજી બમનજી દાવર, એમ. એ., પી એચ. ડી.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા, એમ. એ.

શેઠ રતનજી ફરદુનજી ગોરવાલા, એમ. એ.

શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા, બી. એ.

શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ.

બાઇ ભીખાઈજી અરદેશર એનજીનીયર, એમ. એ.

એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.

એ કમીટીએ કારોબાર મંડળીની બહાલીથી એ ચોપડીઓ લખવાનું કામ નીચલા બે ગ્રહસ્થોને સોંપ્યું છે:-

શેઠ સોરાબજી જમશેદજી બલસારા.

એરવદ જીવનજી જમશેદજી મોદી.

એઓમાંથી આ ચોપડી એરવદ જીવનજી જમશેદજી મોદીએ તૈયાર કીધી છે, તેનું લખાણ પેહેલ વેહેલે બુક-કમીટીના સઘળા સભાસદોમાં ફેરવવામાં આવ્યું હતું. ત્યાર પછી તે બુક કમીટીની નવ સભાઓમાં તપાસવામાં આવ્યું હતું. ત્યાર પછી તે કેટલાક ફેરફારો સાથે છપાવવામાં આવ્યું હતું. તેના છાપેલા પ્રુફો સર્વ સભાસદોને પહોંચાડવામાં આવ્યા હતા. તેઓએ તે વાંચવા પછી બુક-કમીટીની બીજી ૮ સભાઓમાં તે ફરીથી તપાસવામાં આવ્યા હતા.

એ ચોપડીના છાપેલા પ્રુફોની એકેક નકલ આપણી અત્રેની જાહેર પારસી સ્કુલોના વડા ઉસ્તાદો ઉપર મોકલી આપવામાં આવી હતી, એ સાહેબોએ સામાન્ય રીતે એ ચોપડી માટે પોતાની પસંદગી જણાવી છે. તેઓની પસંદગીના શબ્દો સેવટે આપ્યા છે.

આ ચોપડી તપાસનાર બુક-કમીટી આપણા ભણેલા દસ્તુરો, એરવદો અને બેહદીનોની બનેલી છે. તે સાહેબોની બારીક તપાસમાંથી તે પસાર થઇ છે. વળી તે પારસી સ્કુલોના વડાઓની પસંદગી પામી છે માટે મંડલી આશા રાખે છે કે તે સર્વની પ્રસન્તા પામશે અને સર્વ જરથોસ્તી માબાપો આ પુસ્તક પોતાનાં કુટુંબમાં દાખલ કરી પોતાનાં બચ્ચાંઓને તેથી ધર્મ કેલવણી આપશે. જરથોસ્તી સ્કુલોના વડા શિક્ષક સાહેબોને પણ કમીટી અરજ કરે છે કે તેઓએ એ ચોપડી પોતાની સ્કુલોમાં ધર્મ શિક્ષણ માટે દાખલ કરવી.

રોજ ૮ મો, માહ ૨ જો,<br>
શેહેનશાહી સને ૧૨૮૦<br>
તા૦ ૨૦ મી અકટોબર, ૧૯૧૦.

કારોબાર મંડળીના હોકમથી

**જીવનજી જમશેદજી મોદી**

ઓ૦ સેક્રેટરી.

## કેટલીક પારસી સ્કુલોના વડાઓનાં આ ચોપડી બાબે મતો

શેઠ હોરમજી પાલનજી પાવરી. બી. એ, તે એસપ્લેનેડ હાઇ સ્કુલના હેડ માસ્તર તા૦ ૨૨ મી નવેમબર ૧૯૧૦ નાં પત્રમાં જણાવે છે કે: —

"I find the book well-written and full of information."

એરવદ પાલનજી દોરાબજી પાવરી બી. એ, તે ધી બેરામજી જીજીભાઇ ચેરીટેબલ ઈન્સ્ટીટયુશનના ધર્મ શિક્ષક તા૦ ૨૯ મી નવેમબર ૧૯૧૦ નાં પત્રમાં જણાવે છે કે:—

"I went through it with considerable interest and found it very well suited to juvenile requirements. If our boys and girls are given an opportunity to study it in their schools, they will not only be considerably informed in matters religious, but will surely learn to take pride in the very rich inheritance of Zoroastrianism received from our worthy ancestors."

શેઠ ફરામજી બમનજી માસ્તર. બી. એ, તે ફ્રોર્ટ એન્ડ પ્રોપ્રાયટરી હાઇ સ્કુલના હેડ માસ્તર તા૦ ૧ લી ડીસેમબર ૧૯૧૦ નાં પત્રમાં જણાવે છે કે: —

"The Second Book of the Religious Books' Series written by Sams-ul Ulma Ervad Jivanji Jamshedji Modi, B. A., for

the Society of propagating Zoroastrian knowledge will be a great help to Parsi children in acquiring a knowledge of their religion. Mr. Modi, in this book, gives the history of the Zoroastrian religion from its origin and treats the subject in such a masterly manner that the boys and girls for whom it is intended will, I have no doubt, find it interesting as well as instructive.

Mr. Modi is well-known to school children as an eloquent preacher and they are sure to study this book with the attention it deserves,as it is written by one who takes a great interest in their welfare."

શેઠ એદલજી દોરાબજી તલાટી. બી. એ., તે એલ્ફીન્સ્ટન હાઇસ્કુલના માજી પ્રીન્સીપલ તા. ૧૮ મી ડીસેમ્બર ૧૯૧૦ નાં પત્રમાં લખેછે કેઃ—

"This book contains information on our religion which every Zoroastrian ought to know. It will be of great use to Parsi boys."

## સાંકલ્યું.

પાનું

પ્રકરણ ૫ મું

પ્રકરણ ૬ ઠું—

# પ્રકરણ પહેલું

## જરથોશ્તી ધર્મની ઈરાનમાં ઉત્પત્તિ

જરથોસ્તી દીન પહેલે ઇરાનમાં જાહેર થઈ હતી. પેગામ્બર જરથોસ્તને "ઈરાનવેજમાં વખણાયલો" કહ્યો છે.[1] એ દીન પાદશાહ ગુસ્તાસ્પનાં રાજ્યમાં પેગામ્બર જરથોસ્તે તેની દરબારમાં જાહેર કીધી હતી. શાહ ગુસ્તાસ્પની દરબાર બલ્ખમાં મળતી હતી. એ સબબે એ શહેરને 'એરેદ્વો દ્રફ્શાંમ્'[2] યાને "બુલંદ (પાદશાહી) વાવટાવાળું" કહ્યું છે. પાદશાહી રાજધાની એ શહેરમાં હતી. એ ઉપરથી દિસે છે કે તે વખતે ઇરાનની હદ પૂર્વે છેક બલ્ખ સુધી હતી. વળી જરથોસ્તના જન્મની જગ્યા તરીકે દારજ નામની નદીનો કાંઠો જણાવવામાં આવે છે. તે નદીને સઘળી નદીઓમાં મુખ્ય ગણવામાં આવી છે, કારણ ત્યાં પેગામ્બર જરથોસ્તનાં બાપનું ઘર હતું અને જરથોસ્તનો જન્મ ત્યાં થયો હતો.[3] આ દારજ

---

(૧) 'સુતો અઇર્યેને વએજહિ.' યજશ્ને હા. ૯, ફ. ૧૪. (૨) વંદીદાદ ફર્ગર્દ. ૧. ફ. ૭. (૩) 'દારજ રૂદ રૂદબારાન રદ, મેમનશ માને અબીતરે જરતુહશ્ત પવન બાલા. જરતુહસ્ત તમમન જાદ' (બુનદેહેશ બાબ ૨૪, ફ. ૧૫) અર્થ—દારજ નદી મોટી નદીઓમાં મુખ્ય છે, કારણકે તેની ઉંચાઇ (એટલે કિનારા) ઉપર જરથોસ્તનાં બાપનું રહેઠાણ (હતું અને) જરથોસ્ત ત્યાં જનમ્યો હતો.

નદીને ઇરાનવેજમાં આવેલી જણાવી છે,[1] અને તે હાલની દરહ અથવા દર્યા નામની નદી છે, જે આજરબએજાનમાં આવેલા સવલાન પહાડમાંથી વહે છે. એ સવલાન પહાડને કાજવીની નામનો લખનાર સેબીલાન નામે જણાવી ગયોછે અને તે એ પહાડને પેગામ્બર જરથોશ્તની દીનની બશારત (inspiration) ની જગ્યા તરીકે કહી ગયો છે. ત્યારે ઇરાનવેજની હદ પશ્ચિમે છેક આજરબએજાન સુધી લંબાયલી ગણાઈ છે. એ સવલાન અથવા સેબીલાન અવસ્તાનો ઉશીદરેન પહાડ છે, કે જે ઉપર પેગામ્બર જરથોશ્તે બશારત મેળવી હતી. એ મુજબ જોતાં પેગામ્બર જરથોશ્તે ઇરાનવેજના પશ્ચિમ ભણીના આજરબએજાનના મુલકમાં જન્મ લેઇ, પૂર્વતરફ બલ્ખ શહેરમાં જઈ, ત્યાં પાદશાહની દરબારમાં પોતાની દીન ફેલાવી હતી. વળી એ ઇરાનવેજમાં દસ મહિન થંડી અને બે મહિના ગરમી રહેતી હતી.

(૧) બુનદેહેશ બાબ ૨૦, ફ. ૩૨.

# પ્રકરણ બીજું

## અશો જરથોશતની આગમચ ધર્મની હાલત

પેગામ્બર જરથોશ્તના જમાનાની આગમચના જમાનાઓમાં દુનિયામાં કોઇ બીજા તરેહવાર તરીકાઓ યા દીનો જાહેર હોવી જોઇએ, કારણ વંદીદાદમાં તે બીજી દીનો માટે, તે બીજી દીનોના કલામો (સ્રવહ્)માટે બોલવામાં આવે છે. ત્યાં કહે છે કે કોઇ બીજાઓએ દીનના જે કલામો કહ્યા હોય તે સર્વ દીની કલામો કરતાં જરથોસ્તી દીનના કલામો એ પ્રમાણમાં મોટા છે, કે જે પ્રમાણમાં વોઉરૂકશ દર્યો, પાણીના બીજા ભાગો, યાને સરોવરો, નદી નાલાંઓ કરતાં મોટો છે, જે પ્રમાણમાં એક મોટું ઝાડ નાના ઝાડોને ઢાંકી નાંખે છે, અને જે પ્રમાણમાં આસ્માન આ જમીનને ઢાંકી નાંખે છે.[1] ખુદ પેગામ્બર જરથોશ્તના વખતમાં કોઇ બીજી દીનો હતી, કારણ કે જરથોસ્તી માજદયસ્ની દીનના એકરારનામામાં જરથોસ્તી દીનને તે વખતની બીજી હૈયાત દીનોમાં સર્વથી મોટી, સર્વથી ભલી, સર્વથી સરસ ગણી છે.[2]

### ઇરાનની આગલી દીન તે પઓઇર્યો ત્કએષી

પેગામ્બર જરથોસ્તે પોતાની દીન ઇરાનના મુલકમાં ફેલાવી હતી. એ મુલકમાં એવણે પોતાની દીન જાહેર કીધી તે આગમચ જે દીન જણાયલી હતી, તેને આપણાં પુસ્તકોમાં

---

(૧) વંદીદાદ ૫, ફ. ૨૨ થી ૨૫. (૨) યજશને હા ૧૨, ફ. ૯.

"પઓઇર્યો તકએષી"[1], યાને "આગલા તરીકાવાળી", કહી છે. તે દીન પણ 'માજદયસ્ની' અને "એક મહાજ્ઞાની સાહેબને પિછાનનારી" દીન હતી. એ માજદયસ્ની દીન ઇરાનમાં લાંબા વખતની ચાલુ હતી.[2] પણ અવારનવાર તેનાં સ્વચ્છપણાંમાં કોઇ બુરાં[3] આદમીઓનાં દોર યા શિખવણીથી ખલલ થતી હતી. કોઇ મહાત્મા પાદશાહો યા પુરૂષો તે ખલલ દુર કરી તે દીનને પાછી તેની અસલ સ્વચ્છતા આપવાની કોશેશ કરતા હતા. પેગામ્બર જરથોશ્તની આવી કોશેશ વધુ ફતેહમંદ નિવડી હતી. તે વધુ ફતેહમંદ નિવડી, તેની સાબેતી આ કે, તેની કોશેશનાં પરિણામ તરીકે જણાયલી 'જરથોશ્તી માજદયસ્ની દીન'[4] લાંબો વખત સુધી ચાલુ રહી.

એક દેશમાં કોઇ ચોક્સ તરીકાવાળી દીન સ્થાપવામાં આવે યા ફેલાવવામાં આવે, તો તે દેશમાં એક પ્રકારની વ્યવસ્થા, એક પ્રકારનો સુધારો, દાખલ થયલો ગણાય; તે દેશ જંગલી યા ભટકતી હાલતમાંથી સુધરેલી હાલતમાં આવેલો ગણાય. એ મુજબ વિચાર કરતાં દિસે છે કે ખુદ પેશદાદીઆન જમાનાના વખતથી ઇરાનમાં કોઇ ચોક્સ વ્યવસ્થા મુજબની, કોઇ ચોક્સ તરીકાવાળી દીન દાખલ થઇ હતી.

### આગલા સોશ્યન્તો.

પેગામ્બર જરથોશ્તની આગમચ ઇરાનમાં અવારનવાર

(૧) યજશ્ને હા ૧, ફ. ૧૮; હા ૨૬, ફ. ૪; ફર્વર્દીન યશ્ત ફ. ૧૭, ૧૪૯, ૧૫૨, ૧૫૬, (૨) યજશ્ને હા. ૯, ફ. ૨૬; વંદીદાદ ફર્ગર્દ ૨, ફ. ૪૨. (૩) દાખલા તરીકે કેરેશાની; યજશ્ને હા ૯, ફ. ૨૪. (૪) યજશ્ને હા ૧૨, ફ. ૮.

દીનદારી ફેલાવનારા કેટલાક પાદશાહો અને મહાન પુરૂષો થઇ ગયા છે. એઓમાં નીચલા મુખ્ય છે :—

(૧) ગયોમર્દ, (૨) હોશંગ, (૩) તેહમુરસ, (૪) હોમ, (૫) જમશેદ, જેને તેનાં આ કામમાં વીશ્કરિપ્તે મદદ કીધી હતી, (૬) ફરેદુન, (૭) કાઉસ, અને (૮) કએખુસ્રુ. એવા દીન ફેલાવનારાઓ 'સોષ્યન્તો'[1] એટલે "માણસ જાતને ફાયદો કરનારાઓ," ગણાતા. ઉપર જણાવેલા સોષ્યન્તો અથવા દીનનો ફેલાવો કરી દુનિયાને ફાયદો કરનારાઓની થોડીક હકીકત અવસ્તા મુજબ નીચે પ્રમાણે છે :—

(૧) **ગયોમર્દ**—દીનને માન્ય કરનારાઓમાં પાદશાહ ગયોમર્દ એક ગણાયો છે. તે અશોઇને માટે ફતેહમંદીથી લડનારાઓમાં[2]નો એક પઓઇર્યોતકએષ, એક પહેલો દીન કબુલનાર[3] ગણાયો છે. જે ભલા અશો નરોનાં ફરોહરોને અવસ્તામાં યાદ કર્યાં છે, તેઓની ટીપ એ પાદશાહનાં નામથી શરૂ થાય છે.[4] અહુરમજ્દના વિચાર અને શિખામણ બરાબર રીતે સાંભળનાર પહેલો શખ્સ એ હતો.[5] એ પહેલો દીન કબુલ કરનાર ગણાયો છે.[6] એ ફ્રશોગર્દના કામમાં આગેવાન ભાગ લેનાર એક સોષ્યન્ત ગણાયો છે.[7]

---

(૧) યજશ્ને હા ૯, ફ. ૨; હા ૧૨, ફ. ૭. (૨) 'યોઇ અષાઇ વઓનરે'. યજશ્ને હા ૨૬ ફ. ૫. (૩) 'પઓઇર્યેનામ સારનો ગુષામ.' હા ૨૬, ફ. ૪; ફર્વર્દીન યશ્ત, ફ. ૮૭. (૪) હા. ૨૬, ફ. ૧૦; ફર્વર્દીન યશ્ત ફ. ૮૭. (૫) ફર્વર્દીન યશ્ત ફ. ૮૭ (૬) 'ફ્રર્દુમ દીન પદીરફતાર મિન દાદાર ગયોકમર્દ.' દીનકર્દ, વાલમ ૧, બાબ ૩૫. પેહેલવી લખાણ પા. ૩૨, લીટી ૧–૨. (૭) દાદેસ્તાને દીની, બાબ ૩૬, ફ. ૨.

(૨) **હોશંગ**—ગયોમર્દ પછી, તેના નબીરાનો નબીરો[1] હોશંગ, જેનાં વિશેષણુ 'પીશદાદ' (પરધાત) ઉપરથી પેશદાદીઆન વંશનું નામ પડયું છે, તે દીનની રાહે ચાલનાર અને દેવોને દફે કરનાર તરીકે જણાયલો છે[2]. તેણે પોતાના જમાનાના બુરા દેવોમાંના બે તૃત્યાંશ ભાગ જેટલા દેવો ઉપર ફતેહ મેળવી, તેઓને દાબી દીધા.[3] એ પહેલો શખ્સ હતો કે જેણે ફિરદોસી મુજબ આતશની શોધ કરી આતશને દાદગાહે પરથીને તેની સેતાયશ કીધી અને તે શોધની યાદમાં 'જશ્ને સદેહ' નામનું જશન દએ મહિનો અને આવાં રોજે સ્થાપ્યું.

(૩) **તેહમુરસ**—હોશંગ પછી દીનદારી ફેલાવનાર પાદશાહ તેહમુરસ હતો. તેણે ઘણાક બુરા તરીકાવાળા દેવોનો દોર તોડયો હતો. તેથી તેને 'દએવો-ત્બિશ તખ્મ'[4], એટલે "દેવબંદ તેહમુરસ"[5] કહ્યો છે. એણે ૩૦ વરસ[6] સુધી રંજ ખેંચી દેવોને જેર કર્યાં હતા.[7] દેવોને કાબુમાં રાખવાને માટે અને તેઓ સામે દીનદારી ખાતર લડવાને માટે તે હમેશા તૈયાર હતો; માટે તેને 'જએનંઘ-હવન્ત' એટલે "હથિયારબંધ"[8] કહયો છે. અલંકારિક રીતે

---

(૧) બુનદેહેશ બાબ ૩૧, ફ. ૧, અને વજર કર્દ દીની પ્રમાણે. શાહનામાં પ્રમાણે નબીરો. (૨) આવાં યસ્ત, ફ. ૨૧-૨૨; ગોશ યસ્ત, ક. ૪; ફર્વર્દીન યસ્ત, ફ. ૧૩૭; અશિસ્વંઘ યસ્ત, ફ. ૨૫. (૩) આવાં યસ્ત, ફ. ૨૨; રામ યસ્ત, ક. ૮; જમ્યાદ યસ્ત, ફ. ૨૬; દાદેસ્તાને દીની, બાબ ૬૫, ક. ૫; મીનોખેરદ, બાબ ૨૭, ક. ૧૯. (૪) ફર્વર્દીન યસ્ત ક. ૯૮. (૫) શાહનામું. (૬) રામ યસ્ત, ક. ૧૨; બુનદેહેશ, બાબ ૩૪, ફ. ૪; મીનોખેરદ, બાબ ૨૭, ફ. ૨૨. (૭) રામ યસ્ત, ક. ૧૨; જમ્યાદ યસ્ત, ફ. ૨૮. (૮) પેગામ્બર જરથોસ્તની આફ્રીન, ફ. ૨.

એ પાદશાહ માટે કહે છે કે તે દેવોની ઉપર ઘોડે સવારી કરતો હતો.[1] આપણાં ધર્મ પુસ્તકોમાં કહે છે કે, ભલા પરહેજગાર દીનદાર પુરૂષોના ચેહરા ઉપર એક પ્રકારનું યજદી ખોરેહ અથવા નુર પ્રકાશે છે. તે મુજબ આ પાદશાહના ચેહરા ઉપર પણ નુર પ્રકાશતું હતું.[2]

(૪) **હોમ**—હોમ નામનો એક ભલો મરદ પાદશાહ જમશેદના જમાનાની આગળ થઇ ગયો હતો.[3] તે વિદ્યાનો પતિ (વએદ્યા પઇતિ)[4] એટલે એક ભણેલો વિદ્વાન હતો. તેણે અલબુર્જ પહાડના એકાંતવાસમાં પોતાનો અભ્યાસ અને ખોદાઇ બાબતો ઉપર એકાંત ચિતન કીધાં હતાં.[5] તે અભ્યાસનાં પરિણામ તરીકે તેણે પોતાના જમાનાનાં લોકોને દીન સમજાવી હતી. "માઝ્દયસ્ની દીન" ને નામથી મશહુર થયલી દીન સમજાવનાર પહેલો પુરૂષ એ હતો.[6] એ દીન તેણે હફ્તકેશ્વર જમીનપર ફેલાવી હતી.[7] તે પોતે આથોર્નાન ટોળાનો હતો.[8] તેણે પોતે કેટલાંક લખાણો લખ્યાં હતાં[9] અને તે ગાથા યાને કાવ્યમાં લખ્યાં હતાં.[10] કેરેસાની નામનો એક પુરૂષ તેનો દુશ્મન થઇ પડયો હતો અને તેનાં દીન ફેલાવવાનાં કામની વિરૂદ્ધ થયો હતો.[11] તેણે હોમ નામના પાલાની શોધ કરી હતી, જે પાલાની

---

(૧) રામ યશ્ત ક. ૧૨; મીનોખેરદ, બાબ ૨૭, ક. ૨૨; શાહનામું, મોહલ વાલમ ૧, પા. ૪૪; જમ્યાદ યશ્ત ક. ૨૫. (૨) જમ્યાદ યશ્ત, ક. ૮. (૩) યજશ્ને, હા ૯, ક. ૪. (૪) હા ૯, ક. ૨૭. (૫) હા ૧૦, ક. ૧૦; હા ૫૭, (સરોશ યશ્ત) ક. ૧૯; મેહેર યશ્ત, ક. ૮૮. (૬) હા ૯, ક. ૨૬. (૭) મેહેર યશ્ત, ક. ૮૯ (૮) હા ૯, ક. ૨૪. હા. ૧૦. ક, ૧૫. (૯) અશિશવંગ યશ્ત, ક. ૫. (૧૦) હા ૧૦, ક. ૧૮. (૧૧) હા ૯, ક. ૨૪.

ડાંખલીઓ "હોમ સલી"ને નામે આપણી યજશ્નેની ક્રિયામાં હાલમાં પણ વપરાય છે. યજશ્નેની ક્રિયાનો હોમ તૈયાર કરવાનો ભાગ હોમ ગાળવાની ક્રિયા તરીકે જણાયલો છે. એ ક્રિયા પણ એણે પહેલે કરી હતી.[1] હોમ પાલો, જેની ડાંખલીઓ એ ક્રિયામાં છુંદવામાં આવે છે અને જેનો રસ હોમનાં પાણી તરીકે પીવામાં આવે છે, તેને તંદરોસ્તીને વધારનાર પાલો ગણવામાં આવતો હતો. ડા૦ એચીન્સન[2] કહે છે કે હાલમાં પણ અફ્ગાનીસ્તાનની સરહદપરનાં લોકો એ પાલાને એક ઘરગતુ દવાના કાવા તરીકે વાપરે છે.

(૫) **જમશેદ**—તેહમુરસ પછી ઇરાનમાં દીનદારી ફેલાવનાર બીજો પાદશાહ જમશેદ થઇ ગયો છે. જરથોસ્તની આગમચ દાદાર અહુરમજ્દે એને દીન શિખવી હતી.[3] તે દીન સઘળા મુલકોમાં ફેલાવવાની બશારત અહુરમજ્દ તરફથી એને થઈ હતી. તે તેમ કરી શકયો નહિ. તે દીન ફેલાવવાને તેણે માથે લીધું નહી.[4] તેણે પોતાના ઇરાનના મુલકમાં સફાઇ સુગડાઇ એટલી બધી રાખી હતી કે તેનાં વખતમાં ત્યાં બીમારી ઘણી થોડી હતી અને કવખતનાં મરણો થોડાં નીપજતાં. મોટી ઉમરનાં લોકોપણ સારી અને સ્વચ્છ હવાને લીધે તંદરોસ્તી જાળવી જવાન દિસતા[5]. બાપ દીકરાંઓ જાણે ૧૫ વર્ષના જવાન હોય તેમ સરખા દિસતા.[6] વળી તેણે

---

(૧) મેહેર યશ્ત, ક. ૯૦ (૨) "Haoma in the Avesta" Journal of the Anthropological Society of Bombay, Vol. VII. p. 208. (૩) વંદીદાદ, ફર્ગર્દ ૨, ક. ૨-૩ (૪) વંદીદાદ ફર્ગર્દ ૨, ક. ૩ (૫) ફરવર્દીન યશ્ત, ક. ૧૩૦; રામ યશ્ત, ક. ૧૬ (૬) યજશ્ને, હા. ૯, ક. ૫.

પોતે પોતાના મુલકમાં એવીતો સરસ રીતે દીનદારી ફેલાવી હતી કે તેની રૈયત ઘણા સદગુણો ધરાવતી અને તેનામાં દુર્ગુણો ઘણા કમી હતા.[1] તેણે દેવો યાને બુરા આદમીઓ ઉપર પુરતી હકુમત મેલવી હતી.[2] તેણે સઘળે પ્રકારે પોતાના મુલકમાં આબાદી પાંથરી હતી.[3] પણ સેવટે તેણે તકેબરી કરી અને જુઠું બોલયો, તેથી તેનાં મોંહપરથી અહુરમજ્દી નુર જતું રહ્યું અને તે ફના થયો.[4] એણે પોતાના મુલકમાં જે દીન ફેલાવી હતી, તે માજ્દયસ્ની દીન હતી અને તેને એ કામમાં મદદ કરનાર વીશ્‌કરિપ્ત હતો. [5]

(૬) ફરેદુન—જમશેદ પછી ઇરાનના મુલકમાં દીનદારી ઘણી ઘટી ગઇ હતી. જોહાક નામનો એક બુરો પાદશાહ પારકે મુલકથી આવી જમશેદ પાદશાહને મારી નાખી ઇરાન ઉપર રાજ કરવા લાગ્યો હતો. ફરેદુને તેને હરાવી અને પકડીને દેમાવંદ પહાડ ઉપર બંધ કીધો અને ઇરાનના મુલકમાં પાછી દીનદારી દાખલ કીધી.[6] જે દિવસે જોહાકને બંધ કરી એ પાદશાહ ઇરાનની ગાદીએ બેઠો તે મેહેર મહિનો ને હોરમજ્દ રોજ, યાને 'જશ્ને મેહેરંગાન'નો દિવસ હતો. એ પાદશાહ ગીલાન (વરેન)[7] ના મુલકમાં જન્મ્યો હતો.

---

(૧) વંદીદાદ, પર્ગર્દ ૨, ફ. ૨૯, ૩૦; યજશને હા ૯, ફ. ૫. (૨) આવાં યશ્ત ફ. ૨૫ થી ૨૭. (૩) ગોશ યશ્ત, ફ. ૮-૯; અશિશ્વંઘ યશ્ત ફ. ૨૯; જમ્યાદ યશ્ત, ફ. ૩૧-૩૨. (૪) જમ્યાદ યશ્ત ફ. ૩૩ થી ૩૬. (૫) વંદીદાદ, પર્ગર્દ ૨, ફ. ૪૨ (૬) આવાં યશ્ત, ફ. ૩૪, ૩૫; ગોશ યશ્ત, ફ. ૧૩ થી ૧૫; બુનદેહેશ, બાબ ૨૯, ફ. ૯; બહમન યશ્ત, બાબ ૩, ફ. ૫૫-૫૮; દાદેસ્તાને દીની, બાબ ૯૦, ફ ૯૩; મીનોખેરદ, બાબ ૨૦, ફ. ૩૮. (૭) વંદીદાદ, પર્ગર્દ ૧. ફ. ૧૮; રામ યશ્ત, ફ. ૧૩; અશિશ્વંઘ યશ્ત, ફ. ૩૩.

એ દીનદાર પાદશાહની એક ખામી આ ગણાઇછે કે તેણે પોતાના બેટાઓ સેલમ અને તુર, જેઓએ નાદાની અને બેવકુફીથી પોતાના નાના ભાઇ એરચને મારી નાખ્યો હતો, તેઓ ઉપર લાંબો વખત સુધી કીનો રાખી, તેઓને સેવટે મીનોચેહેરને હાથે મારી નખાવ્યા.[1] એ દીનદાર પાદશાહે તાવ, બોખાર જેવી બીમારીઓ દફે કરવાને ઘણું કર્યું હતું.[2] વંદીદાદમાં[3] જે થ્રીત નામનાં એક તબીબ માટે બોલવામાં આવેછે તે એ પાદશાહ હોય એવું દિસે છે. એનું અવસ્તામાં મલતું નામ થ્રએતઓન છે.

(૭) **કાઉસ**—પેશદાદીયાન વંશ પછી કયાની વંશ ઉપર આવતાં દિસે છે કે અવસ્તા પ્રમાણે કાઉસ પાદશાહ પણ એક દીનદાર પાદશાહ હતો અને તેણે બુરાઓને દોર તોડયો હતો. કહે છે કે તેણે એરેજિફ્ય[4] પહાડ ઉપર બંદગી અને ચિતનમાં લાંબો વખત કાહાડી બુરા માણસોનો દોર તોડવાની કોશેશ કરી હતી[5]. એ પાદશાહના ચેહેરા ઉપર તેનાં ભલાં કામોને લીધે અહુરમજ્દી ખુરેહ પ્રકાશતું હતું.[6] તેથી પેગામ્બર જરથોસ્તની આફ્રીનમાં[7] એને

---

(૧) મીનોખેરદ, બાબ ૮, ફ. ૨૭. (૨) ફર્વર્દીન યસ્ત, ફ. ૧૩૧; દબેસ્તાને દીની, બાબ ૩૦, ફ. ૩૫; મીરખોન્દની તવારીખ, રોઝ તુસ સફા; (૩) ફર્ગર્દ ૨૦ ફ. ૨. (૪) દાર્મેસ્ટેટે (S. B. E XXIII First ed. p. 65) અને યુસ્ટી, એને બર્નુફને આધારે, મર્વ અને હેરાત વચ્ચે આવેલાં ટોલેમીઅસ (Ptolemeus) નાંમનાં મુલકનો 'સારીફી' (Sariphi) પહાડ ધારે છે. (જુઓ Burnouf sur l' Yasna, p. 436, n. 291). (૫) આવાં યસ્ત, ફ. ૪૫–૪૭; બહમન યસ્ત, બાબ ૩૯; શાહનામું. (૬) જમ્યાદ યસ્ત, ફ. ૭૧. (૭) આફ્રીને સપીતામાન જરથોસ્ત ફ. ૨.

નામે દુઆ દેવામાં આવે છે કે "કાઉસના જેવા પુર ચશ્કકાંતવાળા થાજો." એ પાદશાહની, દેવોનો દોર તોડવાની દીનદારી વચ્ચે, એક ખામી આ ગણાઇ હતી, કે પાછળથી તેણે પોતાનાં જ્ઞાન અને શકિત ઉપરાંતનાં, કામોમાં માથું મારવાની કોશેશ કીધી હતી.[૧]

(૮) કએખુસ્રુ—કાઉસ પછી દીનદારી ફેલાવનાર બીજો પાદશાહ તેનો નબીરો કએખુસ્રુ હતો, જેને અવસ્તામાં 'કવ હુસ્ર વંડહ' કહ્યો છે. એણે પોતાના જમાનાનાં લોકોને ભલી શિખામણો દીધી હતી, તેથી એને ખાસ કરી અવસ્તામાં યાદ કીધો છે.[૨] એ પાદશાહે અફ્રાસીયાબ નામના બુરા તુરાની પાદશાહને જેર કીધો હતો.[૩] તેને એ કામમાં હોમ ફ્રાશ્મી નામનાં એક આબેદ યાને પરહેજગાર મરદે મદદ કીધી હતી.[૪] અઉર્વસાર નામનો એક બુરો શખ્સ એ પાદશાહનાં ભલાં કામની સામે થતો હતો.[૫] એ પાદશાહની ભલી જીંદગીને લીધે એના ચેહેરા ઉપર હમેશા અહુરમજ્દી નુર પ્રકાશતું હતું.[૬] એ દીનદાર પાદશાહે મોટી ઉમરે પોતાનું રાજપાટ છોડી તે લોહેરાસ્પ પાદશાહને આપ્યું હતું અને પોતે એકાંતવાસ પકડયો હતો. તે એકાંતવાસમાં જતો હતો તેવામાં એક તોફાન થઈ આવ્યું અને તે તોફાન વચ્ચે તે બેમાલુમ થઈ ગયો અને દેખાયો નહિ.[૭] એ પાદશાહે ઘણી તંદરોસ્ત

(૧) મીનોખેરદ, બાબ ૮, ફ. ૨૭; બાબ ૫૭, ફ. ૨૧. (૨) ફર્વર્દીન યશ્ત, ફ. ૧૩૨–૧૩૩. (૩) ગોશ યશ્ત, ફ. ૨૧–૨૩; અશિશ્વંઘ યશ્ત, ફ. ૪૧–૪૩. (૪) ગોશ યશ્ત, ફ. ૧૭–૧૮; અશિશ્વંઘ યશ્ત, ફ. ૩૭–૩૮ (૫) આવાં યશ્ત, ફ. ૫૦; રામ યશ્ત, ફ. ૩૧; જમ્યાદ યશ્ત ફ. ૭૭. (૬) જમ્યાદ યશ્ત, ફ. ૭૪. (૭) શાહનામું; દાદેસ્તાને દીની, બાબ ૩૬, ફ. ૩.

અને લાંબી જીંદગી ગુજારી હતી તે ઉપરથી તેને નામે દુઆદેવામાં આવે છે કે "કએખુસ્રુના જેવા બીમારી વગરનાં અને કવખતના મોત વગરનાં તમો થાજો."[૧] એ પાદશાહે આદર ગુશસ્પ નામનું એક આતશકદેહ, જેને આપણે આતશની નીઆએશ ભણતાં યાદ કર્યે છિયે, તે અસ્નવન્ત[૨] નામનો પહાડ, જે આજરબએજાનમાં આવેલો છે, તે ઉપર બાંધ્યું હતું.[૩] ચએચસ્ત સરોવર જે આજરબએજાનમાં આવેલો છે અને જ્યાં એણે આતશકદેહ બાંધ્યુ હતું, તે સરોવરવાળા મુલકમાં મુર્ત્તિપુંજક દેવોનો ઘણો દોર હતો. તે દોર એણે તોડયો, માટે એને ફ્રશોકર્દના કામને મદદ કરનાર તરીકે ગણ્યો છે[૪]. એ પાદશાહનાં નીચલાં ચાર કામો ઘણાં ભલાં ગણાયાં છે[૫]:—

૧. અફ્રાસીયાબ જેવા બુરા પાદશાહને મારવાનું.

૨. ચએચસ્ત સરોવરપરના મૂત્તિપુંજક દેહરાંઓનો નાશ કરવાનું.

૩. કંગદેજનાં કિલ્લામાં સારો કારોબાર કરવાનું.

૪. ફ્રશોકર્દ અથવા દુનિયાના સુધારા અને વધારાનાં કામમાં મદદ કરવાનું.

## ઉપલા સોષ્યન્તોની દીન

ઉપર વર્ણવવા મુજબ ત્યારે પેગામ્બર જરથોસ્તની આગમચ અનેક સોષ્યન્તોએ, અનેક મહાન પુરૂષોએ

(૧) આફ્રીને સ્પીતામાન જરથોસ્ત, ક. ૭. (૨) એ અસ્નવન્ત પહાડ તે ચએચસ્ત (હાલના ઉરૂમીઆ) સરોવરવાળા મુલકનો Ushenai અથવા Oshnah પહાડ છે. (૩) બુનદેહેશ, બાબ ૧૦, ફ. ૭. (૪) મીનોખેરદ બાબ ૨, ફ. ૯૫. (૫) મીનોખેરદ, બાબ ૨૭, ફ. ૫૯.

ઈરાનના મુલકમાં દીનદારી ફેલાવી હતી. એઓએ ફેલાવેલી દીન ત્યારે શું હતી? ઉપલાં વર્ણન મુજબ, અવસ્તા ઉપરથી માલૂમ પડેછે કે તે દીન માઝ્દયસ્ની હતી. ગયોમર્દ, હોશંગ અને તેહમુરસને લગતાં વર્ણન ઉપરથી તો નહિ, પણ હોમ પેગામ્બરના વર્ણન ઉપરથી ખોલ્લું માલૂમ પડેછે કે, તેણે જે દીન જાએજ કીધી હતી, તે માઝ્દયસ્ની દીન હતી. એ પુરૂષ જમશેદના જમાનાની આગમચ થઇ ગયો હતો, કારણ કે એણે જાએજ કરેલી હોમની ક્રિયા કરનાર પહેલો પુરૂષ જમશેદનો બાપ વિવંધહન હતો.[1] એ હોમને માટે કહે છે કે દાદાર અહુરમજ્દે ભલી માઝ્દયસ્ની દીન પેહેલાં એને આપી.[2] ત્યારે ખોલ્લું દીસે છે કે પહેલે એના વખતમાં, જમશેદ પાદશાહના જમાનાની આગમચ, ઈરાનમાં માઝ્દયસ્ની દીન જાએજ હતી. એની પછી પાદશાહ જમશેદના જમાનામાં પણ એ માઝ્દયસ્ની દીન ચાલુ હતી, કારણકે અવસ્તામાં[3] કહે છે કે જમશેદે બરપા કરેલા 'વર' માં વીશ્કરિપ્ટે માઝ્દયસ્ની દીન લોકોને સમજાવી હતી. એટલુંજ નહિ, પણ જે પ્રકારની સુધરેલી માઝ્દયસ્ની દીન પછવાડેથી પેગામ્બર જરથોસ્તે ઈરાનમાં જાએજ કરી હતી, તે પ્રકારની જરથોસ્તી માઝ્દયસ્ની દીન અહુરમજ્દે જમશેદને શિખાડી હતી;[4] એટલે કે એ પાદશાહ ઘણીક સુધરેલા પ્રકારની માઝ્દયસ્ની દીન પોતે પાલતો હતો. જે દીન તે પોતે પાલતો હતો તે દીન સઘળા મુલકોમાં ફેલાવવાની જમશેદને અહુરમજ્દ તરફથી

(૧) હા ૯, ફ. ૪.(૨) હા. ૯, ફ. ૨૬. (૩) વંદીદાદ ૫ર્ગર્દ ૨, ફ. ૪૨. (૪) વંદીદાદ ૫ર્ગર્દ ૨, ફ. ૨–૩.

બશારત થઇ, પણ તે તેમ કરી શકયો નહિ; એટલે કે પાછળથી જે સુધરેલી દીન પેગામ્બર જરથોસ્તે જાએજ કીધી અને જે જરથોસ્તી માઝ્દયસ્ની દીન તરીકે જણાઈ છે, તે દીન તે સઘળા મુલકોમાં ફેલાવવાને શકિતવાન થયો નહિ, પણ ફકત પોતાના નવા 'વર' યાને નવા વસાવેલા મુલકમાંજ વીશૂકરિષ્ટ મારફતે દાખલ કરી શકયો.

એ માઝ્દયસ્ની દીન, જે અવારનવાર થોડીક ચઢતી પડતી સાથે યા થોડાક ફેરફાર સાથે ખુદ પેગામ્બરના વખત સુધી ઇરાનમાં ઉતરી આવી હતી, તે, આગળ કહ્યું તેમ, પઓઇર્યોત્કએષી એટલે આગલા તરીકાવાળાઓની દીન તરીકે અવસ્તામાં જણાયલી છે.

## આગલી દીનનાં લખાણ

જ્યારે જરથોસ્તની આગમચની દીન માઝ્દયસ્ની દીન હતી, અને જ્યારે જમશેદ, પોતાના વખતમાં તો, જરથોસ્તે શિખવેલી દીન જેવી જરથોસ્તી માઝ્દયસ્ની દીન કેટલીક હદે શિખ્યો હતો, ત્યારે કુદરતી રીતે દિસે છે કે જરથોસ્તની આગમચ કાંઇક ધાર્મીક લખાણો હતાં. જમશેદની આગમચ થઇ ગયલા હોમ પેગામ્બરે કેટલાંક એવાં ધાર્મિક લખાણો લખેલાં હતાં. તે લખાણો ગાથા યાને કાવ્યમાં લખાયલાં હતાં.[1] પેગામ્બર જરથોસ્તના સવાલના જવાબમાં અહુરમઝ્દ કહે છે કે 'અહુનવર' યાને 'યથા અહૂ વઇર્યો'ની બંદગી તો જરથોસ્તની ઘણી આગમચની હતી. તે ખુદ પેદાયશની આગમચનો દાદારનો કોલ હતો.[2] 'અષેમ વોહૂ' અને 'યેંઘ્હે હાતામ'ની બંદગીઓ પણ પેગામ્બર જરથોસ્તની આગમચની હતી.

(૧) હા ૧૦, ફ. ૧૮. (૨) હા ૧૯, ફ. ૩–૪.

એઓને 'યથા અહૂ વઇર્યો'ના બંદગી, જે અવસ્તાને આધારે પુરાણી ઠરે છે, તેની સાથે એક પંક્તિ ઉપર મુકી ખુદ આસ્માનમાં તેમજ જમીનપર મશહુર કરવા લાયક ગણી છે.[1]

## આગલી પઓઇર્યોત્કએષી માઝ્દયસ્ની દીનનાં તત્વો

હવે એ આગલી પઓઇર્યોત્કએષી માઝ્દયસ્ની દીનમાં એવું શું શું હતું કે જે આપણે જરથોસ્તી માઝ્દયસ્ની દીનમાં પણ જોઇએ છિયે? નીચલી બાબતો આ આગલી દીનમાં આપણે જોઇએ છિયે અને તે આપણી જરથોસ્તી દીનમાં પણ જોઇએ છિયે; અથવા, વધારે બરાબર બોલ્યે તો, નીચલી આગલી બાબતો પેગામ્બર જરથોસ્તે પોતાની નવી દીનમાં કબુલ રાખી છે:—

(૧) આતશની સેતાયશ

(૨) કુસ્તી બાંધવાનો રેવાજ

(૩) હોમની ક્રિયા

(૪) બર્સમની ક્રિયા

એ ઉપલી ક્રિયાઓ અને રેવાજોની બાબતો ઉપર આપણે જરાક વિચાર કર્યે.

### (૧) આતશની સેતાયશ

એ સેતાયશ જરથોસ્તનો આગમચ પાદશાહ હોશંગે સ્થાપી હતી. તેની યાદમાં 'જશ્ને સદેહ' નામનું, ઇરાનનાં ત્રણ નામીચાં જશનોમાંનું એક જશન, દએ મહિનાના આવાં રોજે સ્થાપવામાં આવ્યું હતું.

---

(૧) હા ૬૧, ફ. ૧.

એ બાબે ફિરદોસી નીચે પ્રમાણે કહે છે:—

"આપણા વડવાઓનો એક રિવાજ અને તરીકો હતો અને ખુદાતાલાની પરસ્તેશ ફેલાયલી હતી. જેમ આરબોમાં પથ્થરનો મેહેરાબ હોય છે (કે જે તરફ તેઓ નિમાજ વખતે મ્હો કરે છે) તેમ તે વખતે શોભિતા રંગનો આતશ હતો. પથ્થરમાં સમાયલો આતશ તેનાથી (હોશંગથી) જાહેરમાં આવ્યો. ........................ જેહાનદાર પાદશાહે દુનિયાને પેદા કરનાર સાહેબ આગળ નીઆએશ કીધી અને સેપાસ ગુજારી કીધી કે તેને આવી રોશની હદિયા તરીકે આપી. પછી પેલા આતશને તે જગ્યાએ કેબલો બનાવી પરથ્યો. તેણે કહ્યું, 'આએ ખુદાઇ રોશની છે. અગરજો તમો ડાહ્યા હોવો તો એની પરસ્તેશ કરવી જોઇએ.' જ્યારે રાત પડી ત્યારે આતશને એક પહાડ જેવો બુલંદ રોશન કીધો અને પાદશાહે પોતાનાં માણુસો સાથે તેની આસપાસ તે રાત્રે જશન કર્યું અને શરાબ પીધો, અને તે મુબારક જશનનું નામ 'સદેહ' કરી આપ્યું. હોશંગથી એ સદેહનું જશન યાદગાર રહી ગયું છે."[1]

આતશની સેતાયશ ઈરાનની પઓઇર્યોતકએષી માઝ્દ-યસ્ની દીનનો એક ભાગ હતો, તેથી હોશંગ પછી પાદશાહ જમશેદને માટે આપણે વાંચ્યે છિયે કે તેણે એક આતશકદેહ બાંધી આદર ફ્રોબા નામનો એક આતશ તેમાં તખ્તનશીન કર્યો હતો.[2] ખારજમના મુલકમાં 'ગદમન ઓમંદ કોહ' નામના પહાડ ઉપર તેણે એ આતશકદેહ બાંધ્યું હતું.[3] ગુસ્તાસ્પ પાદશાહના વખતમાં ખૂારજમના

---

(૧) એરવદ જીવનજી જમસેદજી મોદીનું "શાહનામું, મિનોચેહેરનાં રાજ્ય સુધી", પા. ૨૦–૨૧. (૨) બુનદેહેશ, બાબ ૧૭, ફ. ૫.

મુલકમાંથી આ પવિત્ર આતશને લઇ જઇને કાબુલના મુલકમાં 'રોશન કુહ' નામના પહાડ ઉપર તખ્તનશીન કર્યો હતો.

પાદશાહ કએખુસ્રુના વખતમાં પણ આતશની સેતાયશ ચાલુ હતી. એ પાદશાહે આદરગુશસ્પ નામના આતશને ચએચસ્ત (હાલના ઉરૂમીઆ) સરોવરના મુલકમાં અસ્નવંદ (હાલના Ushenai અથવા Oshnah) પહાડ ઉપર તખ્તનશીન કર્યો હતો.[1] બુનદેહેશમાં એ આતશ માટે નીચે પ્રમાણે વર્ણન છેઃ—

"જ્યારે કએખુસ્રુએ ચએચસ્ત સરોવરની મૂર્તિઓનાં મકાનો ખોડી કહાડયાં ત્યારે (તેના) ઘોડાની યાલ ઉપર તે બેઠો અને સીહા અંધકારને મારી દૂર કીધો અને (સઘળું) રોશન કીધું અને તે (રોશનીની મદદ) થી મૂર્તિઓનાં મકાનો ખોડી કહાડયાં. તેજ જગ્યાએ અસ્નવંદ પહાડ ઉપર તેણે દાદગાહમાં આદરગુશસ્પને સ્થાપ્યો."

## ૨. કુસ્તી બાંધવાનો રેવાજ

કુસ્તી બાંધવાનો રેવાજ હોમ પેગામ્બરના વખતમાં, એટલે પાદશાહ જમશેદની આગમચ, દાખલ થયો હતો, કારણ કે અવસ્તા મુજબ, દાદાર અહુરમજ્દે માજ્દયસ્ની દીન પાળવાની અને કુસ્તી બાંધવાની બશારત હોમને કરી હતી.[2]

---

(૧) આતશની નીઆએશ; સીરોજા; બુનદેહેશ, બાબ ૧૭, ફ. ૭; જાદરપરમ, બાબ ૬, ફ. ૨૨. બહમન યસ્ત, બાબ ૩, ફ. ૧૦; શાહનામુ. એ આતશકદેહની તવારીખ માટે જુઓ "આદર ગુશસ્પ નામનાં એક પુરાણાં ઇરાની આતશ કદેહની તવારીખ," એરવદ જી. જ. મોદીના ઇરાની વિષયો, ભાગ પહેલો, પા. ૧૨૫–૪૮. (૨) હા ૯, ફ. ૨૬.

કોઈક પુસ્તક પ્રમાણે જમશેદ પાદશાહ પહેલવહેલો કુસ્તી બાંધનાર પાદશાહ ગણાયો છે.[1] જમશેદ પછી શાહ મીનોચેહેરે કમરપર કુસ્તી બાંધવાનો ઇશારો આપણને શાહનામાં ઉપરથી મળે છે.[2] દાદેસ્તાને દીનીમાં પણ કહ્યું છે કે કુસ્તી બાંધવાનો રેવાજ પેગામ્બર જરથોસ્તની આગમચ હતો.[3]

## ૩. હોમની ક્રિયા

હોમની ક્રિયા, જે જરથોસ્તી માજદયસ્ની દીનમાં છે, તે તેની આગમચની પઓઇર્યોતકએષી દીનમાં જાએજ હતી. તે છેક જમશેદના જમાનાની પણ આગમચની હતી. તેના પુરાતણપણાં બાબે નીચલી સાબેતીઓ મલેછે.

(ક) પહેલું તો આ કે અવસ્તા પ્રમાણે જમશેદના બાપ વિવંઘહુવતે,[4] ફરેદુનના બાપ આથવ્યાને,[5] કેરેસાસ્પના બાપ થ્રીતએ[6] અને ખુદ જરથોસ્તના બાપ પોઉરૂશસ્પે[7] હોમની ક્રિયા કરી હતી.

---

(૧) સદદર, બાબ ૧૦, ૫. ૩; સદદરે બેહેરે તવીલ બાબ ૧૩.
"અવલ અજ જમશીદ કુસ્તી દાસ્તન આમદ પદીદ
અજ હમે પીશીનીગાનશ પાક યજદાન બર ગુજીદ."
અર્થ—કુસ્તી પેહેરવી જમશેદથી પેહલે જાહેર થઇ. આગલા સર્વે પઓઇર્યોતકએષીઓમાંથી પાક યજદાને એને પસંદ કર્યો.

(૨) શાહનામું, મોહોલ વાલમ ૧ પા. ૨૧૦, લીટી ૧૧૩૯.
"મીનોચેહર બેનેહાદ તાજે કયા
બે બસ્તશ બે જોન્નાર ખુનીન મ્યાન,"
અર્થ—મીનોચેહરે કયાની તાજ પેહેર્યું અને કીનાનાં વિચાર સાથે કમ્મરને કુસ્તીથી બાંધી.

(૩) દાદેસ્તાને દીની, બાબ ૩૯, ફ. ૧૯. (૪) હા ૯, ફ. ૪. (૫) હા ૯, ફ. ૭. (૬) હા ૯, ફ. ૧૦. (૭) હા ૯, ફ. ૧૩.

(ખ) વળી એ હોમની ક્રિયા પેગામ્બર જરથોસ્તની આગમચની પુરાણી હતી, તેની બીજી સાબેતી એજ ક્રિયામાં વપરાતાં કેટલાંક પવિત્ર આલાતો અને ચીજો ઉપરથી મળે છે. અસલી આર્યનોમાં ઈરાનીઓ અને વેદવાળા હિંદુઓ છુટા પડયા તેની આગમચના જમાનાઓના ચાર ભાગ થઇ શકેછેઃ-[1]

૧. અસલી જંગલી જમાનો, જ્યારે માણસ જાનવરોનો શેકાર કરી, તેઓનાં કાચાં માસના ખોરાકપર જીવતો હતો.

૨. ભરવાડી જમાનો (Pastoral age), જ્યારે માણસ ઉપલી જંગલી શેકારી હાલત મુકી થોડીક શાંત જીંદગીની હાલતમાં આવ્યો અને ગાય ઢોરો પાળી તેનાં દુધ દહી વિગેરે ઉપર જીવવા લાગો. એ જમાનો પણ જરા થોડીક રખડતી જીંદગીનો હતો, કારણકે ઘાસચારા માટે ગાય ઢોરોને લઇને, એક જગ્યાએ ચારો ખલાસ થાય કે, બીજી જગ્યાએ જવું પડતું.

૩. ખેડુતી જમાનો (Agricultural age), જયારે માણસો ઠરીઠામ થઇ પાકાં ઘરો બાંધી રહેવા લાગ્યાં, અને ખોરાક માટે અનાજની ખેતી કરવા લાગ્યાં. વંદીદાદમાં[2] અહુરમજ્દ જમશેદ પાદશાહને એક હળ અને એક બીજુ હથ્યાર આપે છે, તે એ ખેતીનો હુન્નર અને બાંધકામને હુન્નર દાખલ થવાની નિશાની છે.

૪. પુરૂષાતન અથવા વીરલાપણાંનો જમાનો (chivalrous age), જ્યારે માણસો પોતાનાં કૌવતપર મુસ્તાક રહી તે કૌવતથી એકમેકને મદદ કરવા લાગ્યાં.

---

(૧) જુઓ Prof. M. M. Kunte's "Vicissitudes of Aryan Civilization in India" pp, 7-21 (૨) પર્ગર્દ ૨, ૪. ૭.

હવે હોમની ક્રિયામાં અને તેને મળતી હિંદુઓની સોમ-ની ક્રિયામાં, જીવામ ( બકરીનું દુધ ), ગોશોદો (ઘી) વિગેરે ગાય ગોસપંદોમાંથી ઉત્પન્ન થયલી જે ચીજો વપરાય છે તે ઉપલા બીજા યામે ભરવાડી જમાનાની નિશાની તરીકે માલૂમ પડે છે. તેમાં હોમનો પાલો છુંડવા માટે જે ખાંડણી (હાવનીમ) અને બતો (લાલો) વપરાય છે અને તેનો રસ ગાળવા માટે જે ચારણી રોફી રકાબી (સુરાખદાર તશ્તો) વપરાય છે તે ઉપલા ત્રિજા યાને ખેડુતી જમાનાની નિશાની છે. એ ચીજો ત્યારે દેખાડે છે કે હોમની ક્રિયા ઘણા પુરાણા જમાનાની છે. તે પેગામ્બર જરથોશ્તનો જમાનો, જે પુરૂષાતનનો જમાનો ગણાતો, તેની આગમચની ક્રિયા છે.

(ગ) એ હોમની ક્રિયા ઘણી પુરાણી છે, તેની ત્રીજી સા-બેતી આ ઉપરથી માલૂમ પડે છે, કે, તે બર્સમની ક્રિયાની સાથે સાથે કરવામાં આવે છે અને તેને માટે બર્સ-મની ક્રિયાની સાથે સાથે બોલવામાં આવે છે.[1] ત્યારે તે બર્સમની ક્રિયાના જેટલી પુરાણી હોવી જોઇએ.

હવે બર્સમની ક્રિયા ઘણી પુરાણી છે તે આપણે જોઇએ.

### બર્સમની ક્રિયા

એ ક્રિયાના પુરાતનપણાં બાબે નીચલી દલીલો મળે છે:-

(ક) યશ્તો પ્રમાણે હોશંગ, તેહમુરસ, જમશેદ, ફ્રેદુન, કેરેસાસ્પ, કએખુસ્રુ, વિગેરે અશો નરો એ યજદોની જે આરાધના કીધી છે, તે બર્સમની ક્રિયા સાથે કીધી છે.[2] ત્યારે દિસે છે કે એ ક્રિયા પેગામ્બર જરથોશ્તના જમાનાની ઘણી

(૧) 'હઓમ યો ગવ બરેસ્મન,' નીઆએશો, યશ્તો, વિગેરે.
(૨) રામ યશ્ત, ફ. ૭ થી ૪૦.

આગમચની, જમશેદના જમાનાની પણ આગમચની છે.

(ખ) એ ક્રિયાનાં પુરાતનપણાંની બીજી સાબેતી આ છે કે, એ ક્રિયામાં આપણે હાલ ધાતુના જે તાર વાપર્યે છિયે, તેને બદલે અસલમાં કોઇ ઝાડની ડાંખલીઓ વાપરવામાં આવતી. હવે અસલી રોમન ધર્મગુરૂઓ, જેઓને "ફ્લેમીન" કહેતા, અને જેઓ પણ જરથોસ્તી અથોરનાનોની માફક આતશનું રક્ષણ કરનારા ધર્મગુરૂઓ હતા, તેઓ પણ જ્યારે પવિત્ર આતશ આગળ જતા, ત્યારે એક જાતનાં ઝાડની ડાંખલીઓ હાથમાં રાખતા હતા.[1] વળી હિંદુઓમાં પણ બર્સમ વાપડવાના જેવી એક ક્રિયા છે. એ ઉપરથી દિસે છે કે જે વખતે અસલી આર્યનો -રોમનો, વેદવાળા હિંદુઓ, અને ઇરાનીઓના વડવાઓ-સાથે રહેતા હતા તે વખતની એ ક્રિયા પુરાણી હોવી જોઇએ.

## ઉપલાં ભલાં તત્વો સાથની માજદયસ્ની દીન પેગામ્બર જરથોશ્તે કબુલ રાખી

ત્યારે પેગામ્બર જરથોશ્તે અસલી માજ઼્દયસ્ની દીન, જેમાં (૧) આતશની સેતાયશ, (૨) કુસ્તી બાંધવાનો રેવાજ, (૩) હોમની ક્રિયા, (૪) બર્સમની ક્રિયા વિગેરે જાએજ હતાં, તે બહાલ રાખી હતી. અહુરમઝ્દે પોતે જરથોશ્તને આગલી માજ઼્દયસ્ની દીનની સ્તુતિ કરવાને ફરમાવ્યું હતું.[2] પેગામ્બર જરથોશ્તે એ દીન કબુલ રાખી હતી, તેથી આહરેમન તેને ફુસલાવે છે કે "ભલી માજ઼્દયસ્ની દીનને તું ધિક્કાર."[3] એજ સબબે, જયારે હાલમાં પણ આપણે કુસ્તી બાંધી

(૧) જુઓ બીશપ મ્યુરીનનુ પુસ્તક "Christ and Zoroaster"
(૨) "નિજુબયંડઉહ તુ જ઼રથુસ્ત્ર વ ડઉહીમ દએનામ માજ઼્દયસ્નીમ". વંદીદાદ પર્ગર્દ ૧૯, ફ. ૧૩. (૩) "અપ-સ્તવંડ્ઉહ વંડઉહીમ દએનામ માજ઼્દયસ્નીમ." વંદીદાદ, પર્ગર્દ ૧૯, ફ. ૬.

આપણુ પોતાને જરથોસ્તી તરીકે જાહેર કર્યે છિયે, ત્યારે પહેલે પોતાને માઝ્દયસ્નાન તરીકે જાહેર કર્યે છિએ અને પછી જરથોસ્તી માઝ્દયસ્નાન તરીકે જાહેર કર્યે છિયે.[1] પેગામ્બર જરથોસ્તે અસલી પંઓઇર્યોતકએષી માઝ્દયસ્ની દીન કબુલ રાખી, કારણકે તેમાં ઘણુંક સારૂં હતું. તે દીન પરતંત્રપણું, જાદુઈ, જુઠ્ઠાઈ, કરજ, વિગેરે ગુનાહભર્યાં કામોથી માણસને દૂર રાખવાનાં ફરમાન આપતી હતી. જેમ દક્ષિણ દિશા તરફથી ફુકતો તંદરોસ્તી આપનાર પવન હવાના ઘણાક નજીસાતને સાફ કરી નાખે છે, તેમ એ માઝ્દયસ્ની દીન ગુનાહોને સાફ કરી નાખતી.[2] વળી માઝ્દયસ્ની દીન અનાજની વાવણી વિગેરે માટે ખેતીની તારીફ કરી ખેતીનાં ફરમાન આપતી,[3] કે તેથી માણસો પુરતો ખોરાક ખાઈ તંદરોસ્ત રહે અને તંદરોસ્ત રહી ભલાઇનાં કામો કરે. જેમ એક હાથ ઉપર અનાજની વાવણી કરવી તે ગોયા માઝ્દયસ્ની દીનનો વધારો કરવા બરાબર ગણાતું, તેમ બીજા હાથ ઉપર, રાસ્તી તેજ માઝ્દયસ્ની દીન ગણાતી.[4] એટલે કે માઝ્દયસ્ની દીન જેમ તનને સુખી રાખવાને તેમ મનને સુખી અને ભલું રાખવાને ફરમાન આપતી. ત્યારે અલબતે કુદરતી રીતે પેગામ્બર જરથોસ્તે તે પુરાણી માઝ્દયસ્ની દીનનાં ઘટતાં વાજબી ફર્માનો પોતાની નવી દીનમાં બહાલ રાખ્યાં અને ખુદ તે દીનને વખાણી બહાલ રાખી.

---

(૧) "મજ્દયસ્નો અહિમ મજ્દયસ્નો જરથુસ્ત્રિશ." હા ૧૨, ફ. ૮, (૨)વંદીદાદ, પર્ગર્દ ૩, ફ. ૪૧-૪૨. (૩) વંદીદાદ, પર્ગર્દ ૩, ફ. ૩૦-૩૧ (૪) વીસ્પરદ, કરદો ૭, ફ. ૨,

# પ્રકરણ ત્રીજું.

## અશો જરથોશ્તનાં આવવા પછી એક ખુદાને માનનાંરી માઝ્દયસ્ની દીનનું કાયમ થવું

આગલી પઓર્યોત્કએષી માઝ્દયસ્ની દીન ઉપર કેટલાક સુધારા અને વધારાના અને વધઘટના ફેરફાર સાથે પેગામ્બર જરથોસ્તે જે દીન ફેલાવી તે આપણાં એકરારનામાં[1] મુજબ, આપણે આગળ જોયું તેમ, માઝ્દયસ્ની જરથોસ્તી દીન કહેવાઇ છે. પેગામ્બર જરથોસ્તે તે માટે અહુરમઝ્દને પુછતાં, અહુરમઝ્દ તેને અહુરમઝ્દી જરથોસ્તી દીન કહે છે.[2] એ ઉપરથી પેગામ્બર જરથોસ્ત પોતે દીન ફેલાવવા માટે બોલે છે, ત્યાં પોતાની દીનને અહુરમઝ્દી જરથોસ્તી કહે છે.[3] દીનનો એકરાર કરનાર જરથોસ્તી તેને "અહુરમઝ્દી જરથોસ્તી" કહે છે.[4]

તીર યજદ અને બહેરામ યજદની યાદમાં ઇંજાયલી પવિત્ર ચીજો કેટલાક ગુનાહગાર અને બુરા શખ્સોને ચાશ્ની કરવા આપવી નહિ, એમ અહુરમઝ્દ જ્યાં જ્યાં ફરમાવે

---

(૧) યજશ્ને હા. ૧૨, ક. ૮. (૨) "કથાઇ ક્રઇએસયો દએનાંમ યાંમ આહૂઇરીમ જરથુસ્ત્રીમ."

અર્થ—દીન, જે અહુરમઝ્દી જરથોસ્તી, તે તેં કોણને શિખવી? (વંદીદાદ, ફર્ગર્દ ૨ ક. ૧) (૩) "હક્ષ્ય અજેમ ચિતયો જરથુસ્ત્રો......... યા આહૂઇરિશ જરથુસ્ત્રિશ" હા. ૮ ક. ૭; હોશબામ; જમવાની મોટી બાજ. (૪) "યા હાઇતિનાંમ્ચા બૂઁયેઇન્તિનાંમ્ચા મઝિસ્તાચા વહિશ્તાચા સ્રએશ્તાચા, યા આહૂઇરિશ જરથુસ્ત્રિશ" હા ૧૨, ક. ૯.

છે, ત્યાં ત્યાં પેગામ્બર જરથોસ્તની દીનની સામે થનારાઓને પણ એ ચીજોની ચાસ્નીથી દુર રાખવા ફરમાવે છે. એમ ફરમાવતાં તે એ દીનને અહુરમજદી જરથોસ્તી કહે છે.[1] પાદશાહ કએ ગુસ્તાસ્પે જરથોસ્તી દીન અખત્યાર કરી તેને ટેકો આપ્યો હતો, તેથી તેનાં ફરોહરને યાદ કરતી વેળા તેને "અહુરમજદી જરથોસ્તી દીનની બાજુ અને ટેકો" ગણ્યો છે.[2] "અવસ્તાની તંદરોસ્તી" ને નામે જાણાયલું ભણતર, જે દરરોજ આફ્રીનગાનમાં ભણવામાં આવે છે, અને જે એક ઘરનું મુહુરત કરતી વખતે ભણવા માટે એક લાયક ભણતર છે, તેમાં ભણનાર તે ઘર માટે દુઆ ગુજારતાં એ દીનને 'અહુરમજદી જરથોસ્તી' દીન કહી, તે લાંબો વખત ત્યાં ચાલુ રહે એવી દુઆ ગુજારે છે.[3]

કેટલેક ઠેકાણે પેગામ્બર જરથોસ્તે લાવેલી જરથોસ્તી દીનને 'દાતેમ્ જરથુશ્ત્રીમ્' એટલે "જરથોસ્તી કાયદો" કહ્યો છે.[4] એક ઠેકાણે, જ્યાં માજદયસ્ની દીનને તેમજ જરથોસ્તી દીનને સચ્ચાઇને ટેકો આપનાર ગણી છે, ત્યાં પણ જર-

---

(૧) 'મા હે ગેઉર્વયોઇત્......પઇત્યારેનો ઇમાંમ્ દએનાંમ્ યાંમ આહૂઇરીમ જરથુસ્ત્રીમ,'

અર્થ—આ દીન, જે અહૂરમજદી જરથોસ્તી, તેની સામે થનારો તે (ઇંજાયલી ચીજો) ને પકડે (એટલે ચાસ્ની કરે) નહિ. (તીર યશ્ત, ક. ૫૯). જુઓ એજ યસ્ત ક. ૬૦; બેહેરામ યસ્ત, ક. ૫૧, ૫૨.

(૨) 'યો બાજુસ્ચ ઉપસ્તચ વીસત અઇંઘ્હાઓ દએનયાઓ યત આહુરોઇશ્ જરથુસ્ત્રોઇશ્' (ફર્વર્દીન યસ્ત, ક. ૯૯.)

અર્થ—જે (ગુસ્તાસ્પ) આ દીન, જે અહુરમજદી જરથોસ્તી, તેનો બાજુ અને ટેકો થઇ પડયો.

(૩) તાઓ અહ્મિ ન્માને જસ્યારેશ્ યાઓ......દરેગો-ફ્રતેમધ્વસ્ચ અંઘ્હાઓ દએનયાઓ યત્ આહુરોઇશ્ જરથુસ્ત્રોઇશ્ (યજસ્ને, હા ૬૦; ક. ૨. 'તાઓ અહ્મિ ન્માને' નો કરદો.)

અર્થ—આ ઘરમાં આ, કે જે......અહુરમજદી જરથોસ્તી દીનનો લાંબા વખત સુધીનો વધારો, તે પહોંચે.

(૪) હા ૨૫, ક. ૬; વંદીદાદ પર્ગર્દ ૫; ક. ૨૨-૨૫; પર્ગર્દ ૧૯, ક. ૧૬.

થોસ્તી દીન માટે 'દાતેમ્ જ઼ગ્થુશ્ત્રીમ્' તરીકે બોલવામાં આવે છે.[1] કોઇ ઠેકાણે એ દીનને માટે "માજ઼્દયસ્ની દીન, જે દેવની સામે અપાયલી અને જરથોસ્તી કાયદાવાળી" એમ બોલવામાં આવ્યું છે.[2] ઘણીકે વાર એક ભણનારે એ દીન માટેનો પોતાનો એકરાર જાહેર કરતાં કાંઈ શક સુબેહ નહિ રહે, તે માટે, વિગતે ઉપર જણાવેલાં બધાં નામોમાં સમાયલો વિચાર જણાવી, પોતાને "માજ઼્દયસ્નાન, જરથોસ્તી, દેવના તરીકાથી દૂર રહેનાર, અને અહુરમજ઼્દના તરીકા પ્રમાણે ચાલનાર" જણાવે છે.[3]

---

(૧) 'દએન માજ઼્દયસ્નિશ્ .....હઇથ્યદાતેમ્ અથ દાતેમ જ઼રથુસ્ત્રિ'

અર્થ—"ભલી માજ઼્દયસ્ની દીન...તેમજ જ઼રથોસ્તી કાયદો સચ્ચાઇ આપનાર છે." સરોશ હાદોખ્ત, કરદો ૧, ફ. ૩.

(૨) 'નિજ઼બયેમિ વંહ્‌ઉહીમ્ દએનાંમ્ માજ઼્દયસ્નીમ્ દાતેમ્ વીદોયુમ્ જ઼રથુસ્ત્રિ' (વંદીદાદ, પર્ગર્દ ૧૯, ૯. ૧૬)

અર્થ—ભલી માજ઼્દયસ્ની દીન, જે દેવની સામે અપાયલો જ઼રથોસ્તી કાયદો, તેની હમે વખાણ કર્યે છિયે.

(૩) 'ફ્રવરાને મજ઼્દયસ્નો જ઼રથુસ્ત્રિશ્ વીદએવો અહુરતકએષો' યજ઼શ્ને, હા ૧૨, ફ. ૧; ગેહો, નીઆએશો, યસ્તો, વિગેરે.

# પ્રકરણ ચોથું

## જરથોશ્તે પોતાની દીન મુખ્ય કરી દેવયસ્નીની વિરૂધ્ધમાં ફેલાવી.

આગળ જણાવવા મુજબ, "માજ્દયસ્ની જરથોશ્તી," "અહુરમજ્દી જરથોશ્તી," "જરથોશ્તનો કાયદો" (દાતેમ જરથુશ્ત્રીમ), "દેવની સામે અપાયલો જરથોશ્તનો કાયદો" (દાતેમ્ વીદોયુમ્ જરથુશ્ત્રીમ્), એવે જુદે જુદે નામે જણાયલી પેગામ્બર જરથોશ્તની દીન, આગલી "પોઇર્યોત્કએશો માજ્દયસ્ની દીન" ઉપર, કેટલીક બાબતોમાં સુધારા સમાન હતી.

જે મુખ્ય બાબતમાં જરથોશ્તની દીન આગલી દીન ઉપર સુધારા સમાન હતી, અથવા બીજા શબ્દોમાં બોલ્યેતો, આગલી દીન યા દીનોથી, જે મુખ્ય બાબતમાં તે જુદી પડતી હતી, તે આ હતી કે, તે દેવોથી જુદી (વીદએવો) હતી. નીચલા ત્રણ પ્રકારની ગવાહી ઉપરથી આપણે આ ખોલ્લુ જોઇએ છિએ.

૧ માંહેલી ગવાહી, એટલે ખુદ અવસ્તાનાં પોતાના લખાણ ઉપરથી.

૨ બાહેરની ગવાહી, એટલે બીજી પ્રજાઓના સાહિત્યમાં દેવને મલતા શબ્દોના ઉપયોગ ઉપરથી.

૩ વેદીક અને જરથોસ્તી ધર્મનાં સાહિત્યમાં 'દેવ' અને 'અહુર' શબ્દોના ઉપયોગની સરખામણી ઉપરથી.

## ૧ માંહેલી ગવાહી, એટલે ખુદ અવસ્તાનાં લખાણની ગવાહી.

એક જરથોશ્તી ભણનાર સંખ્યાબંધ જગ્યાએ 'ફ્રવરાને મઝ્દયસ્નો જરથુશ્ત્રીશ્ વીદએવો અહુર ત્કએષો'[1], ભણતાં, પોતાને દેવના તરીકાથી ઉલટો જણાવે છે. એવો એકરાર પેગામ્બર જરથોશ્તે પોતે પેહેલ વેહેલો કીધો હતો.[2] તે ઉપરથી તેની પછી તેની દીનવાળાઓ એ એકરાર કરવા લાગ્યા.[3]

હોમ યઝ્દ પોતે જરથોસ્તને એ રીતે દેવના તરીકાથી દૂર રહેનાર અને અહુરમઝ્દના તરીકા મુજબ ચાલનાર કહે છે.[4] પેગામ્બરના લાવેલા માથ્રના કલામો પોતે દેવના તરીકાની સામે થનાર[5] ગણાયા છે. પેગામ્બર જરથોશ્ત પોતે, પોતાની દીન બીજી દીનો કરતાં કેવાં પ્રમાણમાં સરસ

---

(૧) હા ૧, ફ. ૨૩; ગેહો, નીઆએશો, યશ્તો.

(૨) 'યો પઓઇર્યો આથ્રવ... ..ફ્રઓરેન્ત મઝ્દયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુર-ત્કએષો.' (ફ્રવર્દીન યશ્ત, ફ. ૮૯.)

અર્થ—જે (જરથોશ્ત) પેહેલવેહેલો અથોરનાન (હતો......જેણે) મઝ્દયસ્નાન તરીકે, (પોતે જાહેર કરેલા) જરથોશ્તી તરીકા પ્રમાણે ચાલનાર તરીકે, દેવથી જુદા તરીકાવાળા અને અહુરમઝ્દી તરીકાવાળા તરીકે એકરાર કીધો.

(૩) હા ૧૨, ફ. ૧; વીસ્પરદ, કર્દો ૫, ફ. ૩. (૪) હા ૯, ફ. ૧૩. (૫) ફ્રવર્દીન યશ્ત, ફ. ૧૪૬.

છે, તે બાબે અહુરમજ્દને પુછતાં, પોતાની દીનને, પોતાના કાયદાને, "દેવના તરીકાથી જુદો," જણાવે છે.[૧] દેવો માટે પેગામ્બર જરથોસ્તને એટલો ધિક્કાર હતો કે અવસ્તામાં અર્દવીસૂર નદીની સિફતમાં, તે નદી વટીકને અલંકારિક રીતે દેવોથી જુદી અને અહુરમજ્દના તરીકા પ્રમાણે ચાલનારી કહી છે [૨].

દેવોની સામેના આ ધિક્કારને લીધે અવસ્તાના એક આખાં પુસ્તકને "વંદીદાદ" (વી-દએવ-દાત) એટલે "દેવની વિરૂદ્ધ યાને દેવોને દફે કરવાને અપાયલો કાયદો," એવું નામ મળ્યું છે. વળી એવા "દેવથી જુદા કાયદા" ને ખાસ યાદ કરવામાં આવે છે[૩]. તેવા કાયદાઓને પસંદ કરનારાઓને પણ યાદ કરવામાં આવે છે.[૪]

આ મુજબ જાબજા જરથોસ્તી દીનને "દેવથી જુદી" (વીદોયુમ[૫]; જણાવી છે, એટલુંજ નહિ, પણ તેનાં માથ્રને, તેનાં એક ધર્મ પુસ્તકને, તેને માન્ય કરનારાઓને, અને તેમાં વર્ણવેલી એક નદી વટીકને "દેવથી જુદી" જણાવી છે.

(૧) વંદીદાદ, પર્ગર્દ ૫, ૪. ૨૨–૨૫.

(૨) 'યામ્ અરેદ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્......વીદએવાંમ્ અહુરે-ત્કએષાંમ્'. હા ૬૫, ૪. ૧; આવાં અર્દવીસૂરની નીઆએસ્, ૬. ૨; આવાં યસ્ત, ૪. ૧; ફર્વર્દીન યસ્ત, ૬. ૪.

(૩) 'નિવએધયેમિ હંકારયેમિ ...... વીદએવહે દાતહે જરથુસ્ત્રોઇશ.' હા ૧, ૬. ૧૩.

'દાતેમ્ વીદોયૂમ્ આયેસે યેશ્તિ'. હા ૨, ૬. ૧૩.

'દાતેમ વીદોયૂમ યજમઇદે, હા ૨૫, ૬. ૬.

(૪) 'હખય દાતહે વીદએવહે'. સરોશ હાદોખ્ત, ૬. ૧૭.

(૫) વંદીદાદ, પર્ગર્દ ૧૯, ૬. ૧૬; યજશ્ને હા ૨, ૬. ૧૩; હા ૨૫, ૬. ૬.

## દેવ એટલે શું !

ત્યારે દેવ એટલે શું, તે આપણે બરાબર સમજવું જોઇએ. આગલા પઓઇર્યો ત્કએષીઓના વખતમાં પણ દેવોને તો ધિક્કારવામાં આવતા હતા. આપણે જોયું કે ગયોમર્દ, હોશંગ, તેહમુરસ (દેવબંદ), હોમ, જમશેદ, ફરેદુન, કાઉસ, કએખુસ્રુ વિગેરેની, ભલા સોષ્યન્તો તરીકેની કીર્ત્તિ, એ દેવો સામે લડવામાં અને તેઓને મહાત કરવામાંજ સમાયલી હતી. તેઓ સઘળા દેવોને ધિક્કારતા હતા અને જે તરીકાએ દેવો ચાલતા હતા, તે તરીકાથી દૂર રહેતા હતા.

ત્યારે પેગામ્બર જરથોસ્તે તેઓથી વધુ શું કર્યું કે જેથી તેની દીનને ખાસ કરી દેવના તરીકાથી દૂર ગણવામાં આવી ? આ સવાલના જવાબ ઉપર જરથોશ્તી દીનની મોટાઇ રચાયલી છે. એ જવાબ આ છે કે, જયારે આગલા પઓઇર્યો ત્કએષીઓ, 'દેવો' સંબંધી બાબતના વિચારોમાં ફકત સપાટી ઉપરથી જોતા હતા, ત્યારે પેગામ્બર જરથોસ્તે સપાટીની નીચે ઉંડાણમાં જોવા માંડયું. બીજા સામાન્ય અને સાધારણ શબ્દોમાં બોલ્યે તો, આગલા પઓઇર્યો-ત્કએષીઓ ફકત દેવ તરીકે જણાયલા બુરા માણસો તરફ ધિકકારથી જોતા હતા. દાખલા તરીકે, ગયોમર્દનો બેટો સયાવક્ષ જે દેવો સામે લડતાં માર્યો ગયો હતો, તે દેવો મનુષ્યરૂપી દેવો હતા.[1] હોશંગે પોતાના જમાનાના જે દેવોના બે તૃત્યાંશ ભાગ ઉપર ફતેહ મેલવી હતી, તે મુખ્ય

(૧) શાહનામું.

ફરી ગેલાન અને માઝનંદરાનના મનુષ્યરૂપી દેવો હતા.[1] તેહમુરસે જે દેવો ઉપર ફતેહ મેળવી 'દેવબંદ'નો ખેતાબ મેળવ્યો હતો, તે દેવો પણ બુરા માણસો હતા. તેઓને તેણે શારીરિક હથ્યારથી જેર કીધા હતા[2]. જમશેદે જે દેવો ઉપર હુકુમત મેળવી હતી તે પણ મનુષ્યરૂપી દેવો હતા.[3] કએખુસ્રુએ જે દેવોને નાબુદ કીધા હતા, તેઓમાંનો મોટો ભાગ બુતપરસ્ત લોકો ગણાતા હતા. મનુષ્યરૂપ નહિ ધરાવતા દુર્ગુણો પણ દેવ ગણાતા. પણ બદીનાં મૂળ બાબે વાસ્તવિક વિચારો નહિ ફેલાયલા હોવાને લીધે તે વિચાર થોડીજ હદે પુગ્યો હતો.

## જરથોશ્તની શિખવણી પ્રમાણે દેવ શબ્દ બહોળે અર્થે

પણ હવે પેગામ્બર જરથોશ્તે દેવ તરીકે ફક્ત માણસો ઉપરજ નહિ પણ ઘણાક પૃથ્થક (abstract) વિચારો ઉપર, ઘણાક દુર્ગુણો ઉપર, ઘણીક અસ્વચ્છતા ઉપર જોવા માંડ્યું. તેણે ધાર્યું કે, જ્યાં સુધી ભિત્તરથી એક ચીજ સાફ થાય નહિ ત્યાં સુધી, ઉપર ઉપરથી તેને સાફ કરવામાં ફાયદો નહિ. બદી નામે શું છે, તે દુનિયામાં કેમ જાહેર થઈ, તેનો દોર કેવા પ્રકારનો છે, તે વિગેરેનો પુરતો ખુલાસો થાય નહિ, અને માણસજાત તે બરાબર સમજે નહિ, ત્યાં સુધી બદી કરનારાઓનો નાશ કરવામાં કાંઇ વલ્યું નહિ. વધુ ખુલ્લી રીતે બોલ્યે તો, તેણે ધાર્યું કે, પેલી કહેવત કે "ઉપાય કરતાં અટકાવ ભલો" (Prevention

---

(૧) આવાં યશ્ત, ક. ૨૨; રામ યશ્ત, ક. ૮; જમ્યાદ યશ્ત, ક. ૨૬; દાદેસ્તાને દીની, બાબ ૬૫, ક. ૫; મીનોખેરદ, બાબ ૨૭, ક. ૧૯-૨૦.

(૨) શાહનામું; આફ્રીને સ્પીતામાન જરથોશ્ત, ક. ૨; રામ યશ્ત, ક. ૧૨; જમ્યાદ યશ્ત, ક. ૨૮.

(૩) આવાં યશ્ત, ક. ૨૫-૨૭

is better than cure), તે પ્રમાણે પેહેલે બદીનો અટકાવ કરવો ભલો છે. બદી ફેલાય અને પછી તેને ટાળવા માટે, તેનો ઉપાય કરવા માટે, તે બદી કરનારાઓ સામે ચાલુ જંગ અને લડાઇ કરવા કરતાં, બદી શું છે, તે ખરે ખરી રીતે સમજાવી, બદીમાં લોકો પડેજ નહિ તેમ કરવું જોઇએ.

હવે એ કામ તેણે કેમ કીધું, તે સમજવા આગમચ તેના જમાનાની અને તેની આગમચના જમાનાઓની સંસારી હાલત ઉપર જરા નજર કરવાની જરૂર છે.

## જરથોશ્તની આગમચ આર્યન પ્રજાની હાલત

જેમ હાલના જમાનામાં તેમજ આગલા જમાનામાં જ્યારે એક મોટી પ્રજા અથવા એક મોટો ટોળો પોતાની હાલત ફેરવે છે, ત્યારે તે પ્રજા અથવા ટોળો તે હાલત એકદમ ફેરવતાં નથી, પણ આસ્તે આસ્તે ફેરવે છે. તેઓમાં બે વર્ગો હમેશાં થતાજ જાય છે. એક જુના વિચારનો અને બીજો નવા વિચારનો. એ જુના અને નવા વિચાર વચ્ચે ઝગડો થાય છે અને તે ચાલુ રહે છે.

હવે ઇરાનની તવારીખ પ્રમાણે કયોમર્સ, સયાવક્ષ અને હોશંગને જે દેવો સામે લડાઈ કરવી પડી હતી, તે દેવો કોઇ નહિ પણ તે આગળ વર્ણવેલા[1] જમાનાઓમાંના પેહેલા જમાનાના, જંગલી, શેકારી—ભટકતી જીંદગીવાળા માણુસો હતા. જંગલી, શેકારી, ભટકતી જીંદગી મેલી દઇ, જેઓ ભરવાડી હાલતમાં આવતા ગયા, તેઓની,—તે નવા વિચારવાળાઓની—હાલત, જુના વિચારવાળા, પેલા જંગલી,

---

(૧) જુઓ આગલ પાનું ૧૯.

શેકારી, ભટકતા ટોળાને ગમી નહિ. એઓની જીંદગીની હાલતમાં ફેરફાર થવાથી તેઓના વિચાર, લાગણી અને ગુણોમાં પણ કુદરતી રીતે ફેરફાર થવા લાગ્યા.

બીજા તબકાવાળાઓ આગલી તદન ભટકતી જીંદગી મેથી અર્ધી ભટકતી જીંદગીની હાલતમાં આવ્યા. તેઓ ગાય ઢોરને પાળવા લાગ્યા, તેઓની માવજત કરવા લાગ્યા, તેઓને ચરાવા લઇ જવા લાગ્યા અને જંગલી જાનવરોથી તેઓની સંભાળ કરવા લાગ્યા. એમ કરતાં દયા, માયા, અરસપરસની મદદ, એવા સારા સદગુણો, પેહેલ વેહેલા તબકાવાળા જંગલી હાલતવાળા માણસો કરતાં તેઓમાં વધારે દાખલ થયા. એ પ્રમાણે હાલત બદલાયાથી તેઓના ગુણો બદલાયા.

ઉપલી બીજા તબકાવાળી હાલત, જોકે પેહેલા તબકાવાળી હાલત કરતાં સારી હતી, તોપણ તે હજી અર્ધી ભટકતી હાલત હતી જ્યાં ઘાસચારો ખલાસ થાય ત્યાંથી પોતાનાં ગાયં ગોસ્પંદોને ચરાવવા તેઓને બીજી જગ્યાએ જવું પડતું. એમ તેઓ એક જગ્યાથી બીજી જગ્યાએ ભટકતા હતા. તેથી હવે ત્રીજા તબકાની હાલત શરૂ થઈ. ખેડુતી (agricultural) જમાનો શરૂ થયો. લોકો એકજ જગ્યાએ ઠરીઠામ રહી પોતાનાં જાથુકનાં મકાનો બાંધી, તેમાં રહી જમીનની ખેતી કરવા લાગ્યા. ત્યારે એ ખેડુતી લોકો અને અર્ધા રખડતા ભરવાડી લોકો વચ્ચે, આચાર વિચાર અને સદગુણોમાં ફરક હોવાને લીધે, અવાર-નવાર ઝગડો ચાલતો હતો. ઇરાનના આગલા પાદશાહોને એ પ્રમાણે જે દેવો સાથે લડવું પડતું હતું, તે આવા પ્રકારના રખડતા માણસો હતા.

હવે પેગામ્બર જરથોસ્તનો જમાનો, ખેડુતી જમાના પછીનો એક વધારે ઉંચા તબક્કાનો જમાનો હતો. તેણે ખેતીનાં જાગજા ફરમાનો આપ્યાં છે. ખેડુતી જમાનાની શાંત અને ભલી જીંદગી સાથે હવે તેના જમાનામાં માણસજાતની હાલત વધારે સુધરતી ગઇ. તે એક પ્રકારે પુરૂષાતનપણાંનો (chivalry) નો જમાનો થયો. લોકો ઠરીઠામ થઈ ગામ અને શેહેરોમાં વધારે રહેવા લાગ્યાં.

## દએવયસ્નની સામે પેગામ્બર જરથોશ્તની કોશેશ

તેની આગલના જમાનામાં લોકોને, ભરવાડો યા ખેડુતો તરીકે, પોતાની જીંદગી ઘર બાહાર વધુ ગુજારવી. પડતી હતી. તેઓ દાદારને તેની કુદરતમાં વધારે જોતાં હતાં. તેઓ કુદરતમાં બધે અહુરમજદનો હાથ જોતાં હતાં. એમ જોતાં જોતાં તેઓના વિચારો તે કુદરતના દરેક પદાર્થમાં કોઇ જુદો જુદો ખુદા જોવાના ખ્યાલ ઉપર ઉતર્યાં. એક ખુદાને તેની કુલ કુદરતમાં વ્યાપી રહેલો જોવાને બદલે કેટલાકો તે કુદરતના જુદા જુદા પદાર્થોમાં જુદા જુદા ખુદાને જોવા લાગ્યા.

ખુદા માટે એ અસલી આર્યન ટોળાના, સર્વ તાયફાઓમાં 'દએવ' શબ્દ હતો, જેનો અર્થ 'દિવ' એટલે પ્રકાશવું, ધાતુ ઉપરથી "ચળકતો, રોશન, પ્રકાશિત" થતો હતો તેઓ ખોર્શેદ, ચંદ્ર, સેતારાઓ, અને આતશ જેવા ચળકતા પદાર્થોમાં ખુદાને, પોતાને જાહેર (manifest) કરતો જોતા હતા. એ ઉપરથી એ 'દેવ' નામ શરૂઆતમાં બંધ બેસતું હતું. પણ કોઇક પ્રકારનાં અજ્ઞાનપણાંથી તેઓ જુદા જુદા કુદરતી પદાર્થોમાં જુદા જુદા ખુદા ધારવા

લાગ્યા અને તે મુજબ એકથી વધુ દેવો યા ખુદાઓની હસ્તી માનવા લાગ્યા. આખી કુદરતમાં એક ખુદા વ્યાપી રહેલો છે, એમ માનવાને બદલે, તેઓ તે કુદરતના જુદા જુદા ભાગોમાં એકથી વધુ જુદા જુદા ખુદાની, જુદા જુદા દેવોની હસ્તી માનવા લાગ્યા. એ વળણને અટકાવવા આગલા ઇરાની સોષ્યન્તોએ અવારનવાર કોશેશ કરીને ખરી માજદયસ્ની દીન સ્થાપવાની કોશેશ કીધી હતી પણ તે ચાલુ ફતેહમંદ રહી હતી નહિ.

એવે વખતે પેગામ્બર જરથોસ્તનું જન્મનું થયું, જેથી કુલ કુદરત ખુશી થઇ. તેવણે અનેક દેવો સામે પોતાનો મજબુત આવાજ સંભળાતો કર્યો અને પોતાની દીનને દેવયસ્ની સામેની ખરી માજદયસ્ની દીન તરીકે જાહેર કરી. 'દેવ' શબ્દ, જે અસલમાં ચહડતો અર્થ ધરાવતો હતો, તેને, તેવણની આગમચના લોકોએ કુદરતના જુદા જુદા પદાર્થોમાં ઘણાક દેવો માની, ઉતારી પાડયો હતો. તેથી તેવણે તે શબ્દને, એક ખુદા માટે, પોતાના ધર્મમાંથી દૂર કરી તેને એકદમ ખરાબ અર્થ આપ્યો અને એક ખુદાનાં મતવાળી માજદયસ્ની દીનના વિચારોની સામેના વિચારો વાળી અનેક ખુદાનાં મતવાળી દીનને તેવણે 'દેવયસ્ની' નામ આપ્યું અને તે દીનને ધિક્કારી કહાડી. અનેક દેવ-મત બંધાવાથી લોકો ખોટે માર્ગે ઉતરી પડવા લાગ્યાં હતાં. તેઓ સારૂં માઠું એકથી વધુ જુદા જુદા દેવતાઓની મરજી સાથે જોડવા લાગ્યાં હતાં. કાંઈ માઠું થતું તો તે કોઇ ચોકસ દેવતાની ઇતરાજીથી થતું, એમ ગણી તેને રાજી રાખવાનો વિચાર યા ક્રિયા તેઓ કરતાં હતાં. એ સઘળું તેઓને ખોટા માર્ગ ઉપર લઇ જતું હતું. તે મુશકેલી દૂર કરવા પેગામ્બર જરથોસ્તે દેવ શબ્દને ખરાબ રૂપ આપ્યું.

# દેવયસ્‌ની સામેની પેગામ્બરની કોશેશમાં ફીલસુફીનો અંશ

પેગામ્બર જરથોસ્તે એ માટે જે બીજું મોટું કામ કર્યું, કે જેથી જરથોસ્તી માજ્દયસ્‌ની દીન આગલી પએઓઇર્યોતકએષી મજ્દયસ્‌ની દીન ઉપર સરસાઇ ભોગવે છે, તે આ કે, તેવણે એક ખુદા અને તેની કુદરત, અને નેકી બદી માટે એક શુધ્ધ ફીલસુફી ભર્યો ખુલાસો રજુ કીધો, જે તે પુરાણા જમાનામાં પેહેલો હતો અને જે તરફ આજે જમાના પસાર થવા બાદ પણ, વિદ્વાનો માન સહીત જોય છે.

તેવણે નીચે મુજબ જાહેર કર્યું:-

અહુરમજ્દ સર્વે ચીજોનો પેદા કરનાર છે. તે પેદા કરનાર છે, એટલુંજ નહિ, પણ અંત લાવનાર પણ છે. તે જેમ સર્વ ચીજો પેદા કરે છે અને તેઓની વૃદ્ધિ કરે છે, તેમ તેઓનો ઘટાડો કરે છે અને અંત લાવે છે. જરથોસ્તી ધર્મ પ્રમાણે હસ્તી આપનાર તે છે તેમ નીસ્તી લાવનાર પણ તેજ છે. જો જરથોસ્તની વિચારશીલ ફીલસુફીએ અહુરમજ્દને એક પેદા કરનાર તરીકેજ ચિતાર્યો હતે, અને સેવટ લાવનાર અથવા નાશ કરનાર તરીકે નહિ ચિતાર્યો હતે, તો અહુરમજ્દનું ચિત્ર સંપુર્ણ ન થતે. જો, અહુરમજ્દમાં પેદા કરવાની શકિત હોય, અને પેદા કર્યા પછી જો તેની પેદાયશ ઉપર તેનો કાબુ ન હોય, તો અહુરમજ્દનું સર્વશકિતવાન સાહેબ તરીકેનું ચિત્ર અધુરૂં ગણાય. પણ એમ નથી. જરથોસ્તે, જેમ અહુરમજ્દને પેદા કરનાર તેમ અંત લાવનાર, જેમ શરૂ કરનાર તેમ છેડો લાવનાર ગણ્યો છે. હવે અહુરમજ્દ આ એક-

મેકથી ઉલટું જે કામ કરે છે, તે આપણા પેગામ્બરની વિચારશીલ ફીલસુફી પ્રમાણે, પોતાની બે શકિતઓ મારફતે કરે છે, જે બન્ને શક્તિઓ મીનો યાને ગેબી એટલે અણદીઠ છે. એ બે શકિતઓનાં નામ 'સ્પેન્તમઇન્યુ' અને 'અંગ્રમઇન્યુ' છે. પહેલીનું કામ રૂપ આપવાનું છે, બીજીનું કામ અંત લાવવાનું છે. પહેલીનું કામ વૃદ્ધિ કરવાનું છે, બીજીનું કામ ઘટાડો કરવાનું છે. એ બે શક્તિઓનાં નામોના ધાતુજ તેઓનાં કામો દેખાડે છે. 'સ્પેન્ત' શબ્દનો અર્થ ધાતુ 'સ્પન'='શ્વિ' "વધારો કરવો," ઉપરથી "વધારો કરનાર, આબાદી કરનાર" થાય છે. 'અંગ્ર' શબ્દનો અર્થ ધાતુ 'અંગ', "સંકોચવું, કોતાહ કરવું," ઉપરથી "ઘટાડો કરનાર" થાય છે. આ મુજબ પેગામ્બર જરથોસ્તે એક ખુદાને માનનારી દીન શિખાડી. ઉપર જણાવેલાં બે શકિતીઓનાં મતને લીધે કોઈક, વગર સમજવે ભુલથી, એ દીનને દ્વિમત (dualism) નું આળ લગાડે છે.[1] ડા૦ હાઉગ, ડા૦ ઉવેસ્ટ અને બીજા વીદ્વાનો આ આળ વાજબી રીતે ખોટું પાડે છે.

આ તપાસ ત્યારે દેખાડે છે કે જરથોસ્તી માજ્દયસ્ની દીન આગલી પઓઇર્યો તકએષી માજ્દયસ્ની દીન ઉપર મુખ્ય કરી આ બાબતમાં સુધારા સમાન હતી કે જરથોશ્તની આગમચના વખતના સોષ્યન્તોએ દેવયસ્ની ધર્મ સામે જે અવારનવાર કોશેશો કરેલી તે કોશેશ જરથોસ્તે ઘણી ફતેહમંદ રીતે કીધી.

---

(૧) આ પુસ્તકમાળાની ધર્મ મતની બાબતોના પુસ્તકમાં એ બાબે વધુ વિગતે બોલવામાં આવશે.

ત્યારે ખુદ અવસ્તા ઉપરથી આપણે આ અનુમાન ઉપર આવ્યા છિએ, કે જરથોશ્તની આગમચની દીન, જે તે-સામેની કૈ ૯ક કોશેશો છતાં, એકથી વધુ દેવનાં મત તરફ, અનેક દેવમત તરફ, ઢળી હતી, તેથી જરથોસ્તી દીન જુદી પડી. પેગામ્બર જરથોસ્તે જયારે જોયું કે, માણસો, તે દાદારની બુલંદ પેદાયશો ઉપર અને કેટલાક માણસાઈ સદગુણો ઉપર મવકુલ થયલી મીનોઇ શકિતઓને, તે સર્વ ઉપરના સર્વોપરી ખુદાને થોડોક ભુલી જઇ, ખુદ ખુદાઇ હાલતે પોંહોચાડવા લાગ્યાં અને ખુદા સાથે એક પંકિતની ગણવા લાગ્યાં, ત્યારે તેવણે તે શકિતઓ, જે "દેવ"ના—પેહેલાં બરહક ગણાતાં,—નામથી ઓલખાતી હતી, તેઓને તેની ખરી પંકિતએ મુકવા કાજે, પોતાની દીનને 'દેવથી જુદી (વીદએવો)' જણાવી. એ માટે અવસ્તામાં જાબજા મળતા ફકરા આપણે જોયા છે. ત્યારે ખુદ અવસ્તાનું સાહિત્ય, જેને પેહેલવી ફારસી પુસ્તકોથી પણ ટેકો મળે છે, તે મુજબ, પેગામ્બર જરથોસ્તની દીન આગલી દીનોથી આ બાબતમાં જુદી હતી કે, તે અનેક દેવોને ખુદા તરીકે માનવાને બદલે, એકજ ખુદાને માનવાને અને દએવયસ્નીથી વેગલા રહેવાને શિખવતી હતી.

## (૨) બહારની ગવાહી—બીજી પ્રજાઓના સાહિત્યમાં દેવને મલતા શબ્દોનો ઉપયોગ

ખુદ ઇરાનનાં અવસ્તા સાહિત્ય ઉપરાંત બીજી પ્રજાઓનું સાહિત્ય પણ એજ અનુમાન સાબેત કરે છે. આપણે ઉપર કહ્યું તેમ, અવસ્તામાં બુરી મીનોઈ શકિતઓને 'દેવ'ના નામથી ઓલખી છે. બીજી આર્યન પ્રજાઓનાં સાહિત્યમાં

તેમ નહિ હતું. હિંદુસ્તાનના હિંદુઓમાં 'દેવ' શબ્દ સારી મીનોઇ શકિતઓને માટે વપરાય છે. એટલુંજ નહિ પણ અસલી યુનાનીઓ, રોમનો, વિગેરે તાયફાવાળાઓ, જેઓ અસલી આર્યન ટોળાના હતા, તે સઘળાઓમાં સારી મીનોઈ શક્તિને માટે 'દેવ' ને મળતા શબ્દો, જેવા કે Zeus, Deos, Deus, Teus, Diewas વિગેરે મળે છે. પેગામ્બર જરથોશ્તે જોયું કે, 'દેવ' શબ્દ, જે અલબતે પેહેલે ઘણે સારે અર્થે સઘળી આર્યન ભાષાઓમાં, તેના ધાતુના અર્થ પ્રમાણે, વપરાતો હતો, તે શબ્દ એક ખુદાને માટે વપરાવાને બદલે તેની મીનોઇ શકિતઓને માટે પણ વપરાવા લાગ્યો અને તે શકિતઓ બાબે માણસ જાતના વિચારો ફેરવાઇને હલકી પંકિત ઉપર ઉતર્યાં, ત્યારે તેવણે તે શબ્દને પોતાના અવસ્તામાંથી સારે અર્થે વપરાતો દૂર કર્યો, અને જેઓ 'દેવ'નાં નામ હેઠે એકથી વધુ ખુદાને સર્વોપરી માનતા, તેઓને ધિક્કારી કહાડી પોતાની દીનને દેવયસ્ની વિરૂદ્ધ જણાવી.

## (૩) ત્રીજી ગવાહી—વેદીક અને જરથોશ્તી સાહિત્યમાં 'દેવ' અન 'અહુર' શબ્દનો ઉપયોગ

ખુદા માટે વેદીક ધર્મનાં પુસ્તકોમાં 'દેવ' શબ્દછે અને અવસ્તામાં 'અહુર' શબ્દ છે. એ બેઉ જે રીતે વપરાય છે, તે રીત આ બાબત વધારે ખુલ્લી દેખાડે છે. રીગવેદનાં પુરાણા ભાગોમાં "અસુર" શબ્દ, જે અવસ્તાનાં "અહુર"ને મલતો સંસ્કૃત શબ્દ છે, તે "ખુદા" અથવા ભલા દેવતાઓને સારે અર્થે વપરાયલો છે. પણ રીગવેદનાં પછવાડેના લખાયલા ભાગમાં તે "બુરી મીનોઇ શક્તિઓ" માટે ખરાબ અર્થે

વપરાયલો છે. જ્યારે પેગામ્બર જરથોસ્તે "દેવો"ને નામે જણાયલી બીનોઇ શકતિઓને બુરી ગણી ધિક્કારી કહાડી, ત્યારે પાછળથી વેદવાળાઓએ તેજ મુજબ "અહુર" નામને તેની પવિત્ર બુલંદી ઉપરથી ઉતારી ધિક્કારી કહાડયું. એ દેખાડે છે કે આર્યન ટોળાના ઇરાની અને હિંદી, એ બે તાયફાવાળાઓ વચ્ચે કોઇ ધાર્મિક બાબતમાં મતફેર પડયો હતો. પેગામ્બર જરથોસ્તે એકથી વધુ ખોદાને માટે "દેવ" શબ્દ હિંદી આર્યનોમાં વપરાતો જોઇ તે શબ્દને રદ કર્યો અને એમ એકથી વધુને સર્વોપરી દેવ ગણવાના ધર્મને ધિક્કારી કહાડયો અને પોતાની દીનને દેવયસ્ની વિરૂદ્ધ જાહેર કરી.

## જરથોશતી દીન અને આગલી દીન વચ્ચેના ફરક બાબે દસતુર જાદસ્પરમનું પેહેલવી લખાણ

થોડુંક થયું રોશનીમાં આવેલું જાદસ્પરમનું[1] પેગામ્બર જરથોસ્ત બાબેનું લખાણ આપણને એજ અનુમાન ઉપર લાવે છે. કહે છે કે એક વખત દએવયસ્નાનોની એક મિજલસ મલી હતી, ત્યાં પેગામ્બર જરથોસ્ત ગયા હતા. ત્યાં તેવણે એક સવાલ પુછયો કે "રવાનને માટે સૌથી ભલું શું છે"? તેવણને કહેવામાં આવ્યું કે નીચલી ચીજો રવાનના ભલાં માટે છેઃ—

૧ ગરીબોને મદદ કરવી.

૨ ગાય ગોસ્પંદોને ઘાસ ચારો આપવો.

૩ આતશને બળતણું પુરું પાડવું.

---

(૧) જાદસ્પરમ બાબ ૨૦, ફ, ૧૪ ૧૬; S. B. E., XLVII. પા. ૫૧૪

૪ પાણીમાં હોમનો રસ નામવો, યાને, હાલની આપણી ક્રિયાનાં શબ્દોમાં બોલ્યે તો, હોમની ક્રિયા કરી હોમનાં પાણીની જોર કુવામાં મેલવવી યા નામવી.

૫. દેવોની સેતાયશ કરવી.

કહે છે કે પેગામ્બરે દએવયસ્નાનોની દીનમાં ફર્માવેલી આ પેહેલી ચાર ચીજો પસંદ કીધી પણ છેલ્લી ચીજને ધિક્કારી કહાડી.

આ વર્ણન શું દેખાડે છે? તે આ દેખાડે છે કે, આગલી દીન પણ માણુસ-ભાઇબંધોને મદદ કરવાનાં અને વાચા વિનાનાં ગરીબ ગાય ગોસ્પંદોને મદદ કરવાનાં ફર્માન આપતી હતી. તે ઉપરાંત તે આતશની સેતાયશ અને હોમની ક્રિયા કરવાને ફરમાવતી હતી. પેહેલાં બે તત્વો જરથોસ્તે અલબતે નીતિ શાસ્ત્રનાં સાધારણ ફર્માનો તરીકે કબુલ રાખ્યાં. તે ઉપરાંત બીજાં બે તત્વો પણ તેવણે પોતાની દીનમાં ભલી ક્રિયાઓ તરીકે કબુલ રાખ્યાં. પણ પાંચમું દએવયસ્નીનું ફર્માન-ઘણાક દેવોને પૂજવાનું ફર્માન—ધિક્કારી કાહાડયું. ત્યારે જરથોસ્તી નવી દીન આગલી દીન યા દીનોથી આ બાબતમાં જુદી પડી કે તે દેવોથી વેગળી હતી, તે દએવયસ્નીની આડે આવતી હતી.

## આગલી દીનવાળાઓ સાથ ઝગડો

ત્યારે પેગામ્બર જરથોસ્તને પોતાની નવી દીનથી આગલી દીનવાળાઓ સાથ મતફેર પડયો તે બે રીતનો હતો.

૧. એક મતફેર તો આર્યન તાયફાના હિંદી ભાઇબંધો સાથે હતો.

આર્યન અથવા હિંદી-ઇરાનીઅન તાયફાવાળાઓ દસ્તી વધતાં પુર્વ-દક્ષિણ ભણી વધતા ગયા. તેઓમાંથી એક ભાગ હિંદુસ્તાનમાં ઉતર્યો. બેઉમાં પેહેલે કુદરત ઉપરથી કુદરતનાં ખાવિંદ ઉપર લઇ જતી સેતાયશ હતી. પણ પાછલથી તે સેતાયશમાં, હિંદી તાયફાવાળાઓએ, કુદરતના બુલંદ પદાર્થો ઉપરની મવકલ શક્તિઓને હદ બહાર સેતાયશ લાગુ પાડી. તેઓ તે શક્તિઓને ખુદ ઇશ્વરી દરજજે ચહડાવી ખુદા તરીકે ગણવા લાગ્યા, તેથી અનેક દેવમત દાખલ થયું.

બીજું, ખુદ ઇરાની ટોળામાં હવે બે ભાગ થયા. એક ભાગ, હાલ સુધીની અર્ધ-રખડતી ભરવાડી જીંદગી છોડીને ખેડુતી ઠરીઠામ જીંદગી અખત્યાર કરવા લાગ્યો. બીજો ભાગ તે અર્ધ-રખડતી ભરવાડી જીંદગી ચાલુ રાખવા લાગ્યો. ત્યારે બે વચ્ચે પણ મિનાકેશો જાગ્યો, અને એ ખેડુતી શાંત જીંદગીની સામે થનારા તાયફાઓ પણ દેવ તરીકે બુરા ગણાઇ દુશ્મનો માફક ધિક્કારને પાત્ર થયા.

## પેગામ્બર જરથોશ્તે કુદરતની સેતાયશને આપેલી હદસરની હકદાર જગ્યા

પેગામ્બર જરથોશ્તે આગલા સામાન્ય ઇરાની અને આર્યન ધર્મમાં કુદરતની બુલંદ પેદાયશની જે સ્તુતિ અને સેતાયશ હતી તે તદ્દન કહાડી નાખી નહિ, પણ તેવણે, ડા. ગાઇગર કહે છે તેમ, તેને જે હદ બહાર બુલંદ ટોંચે લેઇ જઇ અનેક-દેવ-મત તરફ ધસડવાની અણી ઉપર લઇ જવામાં આવી હતી, તે હદની અંદર પાછી લાવી તેને ઘટતી હદમાં રાખી ઘટતીજ જગ્યા આપી. એટલુંજ નહિ,

પણ તેવણે તેને ચહડતું નીતિમાન રૂપ આપ્યું[1]. તેવણે અનેક જગ્યાએ, અહુરમજ્દ, અહુરમજ્દ અને અહુરમજ્દનેજ સર્વોપરી ગણી બીજી મવકલ શક્તિઓને પેદાયશ ગણી.

---

(1) It placed itself in a conscious opposition to the religion of nature which had been handed down from the old Aryan times, and was still cherished by the people; and whatever it took over from the nature-worship and retained in itself, was exalted into a far higher moral sphere and penetrate with its spirit; and thus the form acquired a new substance." (Dr. Geiger. "Zarathushtra in the Gathas and in the Greek and Roman Classics", translated from the German, by Dastur Darab P. Sanjana, p. 28.)

# પ્રકર્ણ પાંચમું.

---

## અશો જરથોશતની જીંદગી અને કારકિર્દીનું ટુંક વૃતાંત[1]

### પેગામ્બર જરથોશ્ત એક હૈયાત પુરૂષ હતો

કેટલાક મહાન પેગામ્બરો ઉપર હાલના જમાનાએ શક નાખ્યો છે કે તેઓ ખરેખર હૈયાત પુરૂષો નહિ હતા, પણ કોઇ કલ્પિત પુરૂષો હતા, જેઓને આગલા શાએર-ધર્મ ગુરૂઓએ ખરેખરા હૈયાત પુરૂષો તરીકે ઠસાવી દીધા છે. હિંદુસ્તાનમાં થઈ ગયલા બુધીસ્ત ધર્મના બુધ પેગામ્બર ઉપર એવો શક નખાયો છે. ખ્રિસ્તી ધર્મના સ્થાપક ક્રાઈસ્ટ

---

(૧) આ ભાગ માટે વાંચવા લાયક થોડાંક બીજાં પુસ્તકોઃ—

૧. શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાનું "જરથોસ્ત નામું."

૨. દસ્તુર પેશોતનજી બેરામજી સંજાણાનો "પેગામ્બર સાહેબ અશો જરથોસ્તનાં જન્મારાનો એહવાલ."

૩. ડા. સ્પીગલનાં "Eranische Alterthumskunde" Vol. I Bk II chap. II નું દસ્તુર દારાબ પેશોતન સંજાનાનો તરજુમો., "The Age of the Avesta and Zoroaster."

૪. મો. મેના (J. Menant) નો "Zoroaster. Essai sur la Philosophie Religieuse de la Perse."

૫. પ્રો. જેકસનનું "Zoroaster, the Prophet of Ancient Iran."

ઉપર પણ એવો શક નખાયો છે. એવો શક કોઇક તરફથી પેગામ્બર જરથોશ્ત માટે પણ નખાયો છે. પણ એ શક ખોટો છે. એવણ એક હૈયાત મહાન પુરૂષ થઇ ગયા છે. તેની સાબેતી નીચલી બે પ્રકારની ગવાહીથી મલે છે.

(૧) અંદરની ગવાહી (Internal evidence).

(૨) બહારની ગવાહી (External evidence).

(૧) અંદરની ગવાહીમાં આપણે કુલે અવસ્તાની ગવાહી ગણીશું. એ ગવાહીના પણ આપણે બે ભાગ કરીશું.

(ક) પેહેલી પંક્તિની ગવાહી, જેમાં પેગામ્બર જરથોસ્ત પોતે બોલે છે. ગાથા, જે એવણનાં પોતાનાં ચોક્કસ લખાંણ ગણાય છે, તેમાં એવણનું પોતાનું જે ચિત્ર મળે છે, તેને આપણે પેહેલા પ્રકારની અંદરની ગવાહી કહીશું. એક મહાન પુરૂષની તવારીખ અથવા તેની જીંદગીનું વૃત્તાંત લખનાર, હમેશાં તેના પોતાનાં લખાણને ઘણી અગત આપે છે, કારણકે

---

૬. એરવદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચાનું "A Brief Sketch of the Zoroastrian Religion and Customs."

૭. ડા. ગેલ્ડનરનો રેસાલો "Zoroaster." Encyclopædia Britannica, Vol 24.

૮. Zarathushtra in the Gathas and in the Classics, translated from the German of Drs. Geiger and Windischmann, by Dastur Darab P. Sanjana.

૯. એરવદ જીવનજી જમશેદજી મોદીની "અવસ્તાનાં વિશેષ નામોની ફરહંગ"માં "જરથુસ્ત્ર" શબ્દ.

૧૦. એજ લખનારનાં "જરથોસ્તી ધર્મ-સંબંધી ભાષણો અને વાએજો"ના ભાગ ૧લામાં "પેગામ્બર જરથોસ્તની જીંદગી ઉપરથી ઉપજતા થોડાક વિચારો" નો વિષય.

૧૧ ડા. વેસ્ટનો દીનકર્દનો તરજુમો, S. B. E., Vol XLVII.

તે લખાણની ગવાહી ચોક્કસ ગણાય છે અને તેમાં કોઇનું વધઘટ કીધેલું થોડું હોય છે.

(ખ) બીજી પંક્તિની ગવાહી, જે ગાથા ઉપરાંત અવસ્તાના બીજા ભાગોની ગવાહી છે. તેમાં પેગામ્બર જરથોસ્તના પોતાના મોહોડેના શબ્દોમાંથી એવણનું ચિત્ર મળતું નથી, પણ બીજાઓ તેવણ માટે જે કહે છે તે ઉપરથી મળે છે.

(૨) બહારની ગવાહીમાં આપણે નીચલાં સાધનો ગણીશું:—

(ક) અવસ્તા સિવાયનું આપણું પેહેલવી, પાઝંદ ફારસી જેવું બીજું સાહિત્ય.

(ખ) પારકા લખનારાઓ.

એ પારકા લખનારાઓનાં પણ બે વર્ગ થઇ શકે છે:—

૧ અસલી યુનાની, રોમન વિગેરે પશ્ચિમ ભણીની લખનારાઓ, જેઓ 'ક્લાસીકલ' લખનારાઓ ગણાય છે.

૨ એ ક્લાસીકલ લખનારાઓ સિવાય બીજા પૂર્વ ભણીના લખનારાઓ, જેવા કે આર્મીનીયન, ચીનાઇ, મુસલમાન, વિગેરે.

## (૧) અંદરની ગવાહી.

### (ક) ગાથાની ગવાહી

પેગામ્બર જરથોશ્ત એક હૈયાત પુરૂષ હતા, તે માટેની મજબુત માંહેલી ગવાહી એવણનું પોતાનું ગાથાનું લખાણ પુરી પાડે છે.

૧ પેહેલું તો પ્રોફેસર ગેલ્દનર કહે છે તેમ, ગાથામાં એવણનું જે ચિત્ર આપણને મળે છે, તેમાં આપણે એવણને એક જીવતા જાગતા માણસ તરીકે જોઇએ છીએ. ઉમેદી અને નાઉમેદી, આકીન અને શક, મિત્રોની વફાદરી અને બીવફાઇ, એઓ વચ્ચે, એક આદમી તરીકે સચ્ચાઇ માટે લડતા આપણે એવણને જોઇએ છિએ. એક મોટી ઉંચ શકિતનો માણસ પોતાનું નવું કામ આરંભવાને જે ઉલટ દેખાડે, અને તે ઉલટ વચ્ચે જે હાડમારી ભોગવે, તે ભોગવતા એવણને આપણે જોઇએ છીએ. એવણની જીંદગીમાં, એવણનાં બોલવામાં, આપણે એવું કાંઇ અકુદરતી જોતા નથી, કે જેથી શક લઇ જવાઇ શકાય, કે એક કલ્પિત જીંદગીને પાછલા લખનારાઓએ ખરૂં રૂપ આપ્યું હોય. ગાથામાં એવણ તવારીખના બીજા પુરૂષો (historical personages) જેવા એક ખરેખરા પુરૂષ દિસે છે. એવણની જીંદગીનાં ચિત્રમાં કાંઇ પણ અતિશયોકિત જેવું નથી. અહુરમજ્દ ઉપરનાં મક્કમ વિશ્વાસ સાથ એવણ એક માણસ તરીકે,—એક અસાધારણ ચંચલાઇ અને ડહાપણવાળા બશારત પામેલા માણસ તરીકે–પોતાની મુશ્કેલીઓ વચ્ચે લડે છે. આપણી "કેમ ના મજ્દા"ની બંદગીનો શરૂઆતનો ભાગ, જે યજ્શ્નેના ૪૬ માં હા (ફ. ૭) માંથી લીધો છે, તેમાં આપણે એવણનો અહુરમજ્દ ઉપરનો વિશ્વાસ જોઇએ છિએ.

જો એવણ એક કલ્પિત આદમી હતે, તો ગાથાના જે લખાણમાં આપણે એવણનું ચિત્ર જોઇએ છિએ, તેમાં એવણને કોઇ અ-કુદરતી અદભુત શકિતના, હમેશ ફતેહમંદ

નિવડતા, બધાને હમેશા મહાત કરતા, અન-ઇતિહાસીક પુરૂષ તરીકે જોતે. પણ નહિ, તેમ તો નથી. જેમ આપણ હાલમાં કોઇ મુશ્કેલીઓ વચ્ચે, ઉમેદ અને નાઉમેદીઓ વચ્ચે,સેવટની ફતેહ માટેની આશા અને નિરાશી વચ્ચે, ઢોલા ખાઇએ છિએ, તેમ એવણને પણ એવણની હાલતના સંબંધમાં આપણે ગાથા મુજબ જોઇએ છિએ. એક માણુસ તરીકે જીંદગીની લડાઇ લડતા આપણે તેવણને જોઇએ છિએ. ગાથામાં એવણના વિચારમાં, અને એવણ માટે ઉપજતા વિચારોમાં, આપણે એવું કાંઇપણ જોતા નથી કે જેને આપણે નહિ બની શકે તેવું, અથવા અદભુત કહીએ. સઘળું કુદરતી છે. ત્યારે ચોક્કસ રીતે એવણનાં પોતાના તરીકે ગણાતાં ખુદ ગાથાનાં લખાણની માંહેલી ગવાહી એવણને તવારીખનાં એક હૈયાત પુરૂષ તરીકે દેખાડે છે.

૨ બીજું, ગાથામાં અને બીજા અવસ્તામાં જણાવેલુ પેગામ્બર જરથોસ્તનું ખુદ નામ દેખાડેછે કે, તેવણ એક કલ્પિત નહિ પણ હૈયાત પુરૂષ હતા. એવણનાં નામના અર્થ બાબે મતફેર છે. પણ જેમ ઘણાકો કબુલ રાખેછે તેમ, તે નામનો અર્થ, "ઉંટ રાખનાર" તરીકે, ઊંટ સાથ સંબંધ રાખે છે. હવે જેમ હાલના જમાનામાં ઘણાકોના નામની આખર, તેઓનાં વેપાર ધંધા ઉપરથી પડે છે, તેમ તેવણના જમાનામાં, ઘણાકોનાં નામો ગાય, ઢોર, ઘોડા, ઉંટ ઉપરથી પાડવામાં આવતાં હતાં, કે જે ગાય ઢોરો તે જમાનાની દોલત ગણાતી હતી. પેગામ્બર જરથોસ્તના બાપ બપાવાનાં નામો એમ "અસ્પ" એટલે ઘોડા ઉપરથી પડયાં હતાં. એવણનું નામ "ઉસ્ત્ર" એટલે ઉંટ ઉપરથી પડયું હતું.

એ નામ દેખાડે છે કે તે નામ તેવણુના બાપ બપાવાઓનાં નામની રૂઢી અને લઢણુ ઉપરથી પડેલું છે. એ એક ગવાહી છે કે તેવણુ એક હૈયાત પુરૂષ હતા અને નહિ કે કલ્પિત. જો તેવણુ કલ્પિત હતે, અને કોઇ પાછલા જમાનાના લખનારે તેવણુને એક હૈયાત પુરૂષ તરીકે નામ આપ્યું હતે, તો તે એમ, આગલા જમાનાની રૂઢી મુજબ, સાધારણુ નહિ, પણુ કલ્પિત અંસાધારણુ નામ આપતે. [૧]

## ( ખ ) ગાથા પછીનાં બીજાં લખાણો

ગાથા ઉપરાંતનાં બીજાં લખાણોમાં એવણુ માટેનું જે ચિત્ર મળે છે તે કદાચ કોઇને અતિશયોક્તિ ભર્યું દિસે. તેમાં એવણુને એક માણુસની પંક્તિ ઉપરથી એક યજદની, એક ફરેશ્તાની પંક્તિએ ચહડાવ્યા છે. પણુ એ વાજબી ભક્તિભાવભર્યું લખાણુ છે. તેમાં અકુદરતી જેવું કાંઇ નથી. એ દેખાડે છે કે એવણુની અસાધારણુ ભલી જીંદગી ઉપરથી એવણુ માટે વાજબી રીતે ઘણો ભલો વિચાર રાખવામાં આવ્યો હતો કે એવણુ પોતાનાં કામોથી યજદી યા ફરેશ્તાઈ દરજજે પુગા હતા. પાછલો જમાનો એવણુની ઉમદા શિખવણીથી ઉત્પન્ન થતો એવણુ માટેનો ચાહ અને ભક્તિભાવ દેખાડે છે. હાલનો જમાનો પણુ એવો ભક્તિભાવ તવારીખના કોઇ અદભુત શક્તિના મહાન પુરૂષો માટે દેખાડે છે. પણુ એમ છતાં એવણુને એક આદમી તરીકે અવસ્તામાં

---

(૧) જુઓ "A Brief Sketch of the Zoroastrian Religion and Customs" by Ervad Sheriarji Dadabhoy Bharucha, p. 3; Prof. Jackson's Zoroaster, p. 14.

રજુ કીધા છે. દાખલા તરીકે, હોમ યશ્ત (હા. ૯) માં, જેમ બીજા પુરૂષો જન્મે તેમ માતાને પેટે જન્મેલા એવણને જણાવ્યા છે.

## (૨) બાહેરની ગવાહી

## (ક) અવસ્તા સિવાયનું પેહેલવી પાઝંદ ફારસી સાહિત્ય

પેગામ્બર જરથોસ્ત એક હૈયાત મહાન પુરૂષ થઇ ગયા છે, તે માટેની અવસ્તા ઉપરાંતની અવસ્તા બાહારની ગવાહી આપણને પાછલાં પેહેલવી, પાઝંદ, ફારસી સાહિત્ય ઉપરથી મલે છે.

પેહેલવી સાહિત્ય ઉપર નજર કરતાં પેહેલવી દીનકર્દ અને જાદસ્પરમનું પેહેલવી લખાણ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. ઘણાક મહાન પેગામ્બરોના સંબંધમાં બને છે તેમ, એ પાછલાં પેહેલવી સાહિત્યએ કેઠે કેઠે પેગામ્બર જરથોસ્તનાં નામ અને કામ સાથ કોઇક મોજેજાઓ એવી રીતે જોડયા છે કે, કોઇક કદાચ કહે કે, તે એવણને કોઈક અન-ઇતિહાસીક પુરૂષ તરીકે દેખાડે. ઘણાક ઇતિહાસીક પુરૂષોનાં નામ સાથ કોઇ મોજેજાઓ જોડાયા છે, તેથી તેઓ અન—ઈતિહાસીક ઠરતા નથી. પણ તેવી કોઇક બાબતો બાજુ મેલતાં પણ એ પેહેલવી સાહિત્યમાં એવું ઘણું છે, કે જે એવણને એક ઇતિહાસીક પુરૂષ દેખાડે છે. એવણની જીંદગીના કોઇક સફા આપણે એ પેહેલવી સાહિત્ય પ્રમાણે જોઈશું, જે આપણને પેહેલી નજરેજ દેખાડે છે કે તેવણ એક ઇતિહાસીક પુરૂષ હતા. દાખલા તરીકે, એવણના મુલકમાં વરસાદની તંગીને લીધે એક

વખત જ્યારે ઘાસચારાની તાણ પડી ત્યારે તેવણે, એક પર્ગજુ માણસ તરીકે, બીજાઓની સાથે ભુખે મરતાં જાનવરોને ઘાસચારો પુરો પાડવાની કોશેશ કરી.

પેહેલવી સાહિત્યમાં એવણ બાબેનું મુખ્ય લખાણ આપણને દીનકર્દનાં પાંચમાં દફ્તરની[1] શરૂઆતમાં અને સાતમાં દફ્તરમાં[2] મળે છે. જાદસ્પરમનું લખાણ, મુખ્ય કરીને તેનાં લખાણનો ૨૦) મો બાબ, તેવણને એક ઇતિહાસીક માણસ તરીકેની લાગણીઓ, મોરાદો, હોંસો અને આર્જુઓ ધરાવતા ચિતારે છે[3]. એમાં દીનકર્દનું લખાણ ગુમ થયલાં નુસ્કોમાનાં સ્પેન્ત અને ચીત્રદાદ નુસ્કોને આધારે લખાયલું છે.

આ મુખ્ય પેહેલવી પુસ્તકો ઉપરાંત એક હૈયાત પુરૂપ તરીકેની એવણની જીંદગીના કોઇક એશારાઓ આપણને દીનકર્દનાં બીજાં દફ્તરોમાં,[4] પેહેલવી બુનદેહેશ,[5] શાયસ્ત લા શાયસ્ત,[6] માનુશચેહેરનાં પત્રો, મીનોખેરદ, શત્રોઇહા એ અઇરાન, અફ્દીઅ વ સહીગીઅ એ સીસ્તાન, જામાસ્પી, બહમન યસ્ત વિગેરેમાંથી મલે છે.

---

(૧) દસ્તુર પેશોતનની દીનકર્દ. વાલમ ૯) મું, પા. ૫૭૩ થી ૫૮૦ West, S. B. E., Vol XLVII pp. 119-130.

(૨) S. B. E., Vol XLVII.

(૩) Ibid, pp. 151-154.

(૪) દફ્તર ૮, બાબ ૧૧, ૧૪; દફ્તર ૯, બાબ ૮, ૨૪, અને ૩૧. S. B. E., vol XXXVII.

(૫) બાબ ૨૦, ૨૪, ૩૨. S. B. E., Vol V.

(૬) બાબ. ૧૦-૧૨. S. B. E. Vol V.

પાજ઼ંદ પુસ્તકોમાં કેટલાંક, જે પેહેલવી પુસ્તકોના તરજુમા સમાન છે, તે બાજુએ મેલતાં, આફ્રીનોમાં આપણે એવણ માટે એક ઇતિહાસીક પુરૂષ તરીકેના એશાર જોઇએ છિએ. દાખલા તરીકે આફ્રીને રપિથ્વનમાં અર્દેશર બાબેગાન અને ખુસ્રુ કોબાદ (નોશેરવાન અદલ) જેવા મહાન પુરૂષો, જેઓ માટે યુનાની અને રોમન લખનારાઓ પણ બોલી જાય છે, તેઓ માફક એવણને યાદ કરવા લાયક મહાન પુરૂષોની સફમાં જોઇએ છિએ.

પાજ઼ંદ પેહેલવી પુસ્તકો પછી ફારસી પુસ્તકો ઉપર આવતાં આપણને સદદર, જરથોશ્તનામું, વિગેરે પુસ્તકોમાં પેગામ્બર જરથોસ્તની કેટલીક હકીકત મળે છે, જે દેખાડે છે કે તેવણ એક ઇતિહાસીક મહાન પુરૂષ હતા.

## (ખ) પારકા લખનારાઓ

બાહારની ગવાહીમાં આપણાં પેહેલવી પાજ઼ંદ ફારસી સાહિત્ય લખનારાઓ પછી પારકા લખનારાઓ આપણું ધ્યાન ખેંચે છે. એ પારકા લખનારાઓના બે ભાગ થઇ શકે છે.

(૧) યુનાની, રોમન વિગેરે પશ્ચિમ ભણીના લખનારાઓ, જેઓ કલાસીકલ ગ્રંથકારો (Classical Writers) તરીકે જણાયા છે.

(૨) આર્મીનીઅન, ચીનાઇ, મુસલમાન વિગેરે પુર્વ ભણીના લખનારાઓ.

## (૧) પશ્ચિમભણીના પુરાણા લખનારાંઓ.

પુરાણા જમાનાના પશ્ચિમ ભણીના લખનારાઓ, જેઓમાનાં કોઇક તો આપણા પોતાના પેહેલવા

પાજંદ ફારસી લખનારાઓ કરતાં પણ પુરાણા વખતના છે, તેઓ જરથોસ્ત એક મહાન પુરૂષ થઇ ગયા છે એમ જણાવી ગયા છે. કોઇક તો યુનાનના પીથેગોરસ જેવા જાણીતા પુરાણા ફિલસુફનાં શિક્ષણ અને કામને એવણનાં શિક્ષણ સાથે જોડે છે અને કહે છે કે પીથેગોરસ જરથોસ્તનો શાગેર્દ હતો. એમ પીથેગોરસ પેગામ્બર જરથોસ્તનો પોતાનો શાગેર્દ હતો કે નહિ તે સાબેત થયું નથી. તે છતાં કેટલાક પુરાણા લખનારાઓનું આ બાબેનું લખાણ દેખાડે છે કે, તેઓ જેમ પીથેગોરસને એક હૈયાત ઇતિહાસીક પુરૂષ માનતા, તેમ જરથોસ્તને પણ માનતા. આપણે એ પુરાણા યુનાની, રોમન, વિગેરે લખનારાઓમાંના કેટલાક જાણીતાઓનાં નામો અને લખાણોની અતરે ટુંક નોધ લેઇશું કે જેઓ જરથોસ્તને એક હૈયાત પુરૂષ તરીકે ગણી ગયા છે.

(૧) લીડિયાનો ક્ષેન્થસ (Xanthus of Lydia) નામનો એક પુરાણો લખનાર ઈ. સ. પુર્વે આસરે ૪૮૦ વર્ષ પર થઇ ગયો છે. જરથોસ્ત બાબે સર્વ યુનાની લખનારાઓમાં તે પુરાણો લખનાર ગણાય છે. તે ઇ. સ પૂર્વે ૪૬૫ થી ૪૨૫ સુધીમાં કેટલાંક પુસ્તકો લખી ગયો છે. તે હીરૉદોટસની થોડુંક આગમચ થઇ ગયો હતો. કહે છે કે હીરૉદોટસે ઇરાનીઓ બાબે કેટલુંક વર્ણન એનાં ઉપરથી લીધું હતું. તેનું સર્વ લખાણ બચી રહ્યું નથી, પણ તેનાં લખાણનાં કોઇક ફકરાઓ દમાસ્કસનો નીકોલોસ (Nicolaus of Damascus) નામનો લખનાર, જે ઈ. સ. પૂર્વે પેહેલી સદીમાં થઈ ગયો છે, તેણે પોતાનાં લખાણમાં

લીધા છે. ડાયોજીનીસ લેઆર્ટીઅસ (Diogenes Laertius) નામનો લખનાર, જે ઈ. સ. ૨૧૦ ને આસરે થઈ ગયો છે, તે પણ એનાં લખાણના ફકરા ઉતારે છે. એ ક્ષેન્થસ પોતાનાં માજીકા ( Magika ), એટલે માજીઓને લગતી બાબતો, નામના પુસ્તકમાં જરથોસ્ત માટે એક હૈયાત તવારીખનાં પુરૂષ તરીકે બોલી ગયો હતો. તે જરથોસ્તનાં કેટલાંક વચનો (logia or sayings) માટે બોલી ગયો છે. ક્ષેન્થસે જણાવેલા જરથોસ્તનાં એ સખુનો યા વચનો તે અહુનવર ગાથા (હા ૩૧, ક. ૧) નાં 'ઉવાર્તા...અગુસ્તા વચાઓ' એટલે 'શિખામણો અથવા નહિ સંભળાયલા સખુનો,' છે. મુવેલી લાશોને બાળવી નહિ જોઇયે, એવા ઇરાની રેવાજ વિષે બોલતાં, તે, તે ફર્માન જરથોસ્તે આપેલું જણાવે છે.[1]

(૨) ક્ષેન્થસ પછી બીજો જાણીતો યુનાની લખનાર, જે જરથોસ્ત માટે એશારો કરી ગયો છે, તે પ્લેટો છે. તે ઇ. સ. પૂર્વે ૪૨૬ થી ૩૪૭ સુધીમાં થઈ ગયો છે. પોતાનાં એક લખાણમાં તે વિદ્વાન સોક્રેટીસને અને તેના ચેલા આલ્સીબાયડીસને કેટલીક બાબતો ઉપર વાદવિવાદ કરતા જણાવે છે. તેમાં સોક્રેટીસને મોહોડેથી અસલી ઇરાનીઓની કેળવણીની કેટલીક હકીકત જણાવતાં તે જરથોસ્તને માજીઓનો એલમ જાહેર પાડનાર જણાવે છે.[2] કોઈ લખનારાઓ કહે છે કે પ્લેટો પોતે ઇરાનના મુલકમાં ગયો હતો અને ત્યાંથી

(૧) "Zarathushtra in the Gathas and in the Classics" translated by Dastur Darab P. Sanjana p. 80.

(૨) First Alcibiades, 37. The Works of Plato by G. Burges (1861) Vol IV, p. 344.

તેણે જરથોસ્ત અને તેના ઇરાનીઓની કાંઇક હકીકત મેળવી હતી. કોઈ કહે છે કે ઇરાન અને યુનાન વચ્ચે ઉભી થયલી લડાઇને લીધે તે જતો જતો અટકી ગયો હતો.

(૩) યુદોક્ષસ (Eudoxus of Cnidus) નામનો યુનાની લખનાર, જે પ્લેટોના વખતમાં થઈ ગયો હતો, અને જેને ઈ. સ. પૂર્વે ૩૬૮ માં તેની જવાનીમાં આવેલો જણાવવામાં આવે છે, તે જરથોસ્તને એક ઇતિહાસીક પુરૂષ તરીકે થઈ ગયલો જણાવે છે. એ લખનાર પ્લેટોની માફક ઇરાનીઓનાં આકીન અને રેવાજોથી વાકેફ હતો. એ લખનારનું એ બાબેનું કોઈ જુદું પુસ્તક બચેલું નથી. પણ પ્લીની પોતાનાં એક પુસ્તકમાં[૧] જરથોસ્ત માટે બોલતાં, એનો અને એરીસ્ટોટલનો હવાલો આપે છે.

(૪) એરીસ્ટોટલ નામનો જાણીતો યુનાની ફિલસુફ, જે સિકંદરનો ઉસ્તાદ થતો હતો, અને જે ઈ. સ. પુર્વે ૩૮૪ થી ૩૨૨ સુધીમાં થઈ ગયો છે, તે એવણ માટે એક હૈયાત પુરૂપ તરીકે બોલે છે.[૨]

(૫) હેર્મોડોરસ (Hermodorus) નામનો લખનાર, જે પ્લેટોનો ચેલો હતો અને જે ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં થઈ ગયો છે, તે પણ જરથોસ્ત માટે એક હૈયાત પુરૂષ તરીકે અને માજીઓનાં ધર્મના સ્થાપક તરીકે બોલી જાય છે. કહે છે કે પ્લેટો અને થીઓપોમ્પસની માફક તેણે માજીઓના ધર્મની વાકેફી મેળવી હતી. આ બાબેનું એનું પોતાનું લખાણ

---

(૧) Pliny's Natural History, Bk. XXX, chap. 2. Bostock and Riley's Translation, Vol. V, p. 422.

(૨) એજ પુસ્તક, બાબ અને સફો.

બચી રહ્યું નથી, પણ ડાયોજીનીસ લેઆર્ટીઅસ[1] નામનો લખનાર, જે ઈ. સ. ની ત્રીજી સદીની શરૂઆતમાં થઈ ગયો-છે, તે એનાં એ બાબેનાં લખાણનો એશારો કરે છે.

(૬) ટેશીઅસ (Ctesias) નામનો લખનાર, જે એકીમીનીઅન વંશના ઇરાની પાદશાહ આર્ટાઝર્કસીસ નેમોન (Artâxerxes Mnemon) નો તબીબ હતો, અને જે ઇસ્વી સનેની પુર્વે ૫ મી સદીની સેવટે અને ૪ થી સદીની શરૂઆતમાં થઈ ગયો છે, તે એવણ માટે બોલી ગયો છે. તે એવણને દંતકથા મુજબનાં ઘણા પુરાણા જમાનામાં થઇ ગયલા જણાવે છે. રાણી સેમીરામીસ (Semiramis), જેણી ઇ. સ. પુર્વે આસરે ૨૧૮૨ માં થઇ ગયલી ગણાય છે, તેણીના જમાનામાં તે એવણને મુકે છે અને તેણી સાથે તેવણને લડાઇ કરતા જણાવે છે. કોઇ લખનાર ટેશીઅસે જણાવેલા એ જરથોસ્તને કોઈ બીજો પુરૂષ ધારે છે.[2] ડાયોદોરસ સીકયુલસનાં પુસ્તકમાં એનાં જરથોશ્ત બાબેનાં એ લખાણનો એશારો જળવાઇ રહ્યો છે. દાયોદોરસની કોઈ નકલમાં જે નામ (Oxyartes) ઓક્ષીઆર્ટીસ છે,[3] તે કોઈક નકલમાં 'જરતુશ' જેવું છે. જસ્ટીન અને બીજા પાછલા લખનારાઓએ ટેશીઅસને આધારે એ નામ 'જરોસ્ટર' ગણ્યું છે.

---

(૧) Zarathustra in the Gathas and in the Classics, translated by Dastur Darab P. Sanjana, p. 86; Jackson's Zoroaster pp. 6 n., 6, 90, 241.

(૨) જુઓ Prof. Wilhelm નું પુસ્તક "L' Expédition de Ninos et des Assyriens contre un roi de la Bactrie."

(૩) Histoire Universelle de Diodore de Sicile (Livre II, 6) traduit par Terrason, tome I, p. 174 (1780).

(૭) એરીટોક્ષેનસ (Aritoxènus) નામનો યુનાની ફિલસુફ, જે તેરન્ટમ (Tarentum) માં ઇ. સ. પૂર્વે ૩૧૦ માં થઇ ગયો છે, અને જે એરીસ્ટોટલનો ચેલો હતો, તે એવણુ માટે જરતસ (Zaratas) તરીકે બોલી જાય છે અને યુનાની ફિલસુફ પીથાગોરસ (Pythagoras) ને એવણુનો ચેલો જણાવે છે [૧]

(૮) હેર્મીપસ (Hermippus) નામનો સ્મીર્નાનો એક ફિલસુફ, જે ઈ. સ. પૂર્વ ૨૦૦ વરસપર થઇ ગયો છે, તે એવણુને બેકટ્રીઅન એટલે બલ્ખના એક મોટા પુરૂષ તરીકે ઓલખી ગયો છે. તેના જણાવવા પ્રમાણે જરથોસ્તે ૨૦ લાખ કવિતા (ગાથા) ની સતરો લખી હતી. હેર્મીપસની એ હકીકત પ્લીની જણાવે છે અને વધુ કહે છે કે એ હેર્મીપસે જરથોસ્તનાં લખાણુ ઉપર શરેહનાં લખાણો કર્યાં હતાં અને જરથોસ્તનાં સર્વ લખાણનું તેણે સાંકળ્યું (Index) બનાવ્યું હતું.[૨]

(૯) ટ્રોગસ પોમ્પેઇઅસ (Trogus Pompeius) નામનો એક તવારીખનવેશ, જે ઇ. સ. પૂર્વ પેહેલી સદીમાં થઈ ગયો હતો, તે એવણુને માજી (મોબેદો)ના એલમ હુનરેનાં સ્થાપક તરીકે, બેકટ્રીઆના રાજા તરીકે, અને નાઇનસના હરીફ તરીકે કહી ગયો છે. એ તવારીખનવેશનાં

---

(૧) Zarathustra in the Gathas and in the Greek and Roman Classics, translated by Dastur Darab P. Sanjana, p. 68.

(૨) Pliny's Natural History, Bk. XXX, Chap. 2 Bostock and Riley's Translation, Vol. V. p. 422.

પોતાના પુસ્તકો નાશ પામ્યાં છે. પણ જસ્ટીન (Justin) નામનો લખનાર, જે આસરે ઇ. સ. ની ૨ જી સદીમાં થઇ ગયો છે, તેણે એનાં લખાણનો કેટલોક ભાગ પોતાના પુસ્તકમાં જાળવ્યો છે,[૧] અને તેમાં તેણે એવણ માટે તેને આધારે ઉપર મુજબ જણાવ્યું છે.

(૧૦) ડાયોડોરસ સીકુલસ (Diodorus Siculus) નામનો લખનાર, જે ઇ. સ. પૂર્વે પેહેલી સદીમાં થઇ ગયો છે,[૨] તે એવણ માટે જથ્રઓસ્તીસ (Zathraustes) એવે નામે, એક મશહુર કાયદા બાંધનાર (legislator) તરીકે બોલી ગયો છે.

(૧૧) કોર્નેલીઅસ અલેક્જાંન્ડર પોલીહીસ્ટોર (Cornelius Alexander Polyhistor), જે ઇ. સ. પૂર્વે પેહેલી સદીમાં થઇ ગયો છે, તે એવણ માટે એક હેયાત પુરૂષ તરીકે બોલી ગયો છે.

(૧૨) પ્લીની (Pliny the Elder) નામનો જાણીતો રોમન લખનાર, જે ઇ. સ. પછીની પેહેલી સદીમાં થઇ ગયો છે, તે એવણ માટે એક હેયાત પુરૂષ તરીકે બોલી ગયો છે, એટલુંજ નહિ, પણ તે એવણની જીંદગીના કોઇક બનાવોનો એશારો વીક કરી ગયોછે. દાખલા તરીકે, પેહેલવી દીનકર્દ અને ફારસી જરથોશ્તનામામાં જે કહે છે કે પેગામ્બર જરથોશ્ત પોતે જન્મતાંને વાર હસ્યા હતા, તે માટે આ વિદ્વાન પણ

(૧) Histoire Universelle de Justin, Extraite de Trogue Pompée ; traduite par L'Abbe Paule, (1805) Bk. I Chap. I. p. 19

(૨) "Histoire Universelle de Diodore de Sicile," par Terrason (1780) Tome I, p. 154, Bk. I, sec. II, 25.

બોલી જાયછે.[૧] વળી પ્લીની જરથોસ્તને કેટલાક ગ્રંથકર્તાઓમાંનો એક ગણે છે.[૨] તેના કહેવા પ્રમાણે તેના જમાનામાં કોઇક કહેતા કે એકથી વધુ જરથોસ્ત નામના મહાન પુરૂષો થઇ ગયા છે, પણ તે બાબત નક્કી કરવામાં આવી હતી નહિ.[૩] પ્લીની આગલ ચાલતાં જે 'મીડીઆના જરથુસ્ત' (Zaratus of Media) માટે બોલે છે, તે પેગામ્બર માટેજ દિસે છે.[૪] પ્લીની જે બીજા જરથોસ્ત માટે બોલે છે તે જરથોસ્તને માટે તે કહે છે કે તે પાદશાહ જર્ક્સીસની થોડુંક આગમચ થઇ ગયો હતો.[૫]

યુરોપની ઉત્તરે આવેલા સ્કેન્ડીનેવીઆ (નોર્વે અને સ્વીડન) ના મુલકમાં 'એડા' (Edda) નાં નામથી જે પુરાણાં લખાણો જણાયાં છે, તેમાં પણ પ્લીનીએ જણાવેલો, પેગામ્બર જરથોસ્તનો, જન્મતાંને વાર હસ્વાનો બનાવ બાબેનો એશારો કરેલોછે.

(૧૩) પ્લુતાર્ક (Plutarch) નામનો જાણીતો યુનાની લખનાર, જે ઇ. સ. પછીની પેહેલી સદીમાં થઇ ગઇ ગયોછે, તે એવણ માટે એક ભણેલા ડાહ્યા પુરૂપ તરીકે બોલી ગયો છે, અને એવણને યુનાનના પુરાણા ફિલસુફ અને કાયદા

---

(૧) "We find it stated that Zoroaster was the only human being who ever laughed on the same day on which he was born". [ Pliny's Natural History, Bk. VII Chap.15 Bostock and Riley's Translation (1855) Vol. II, p. 155.]

(૨) Ibid Bk. XVIII, chap. 90 Summary, Vol IV p. 128.

(૩) Ibid, Bk. XXX, Chap. 2. Vol. V, p. 422.

(૪) Ibid.

(૫) Ibid, Vol. V, p. 424.

બાંધનાર લાઈકર્ગસ (Lycurgus) અને રોમના કાયદાં બાંધનાર ન્યુમા (Numa) સાથે સરખાવી ગયો છે

(૧૪) ડીઓ અથવા ડીઓ ક્રીસોસ્ટોમ (Dio or Dio Chrysostom) નામનો લખનાર, જે ઈ. સ. ની પેહેલી સદીમાં થઇ ગયો છે, તે કહી ગયો છે કે, કવિઓ, હોમર અને હેસીઓડનાં કરતાં એવણે પોતાના ખુદા (Zeus) નાં સંબંધની કવિતા વધારે સરસ રીતે લખી હતી. તે કહેછે કે એવણે એક પાહાડનાં એકાંતવાસમાં ડહાપણ અને સચ્ચાઈ શોધવા કેટલોક વખત ગુજાર્યો હતો.

(૧૫) ડાયોજીનીસ લેઅર્ટીઅસ (Diogenes Laertius), જે ઇ. સ. પછીની બીજી સદીમાં થઇ ગયો હતો, તે પણ એવણ માટે એક હૈયાત પુરૂષ તરીકે બોલી જાય છે.

(૧૬) જુલીઅસ સોલીનસ (C. Julius Solinus) નામનો લખનાર, જે ઇ. સ. ની ત્રીજી સદીની શરૂઆતમાં થઈ ગયો છે (જુઓ સ્મીથની ક્લાસીકલ દીક્ષનરી, ૧૨ મી આવૃત્તિ, પા. ૭૧૭), તે જરથોસ્ત માટે એક હૈયાત પુરૂષ તરીકે બોલી ગયો છે. [૧]

(૧૭) પોરફીરીઅસ (Porphyrius), જે ઇ. સ. ની ત્રીજી સદીની અધવચમાં થઈ ગયો છે, તે પીથેગોરસની જીંદગીના પોતાના હેવાલનાં પુસ્તકમાં એવણને જબ્રટસ (Zabratas) નાં નામથી એક તવારીખના પુરૂષ ગણી પીથેગોરસનાં ચેલા જણાવે છે. [૨]

---

(૧) The Ante-Nicene Christian Library, Vol. VI, p. 11 n. 75.

(૨) "Zarathushtra in the Gathas and in the Classics," translated by Dastur Darab P. Sanjana p. 68

(૧૮) જસ્ટીન (Justin)[1] નામનો એક રોમન લખનાર, જે ઇ. સ. ની ત્રીજી અને ચોથી સદીમાં થઇ ગયો છે, તે એવણને એસીરીઆના રાજા નાઇનસ અને રાણી સેમીરામીસના વખતમાં બેકટ્રીઆના રાજા તરીકે જણાવી ગયો છે અને કહી ગયો છે કે તેવણ એ નાઇનસના હાથે માર્યાં ગયા હતાં. આ રોમન લખનારે પોતાનાં પુસ્તકનો આધાર ટ્રોગસ પોમ્પેઇઅસ (Trogus Pompeius) નામનો એક આગલો લખનાર, જેનું પુસ્તક બચી રહ્યું નથી, તેના ઉપર રાખ્યો હતો.

(૧૯) એમીએનસ માર્સેલીનસ (Ammianus Marcellinus)[2] નામનો એક રોમન લખનાર, જે ઇ. સ. ની ચોથી સદીમાં થઇ ગયો છે, તે એવણને બેકટ્રીઆના મુલકના ભણેલા પુરૂષ તરીકે અને કેલદીઅનોના એલમમાં પ્રવીન તરીકે જણાવી ગયો છે.

(૨૦) હાઇપોલાઇટસ (Hippolytus)[3] નામનો એક લખનાર, જે. ઈ. સ. ની ત્રીજી સદીમાં થઇ ગયો છે, તે

---

(૧) Histoire Universelle de Justin. Extraite de Trogue-Pompèe, traduit par Le'Abbé Paulé(1805) Bk. I Chap. I. p. 19.

(૨) "Ammien Marcellin, ou Les dishuit Livres de son Histoire," traduit en Francais (1775), Tome II p. 292 Bk. XXIII Chap. 6.

(૩) The Ante-Nicene Christian Library, edited by Drs. Roberts and Donaldson, Vol. VI. "The Refuttion of all Heresies" by Hippolytus ranslated by Rev Macmahon (1868) p. 34.

ડાયાડોરસ એરેટ્રીઅન ( Diodorus the Eretrian ) ને આધારે, એવણુને જરતસ (Zaratas) ને નામે કલ્દીઆના એક ભણેલા ફિલસુફ જણાવે છે અને પીઠ-ગોરસને એવણુનો ચેલો જણાવે છે.

(૨૧) કલેમન્ટ ઑફ અલેકઝાનડ્રીયા (Clement of Alexandria)[1] નામનો લખનાર જે ઇ. સ. ની બીજી ત્રીજી સદીમાં થઇ ગયો છે, તે એવણુને એક ઇરાની માજી તરીકે જણાવી ગયો છે. એ એસીરીઆના એક નજરતુશ (જરતુશ) માટે પણ બોલે છે અને એક બીજા લખનારને આધારે પીઠાગોરસને એવણુનો ચેલો જણાવે છે. વળી તે કહે છે કે કોઇ એસીરીઅનો એ જરતુશને એજેકીઅલ (Ezekiel) ધારે છે. એ એક બીજા જરથોસ્ત માટે પણ બોલે છે. તે એ બીજા જરથોસ્ત માટે પેમફીલીઆના એક રેહવાસી ( Pamphyllian ) તરીકે અને આર્મીનીઅસ ( Armenius ) ના છોકરા તરીકે બોલે છે, અને તેનું નામ ઇરોસ ( Eros ) પણ જણાવે છે.[2]

(૨૨) એગેથીઅસ (Agathias), જે ઇ. સ. પછી ૫૩૬ થી ૫૮૨ સુધીમાં થઇ ગયો છે, તે એવણુ માટે એક નેક હૈયાત પુરૂષ તરીકે બોલી જાય છે.

આ કેટલાક જાણીતા પુરાણા યુનાની અને રોમન

---

(૧) The Ante-Nicene Christian Library, Vol. IV. The Writings of Clement of Alexandria, translated by Rev. Wilson (1867) Vol. I. p. 397. The Miscellanies, Bk. I, Chap. XV.

(૨) Ibid. The Writings of Clement of Alexandria Vol. II, p. 282. The Miscellanies, Bk. V, Chap. XIV.

લખનારાઓ છે. એ ઉપરાંત બીજા પણ કેટલાક થોડાક જાણીતા પુરાણા યુનાની અને રોમન લખનારાઓ પેગામ્બર જરથોશ્તને માટે એક હૈયાત પુરૂષ તરીકે બોલી ગયા છે.

ઉપલા સર્વ યુનાની લખનારાઓ, જોકે તેઓમાંથી ઘણાંકો, પેગામ્બર જરથોશ્તના મુલક અને જમાના બાબે અથવા તેવણની જીંદગીના કોઇક બનાવો બાબે, જુદા પડે છે તોપણ, પ્રોફેસર જેકસન કહે છે તેમ,[1] એક ઇતિહાસીક પુરૂષ તરીકેની તેવણની હસ્તી બાબે એક મત છે.

## (૨) પુર્વ ભણીના પારકા લખનારાઓ

ઉપલા પશ્ચિમ ભણીના ક્લાસીકલ લખનારાઓ પછી આપણે પૂર્વ ભણીના બીજા પારકા લખનારાઓ, જેવા કે ચીનાઇ, આર્મીનીઅન અને મુસલમાન લખનારાઓ ઉપર આવ્યે છિએ.

(ક) આર્મીનીઅન લખનારાઓમાં ખોરેનનો મોઝીસ (Moses of Khorene) નામનો લખનાર, જે ઇ. સ. પછીની પાંચમી સદીમાં થઇ ગયો છે, તે મુખ્ય છે. આ લખનાર એવણને એક જગ્યાએ માજી અને બાકટ્રીઆના રાજા કહે છે.[2] બીજી જગ્યાએ તે એવણને મીડ લોકોનાં

---

૯ (૧) "All classical antiquity is agreed on the point that Zoroaster was a historical personage, even though his figure was somewhat indistinct in the eyes of the ancient authors" (Zoroaster, the Prophet of Ancient Iran p. 6.)

(૨) "Zoroastrem Magum, Bactrianorum Regem" Bk. I, chap. VI. Mosis Chorenensis. Historiæ Armeniacæ (1736) p. 16.

સરદાર ગણે છે [૧] અને કહે છે કે એસીરીઆની રાણી સેમીરામીસે એવણને એસીરીઆ અને નીનેવેના હાકેમ બનાવ્યા હતા.

પેગામ્બર જરથોસ્ત માટે એક હૈયાત પુરૂષ તરીકે બોલી જનારા બીજા આર્મીનીઅન લખનારાઓમાં નીચલા છે. એલીશીઅસ (Elisæus) અને એજ્નીક (Eznik), જેઓ ઇ. સ. ની ૫ મી સદીમાં થઇ ગયા છે, અને અર્જ્રૂની (Arzrouni), જે ઇ. સ.ની ૯ અને ૧૦ મી સદીમાં થઇ ગયો છે.

(ખ) ચીનાઇ લખનારાઓ[૨] પણ પેગામ્બર જરથોસ્ત માટે એક હૈયાત પુરૂષ તરીકે, સુલીટશે (Sou-li-tche) એવે નામે બોલી ગયા છે. એક ચીનાઇ લખનાર જરથોસ્તી દીન માટે મોનીએન (Monienne) તરીકે જે શબ્દ વાપડે છે તે માજ્દયસ્ન શબ્દનું રૂપ દિસે છે.

(ગ) મુસલમાન લખનારાઓમાં તબરી, જે ઇ. સ. ની ૯ મી સદીમાં થઇ ગયો છે, તે એવણને મીનોચેહેરની ઓલાદથી ઉતરેલા પુરૂષ તરીકે જણાવે છે. તે એવણ માટે જર્દુસ્તર તરીકે બોલે છે.[3]

---

(૧) "Medorum Principi". Ibid, Bk. 1, chap. XVI p. 47.

(૨) જુઓ Journal Asiatique. Tome IX. IXe Série, p 43. Xe Série p. 445; Zoroaster, the Prophet of Anciant Iran p.p. 278-80. જુઓ મારો વિષય. "References to China in the Ancient Books of the Parsees (Asiatic Papers pp. 241-50; Journal B. B. R. A. .Society, Vol. XXI, pp. 525-36).

(૩) Tabari, par Zotenberg Tome, I. pp. 499-500.

(ઘ) માસુદી, જે ઇ. સ. ની ૯ મી સદીની આખેરીએ અને ૧૦ મીની શરૂઆતમાં થઇ ગયોછે, તે એવણ માટે એક હૈયાત પુરૂષ તરીકે બોલી એવણના વડીલોની વંશાવલી આપે છે. એ વંશાવલી, તેનાં નામોના બીગડેલાં રૂપો ઉપર ધ્યાન નહિ આપતાં, આપણે આફ્રીનગાનનાંભણતરમાં જેમ એવણનાં વડીલોના નામ ભણ્યે છિએ તે મુજબ, બંરાબર છે, સિવાએ આ કે આપણાં ભણતરમાં જે નામ 'અજૂમ' ના બાપનાં નામ તરીકે આપણે 'રજશ્ને' બોલ્યે છિએ, તે માસુદી 'એરજ' તરીકે આપે છે. [૧]

(ડ.) ફિરદોસી, જે ઇ. સ.ની ૧૦ મી સદીની સેવટે થઇ ગયો છે, અને જેણે ઇરાનની તવારીખને ઘણીક હદે સજીવન કરી છે, તે આપણા મહાન પેગામ્બરં માટે એક તવારીખના હૈયાત પુરૂષ તરીકે ઘણા સ્તુતિના શબ્દોમાં બોલે છે. એનાં વર્ણન પ્રમાણે શાહ ગુસ્તાસ્પ અને અર્જાસ્પ વચ્ચેની લડાઇ, જેનું વર્ણન આપણે યાદગારે જરીરાન નામનાં પેહેલવી પુસ્તકમાં પણ જોઈએ છિએ, તે લડાઇ તુરાની અર્જાસ્પે આ પેગામ્બર સામે અને તેવણની દીન સામે બરપા કરી હતી અને એ લડાઇમાં પેગામ્બર જરથોશ્ત માર્યા ગયા હતા. [૨]

(ચ) ઈ. સ. ની બારમી સદીની શરૂઆતમાં લખાયલી 'મુઅજમઅલ તવારીખ' નામની તવારીખનો લખનાર, હમજા

(૧) Macoudi, par Barbier de Meynard, Chap. XXI. Vol. II, p. 124. પેગામ્બર માટેના વધુ એશારાઓ માટે જુઓ પાના, ૧૬૭-૬૮; વોલ્યુમ III પા. ૩૪૦; IV પા. ૭૫ અને ૧૦૭.

(૨) Journal Asiatique (Fevrier 1841) Troisième Sèrie. Tome XI, p. 147. Vide p. 151 for the Persian text.

ઇસ્ફહાનીને આધારે, એવણ માટે જરૂર્દસ્ત તરીકે બોલી જાય છે, અને જરથોસ્તી પુસ્તકોમાં ૧૨૦૦૦ વર્ષના હજારાઓની જે હકીકત જણાવેલી છે, તે હકીકત આપણા પેગામ્બરે જાહેર કરેલી જણાવે છે. આ લખનાર આદરબાદ મારેસ્પંદનાં નામ સાથ જોડાયલા કોઈ મોજેજાની પાછલી દંતકથા આપણા પેગામ્બરનાં નામ સાથે જોડી નાખે છે.[1] તેવી કોઈક બાબતમાં દાખલ ન થતાં આપણે જોઈએ છિએ કે આ તવારીખનો લખનાર જરથોસ્તને એક હૈયાત થઈ ગયલા મહાન પુરૂપ ગણે છે.

(છ) ઓબઈદ અલ્લા યાકુત નામનો લખનાર, જે અસલમાં એક યાહુદી હતો પણ પાછલથી મુસલમાન થયો હતો, અને જે ઈ. સ. ૧૧૭૮ માં જનમ્યો હતો, તે પોતાનું મુઅજમ અલ્ બોલ્દાન નામનું પુસ્તક, જે એક શબ્દ કોષના રૂપમાં કેટલાક શેહેરોનું વર્ણન કરે છે, તેમાં કેટલાંક શેહેરોનાં વર્ણનમાં જરથોસ્ત માટે એક હૈયાત પુરૂપ તરીકે બોલે છે. તે ઉરૂમીઆ (અવસ્તનાં ચએચસ્ત) નામના શેહરને પેગામ્બરનું શેહેર જણાવે છે.[2] તે એ ઉરૂમીઆને આજરબએજાનનાં મુલકનાં શીજ નામનાં એક ભાગનો મુખ્ય લત્તો જણાવે છે અને કહે છે કે તે જરથોસ્તનો બાપીકો મુલક હતો.[3] એવણને એક હૈયાત પુરૂપ ગણી, તે કોઈક શેહેરને એવણની દીનના ફેલાવા સાથ જોડે છે. દાખલા તરીકે

(૧) Journal Asiatique (Fevrier 1841) Troisième Sèrie. Tome XI, p. 332.

(૨) Dictionnaire géographique, historique et littéraire de la Perse. Extrait de Modjem el-Bouldan de Yaqout, par Barbier de Meynard, p. 26.

(૩) Ibid p. 367.

એક 'માહ દીનાર' નામનું શેહર છે.* તે નેહાવન્દ શેહરનું બીજું નામ છે. તે કહે છે કે તે દીનેવર નામના લત્તાનો ભાગ છે, જે લત્તાનું અસલ નામ "દીને જરાદુસ્ત" હતું, કારણકે ત્યાંના લોકોએ જરથોસ્તી દીન ખુશીથી જલદીથી કબુલી હતી.[1] એ વિગેરે ઘણાંક શેહેરોનાં વર્ણનમાં તે શેહેરો સંબંધી કોઇકિ હકીકતોને, જરથોસ્તને એક હૈયાત પુરૂપ ગણી, તેનાં નામ સાથે તે જોડે છે.

## એવણના જન્મ અને વસવાટનો મુલક

એવણનો જન્મ ક્યાં થયો હતો, તે બાબે અવસ્તા ઉપરથી ચોક્કસ માલુમ પડતું નથી. પુરાણા લખનારાઓમાં પણ જરથોશ્તની જન્મભૂમી બાબે મતફેર છે. કોઇ એવણનો મુલક પૂર્વ ઇરાન અથવા બેકટ્રીયા યા બલખમાં ગણે છે, તો કોઇ પશ્ચિમ ઇરાન અથવા મીડીઆમાં ગણે છે. વળી પશ્ચિમ ઇરાન અથવા મીડીઆમાં પણ બે જગ્યા એવણનાં જન્મભૂમીનું માન લેવા માગે છે.

પેહેલવી પુસ્તકો પ્રમાણે મીડીઆમાં આજરબએજાનના મુલકમાં એવણનો જન્મ થયો હતો. એજ પુસ્તક વળી મીડીઆમાં રગના મુલકને એવણની જન્મભૂમી ગણે છે. બુન્દેહેશમાં એવણનો જન્મ જે દરજ નદીને કિનારે જણાવ્યો છે, તે આજરબએજાનના મુલકમાં વહેતી દરેજ નદી છે, જે સવલાંન (અવસ્તાના ઉશીદરેન) પાહાડમાંથી વહે છે. વળી વંદીદાદ મુજબ પેગામ્બર જરથોશ્ત રગે શેહેરના હતા.

---

(૧) Dictionnaire géographique, historique at littéraire de la perse. Extrait de Modjem el-Bouldan de Yaqout, par Barbier de Meynard, p. 515.

મીડીઆની એ બે જગ્યા (રધ અથવા રએ અને આજ઼રબએજ઼ાનમાં દરેજ઼ નદીનો કિનારો) જ઼રથોશ્તનાં શેહેર તરીકે માન લેવા માગે છે, તેનો ખુલાસો, શારેસ્તાનીનાં પુસ્તકને આધારે, આ મળેછે કે, પેગામ્બર જ઼રથોશ્તની જન્મ ભૂમી તો આજ઼રબએજ઼ાનમાં હતી. એવણનાં બાપ પોરૂશસ્પનું ઘર ત્યાં હતું. પણ એવણનાં મા દોગદોનું શેહેર રએ હતું. તેથી એવણને અવ્વારનવાર એ બેઉ શેહેરના જણાવ્યા છે. વળી "શત્રોઇહા એ અઇરાંન" નામનું પેહેલવી પુસ્તક આમુઇ નામનાં શેહેરને જ઼રથોશ્તનાં શેહેર તરીકે જણાવે છે. એ આમુઇ તે રએના મુલકની નજદીકમાં આવેલું આમુલ શેહેર છે. ત્યારે દિસે છે કે રએના પ્રગણામાં આવેલું આમુઇ શેહેર એવણનાં માતાનું શેહેર હતું.

આ તપાસ મુજબ દિસે છે કે પેગામ્બર જ઼રથોશ્તની માતાનું ગામ રએનાં પ્રગણામાં આમુઇ નામની જગ્યાએ હતું. તેવણનાં બાપનું ઘર આજ઼રબએજાનમાં હતું અને ત્યાં તેવણનો જન્મ થયો હતો. ત્યાં તેવણને દીનની બશારત થઇ હતી, અને ત્યાંથી તેવણ પૂર્વ તરફ બલ્ખના મુલકમાં, જયાં ગુશ્તાસ્પ પાદશાહની દરબાર હતી, ત્યાં પોતાની દીન ફેલાવવા ગયા હતા.

## જ઼રથોશ્તનો સને

પેગામ્બર જ઼રથોશ્ત ઘણા પુરાણા જમાનામાં થઈ ગયલા હોવાથી, તેવણ કયા વખતમાં થઈ ગયા તે બરાબર ચોકસ કહેવાઈ શકાતું નથી. આપણાં પોતાનાં પારસી પુસ્તકો કરતાં પશ્ચિમ ભણીનાં કેટલાક યુનાની અને રોમન લખનારાઓ તેવણનો જમાનો વધારે પુરાણો ગણે છે.

એ યુનાની અને રોમન વિગેરે પશ્ચિમ ભણીના લખનારાઓ પણ એવણના જમાના બાબે ચોકકસ નથી. ટેશીઅસ (Ctesius) નામનો યુનાની લખનાર, જે એકીમીનીઅન-વંશના ઇરાની પાદશાહ અર્ટાજર્કસીસ નેમોન (Artaxerxes Mnemon) નો તબીબ હતો, અને જે ઈ. સ. ની પૂર્વે પાંચમી સદીની સેવટે અને ચોથીની શરૂઆતમાં થઈ ગયો છે, તે એવણને ઘણા પુરાણા જમાનામાં થઈ ગયલા જણાવે છે. તે તેવણને રાણી સેમીરામીસ, કે જેણી ઈ. સ. પૂર્વે ૨૨૦૦ વર્ષ પર થઈ ગઈ છે,[૧]. તેણીના જમાનામાં થઈ ગયલા જણાવે છે. ટેશીઅસનાં લખાણોનું કોઈ જુદું પુસ્તક જળવાઈ રહેલું નથી. પણ ડાયોડોરસ સીકયુલસ (Diodorus Siculus) નામનાં લખનારનાં પુસ્તકમાં ટેશીઅસનું જરથોસ્ત બાબેનું લખાણ જળવાઈ રહેલું છે.[૨]

યુદોક્ષસ (Eudoxus) કહે છે કે તેવણ પ્લેટો, જે ઈ. સ. પૂર્વે ૪૨૯ થી ૩૪૭ સુધીમાં થઈ ગયો છે, તેની આગમચ ૬૦૦૦ વર્ષ પર થઈ ગયા છે. યુદોક્ષસની એ હકીકત પ્લીની[3] પોતાના પુસ્તકમાં જણાવે છે.

---

(૧) જુઓ Prof. Wilhelm નો વિષય "L. Expedition de Ninos et dés Assyriens, contre un roi de Bactrie."

(૨) "Histoire Universelle de Diodore de Sicile" traduit par Terrasson, Bk. II, chap. VI. Tome I p. 174. ડાયોડોરસની કોઈ નકલોમાં એ નામ ઓક્ષીઆરટીસ (Oxyartes) તરીકે આપવામાં આવે છે, પણ બીજી નકલો એ નામ જરદસ્ત તરીકે આપે છે.

(૩) Pliny's Natural History Bk. XXX, chap. 2. Bostock and Riley's Translation, Vol. V, p. 422.

એરીસ્ટોટલ પણ એવણને પ્લેટોની આગમચ ૬૦૦૦ વર્ષ પર થઈ ગયલા જણાવે છે. એરીસ્ટોટલનો એ વિચાર પણ પ્લીનીજ[1] જણાવે છે.

ક્ષેન્થસ એવણને પાદશાહ જર્કસીસની ૬૦૦૦ વર્ષ આગમચ જણાવે છે.

હેર્મીપોસ,[2] હોમરે વર્ણવેલી ટ્રોજન લડાઇની ૫,૦૦૦, વર્ષ આગમચ તેવણને થઇ ગયલા જણાવે છે. હવે હોમર, જેને ઇ. સ. પૂર્વે ૧,૦૦૦ થી ૧,૧૦૦ વર્ષ પર થઇ ગયલો ધારવામાં આવે છે, તેણે વર્ણવેલી ઉપલી લડાઇ ઇ. સ. પૂર્વે આસરે ૨,૦૦૦ વર્ષ પર થયલી ગણાયછે. તેથી જ્યારે એ અરસાની આગમચ ૫,૦૦૦, વર્ષ પર હેર્મીપોસ એવણને જણાવે છે, ત્યારે તો તે જરથોશ્તનો જમાનો આસરે ઇ. સ. પૂર્વ ૭,૦૦૦ વર્ષપર એટલે આજથી આસરે ૯,૦૦૦ વર્ષપર મેલે છે.

ક્ષેન્થસ[3] એવણને જર્કસીસ, જે ઇ. સ. પૂર્વ ૪૮૫ થી ૪૬૫ સુધીમાં ઇરાનમાં રાજ કરી ગયો છે, તેની ૬,૦૦૦ વર્ષ આગમચ, એટલે ઇ. સ. પૂર્વ ૬,૫૦૦ વર્ષ પર મેલે છે.

એરીટોક્ષેનસ ( Aristoxenus ) નામનો યુનાની ફિલસુફ એવણને પીથેગોરસ (Pythagorus), જે ઇ.સ. પૂર્વે આસરે ૬ થી સદીમાં, પાદશાહ સાઇરસના વખતમાં, થઇ ગયો હતો, તેનો ઉસ્તાદ ગણે છે. ત્યારે તે તેવણનો

---

(૧) Pliny's Natural History Bk. XXX, chap. 2 Bostock and Riley's Translation; Vol. V, p. 422.

(૨) Ibid.

(૩) Ibid.

જમાનો ઇ. સ. પૂર્વે આસરે ૬૦૦ વર્ષ પર મેલે છે[૧]

હાઇપોલાઇટસ (Hypolytus) પણ એમ એવણને પીથેગોરસના ઉસ્તાદ જણાવે છે અને તે મુજબ એવણનો સને[૨] ઇ. સ. પૂર્વ ૬૦૦ ગણે છે.

પોરફીરસ (Porphyrus) પણ એમજ જણાવે છે અને એજ સને આપે છે[૩]

એગેથીએસ કહી ગયો છે કે જરથોસ્ત કયારે થઇ ગયો તે ચોક્કસ કહી શકાતું નથી, પણ ઇરાનીઓ તેને જે હીસ્ટાસ્પીસ નામના પાદશાહનાં રાજમાં થઇ ગયલો જણાવેછે, તે હીસ્ટાસપીસ, દારાયસ, કે જે ઇરાનપર ઇ. સ. પૂર્વ ૫૨૧ થી ૪૮૫ સુધીમાં રાજ્ય કરી ગયો હતો, તેનો બાપ, કે કોઇ બીજો હીસ્ટાસ્પીસ, તે ચોક્કસ માલમ પડતું નથી. આપણે અવસ્તાને આધારે જાણયે છિએ કે હીસ્ટાસ્પીસ તે અવસ્તાનો વીસ્તાસ્પ, અને શાહનામાને ગુસ્તાસ્પ છે, અને એ ગુસ્તાસ્પ, દારાયસ હીસ્ટાસ્પીસના બાપથી જુદો ધણી છે.

જુદા જુદા યુનાની લખનારાઓ એવણનો જે સને આપી જાયછે, તેનો કોઠો નીચે મુજબછે[૪]:—

(૧) "Zarathushtra in the Gathas and in the Classics translated by Dastur Darab P. Sanjana pp. 66-70

(૨) Ibid, p. 67.

(૩) Ibid, p. 68.

૪ જુઓ પ્રો. જેકસનનું પુસ્તક Zoroaster, the Prophet of Ancient Iran, pp. 226-273.

| ગ્રંથકારો | સને ઇ. સ. પૂર્વે. |
| --- | --- |
| હેમીપસ | ૭૦૦૦ |
| ઝુરોઆસ્ટર | ૬૪૦૦ |
| એરીસ્ટોટલ | ૬૦૦૦ |
| પ્લીની | ૬૦૦૦ |
| પ્લુટાર્ક | ૭૦૦૦ |
| પ્લેટો | ૬૦૦૦ |
| દાયોજીનીસ લેઆર્ટીસ | ૭૦૦૦ |
| ક્ષેન્થસ | ૬૦૦૦ |
| લેકટેનશીઅસ[1] | ૬૦૦૦ |
| સુઇડાસ | ૭૦૦૦ |
| જીઓર્જીઅસ સીન્સેલસ | ૬૦૦૦ |
| તેશીઅસ | ૨૨૦૦ |
| ડાયાદોરસ સીકયુલસ | ૨૨૦૦ |
| સેફિલીઅન | ૨૨૦૦ |
| જસ્ટીન | ૨૨૦૦ |
| યુરેબીઅસ | ૨૨૦૦ |
| આર્નોબીઅસ[2] | ૨૨૦૦ |
| થેઓન | ૨૨૦૦ |
| પોલસ ઓરોશીઅસ | ૨૨૦૦ |
| સ્કેનડીનેવીઅન એડાનો લખનાર | ૨૨૦૦ |
| એરીસ્ટોક્ષિનસ | ૬૦૦ |
| હાઇપોક્રાઇટસ | ૬૦૦ |
| પોરફીરસ | ૬૦૦ |
| એગેથીએસ | ૫૨૫ |

(૧) Ante—Nicene Library, edited by Drs. Roberts and Donaldson. Vol. XXI Part 1. The works of Laetantuns, translated by Fletcher Vol. I. (1871) p. 45. The Divine Institutes Bk. VII. Chap. 15.

(૨) Ante—Nicene Christian Library, edited by Drs. Roberts and Donaldson. Vol. XIX. The Seven Books of Arnobius Adversus Gentes, translated by Bryce and Campbell (1871) p. 8.

આપણાં પોતાનાં પેહેલવી પુસ્તકો[1] એવણનો જમાનો સકંદરની આગમચ આસરે ૩૦૦ વર્ષ પર, એટલે ઇ. સ. પૂર્વે ૭૦૦ વર્ષ પર મેલેછે.

હાલમાં યુરોપીયન વિદ્વાનો, મોટે ભાગે, આપણાં પુસ્તકોએ જણાવેલો સને કબુલ રાખતા દિસે છે.

## જરથુશ્ત્ર નામનો અર્થ

એવણનાં નામનો અર્થ જુદા જુદા વિદ્વાનો જુદો જુદો ઉડાડે છે. બધા વિદ્વાનો એકમત છે કે એ નામ બે શબ્દોનું બનેલું છે, પણ તે બે શબ્દોને કેમ છુટા પાડવા તે બાબે મતફેર છે. એ બે શબ્દોને જુદી જુદી રીતે છુટા પાડવામાં આવે છે. જે વિદ્વાનો એક સરખી રીતે એ શબ્દોને છુટા પાડે છે, તેઓમાં પણ એ શબ્દોના અર્થ બાબે મતફેર છે. પણ હાલમાં મોટે ભાગે[1] એ નામનો જે અર્થ મુકરર કરવામાં આવ્યો છે, તે "બુઢ ઉંટોનો માલેક" છે. પણ એ નામનો અર્થ "પીલાં ઉંટોનો માલેક" લેવો દુરસ્ત દિસે છે.

---

(૧) બુનદેહેશ, બાબ ૩૪, ફ ૭—૮; વીરાફનામું બાબ ૧, ફ ૨—૩; જાદસ્પરમ બાબ ૨૩ ફ ૧૧-૧૨ (S. B.E. Vol XLVII p 166); અલબીરૂની નામનો આરબ લખનાર પણ જરથોશ્તીઓના "હેરબદો અને મોબેદો" ને આધારે એ સને સિકંદરની આગમચ ૨૫૮ વર્ષનો આપે છે. (Albiruni's Chronology of Ancient Nations, translated by Sachau, p. 109). મસુદી પણ અલમીરૂનાં પ્રમાણેનોજ સને મોબેદો (અલ મજુસ المجوس) ને આધારે જણાવે છે (Maçoudi, par B. De Meynard, Vol IV, p. 107).

(૧) હયુબશમાંન, ગેલ્ડનર, બાર્થોલોમી એ અર્થ આપે છે. જુઓ પ્રો. જેક્સનનું Zoroaster the Prophet of Ancient Iran, p. 14 and Appendix I.

## જરથોશતના ચેલાઓ

એવણુનાં કુટુંબીઓને નહિ ગણતાં એવણુનો પેહેલ-વેહેલો ચેલો મેધ્યોમાહ હતો. તેની પછીના બીજા ચેલાઓમાં આપણે નીચલાં જાણીતાં નામો જોઇએ છિએઃ—

ફ્રશોસ્તર
જામાસ્પ
શાહ ગુસ્તાસ્પ
ગુસ્તાસ્પની બાયડી હુતોશી
શાહનો પિતા લોહરાસ્પ
શાહનો ભાઈ જરીર
શાહનો બેટો અસ્ફન્દયાર

## એવણના વડવાઓ

અવસ્તા પ્રમાણે એવણનું ખાનદાન 'સ્પીતમ'ના ખાન-દાનને નામે જણાયલું હતું. એ કાજે એવણને વારે ઘડીએ 'સ્પીતમ જરથુસ્ત્ર' કહ્યા છે. એવણના વડવા સ્પીતમ ઉપરથી એ નામ એવણનાં ખાનદાનને મળ્યું હતું. એવણના વડવાઓના નામની સંપુર્ણ ટીપ અવસ્તામાં કેઠે મળતી નથી. તેમાં કોઇ કોઇ નામો મલે છે. દીનકર્દ અને બુનદેહેશ (બાબ ૩૨) પ્રમાણે, અને એક નામના અપવાદ સિવાય માસુદી પ્રમાણે, એ વડવાઓનાં નામો એવણથી ચહડતી પેહઠીએ પાદશાહ મિનોચેહેર સુધી નીચે મુજબ છેઃ—

| | | |
|---|---|---|
| ૧ જરતુહસ્ત | ૬ ચખ્શનુશ | ૧૧ વીદસ્ત |
| ૨ પોરૂશસ્પ | ૭ પઇતરસ્પ | ૧૨ અયજેમ |
| ૩ પૈતેરસ્પ | ૮ હર્દેશ્ન | ૧૩ રજન |
| ૪ ઉર્વેદસ્પ | ૯ હર્દાર | ૧૪ દુરાસુબ |
| ૫ હએચદસ્પ | ૧૦ સ્પીતામ | ૧૫ માનુશ્ચેહેર |

## એવણના પિતા

એવણનાં પિતાનું નામ પોરૂશસ્પ હતું, તે યજશ્નેનાં નવમા હા[1] ઉપરથી માલમ પડે છે. આવાં યશ્તમાં[2] એવણને 'પુથ્ર પોઉરૂશસ્પહે' એટલે 'પોરૂશસ્પનાં' છોકરા કહ્યા છે. વંદીદાદ[3] માં પણ એવણનાં પિતાનું નામ પોરૂશસ્પ આપ્યું છે. એ નામનો અર્થ 'પુષકળ ઘોડાનો ધણી' એમ થાય છે. પોરૂશસ્પની ત્રણ ચાર પહેડીનું નામ 'અસ્પ' એટલે ઘોડા ઉપરથી પડયું છે. તે જમાનામાં ગાય, ઘોડા, ઉંટ, વિગેરે માણસની મુખ્ય દોલત ગણાતી. એવણના બાપનું ગામ આજરબએજાનના મુલકમાં ધારવામાં આવે છે. ત્યાં આવેલા જબાર નામનાં પાહાડમાંથી વહેતી દરેજ નદીને કાંઠે તેવણનું ઘર આવેલું હતું.

## એવણનાં માતા

એવણનાં માતાનું નામ અવસ્તામાંથી મળતું નથી, પણ બુનદેહેશ કહે છે કે એવણનાં માતાનું નામ દુગદો હતું.[4] દીનકર્દ અને ફારસી જરથોશ્તનામું પણ એ નામ જણાવે છે. તેણી ફ્રહિમ્રવા નામનાં પુરૂષનો બેટી હતી. પેહેલવી જરથોશ્તનામાંમાં કહે છે કે જરથોશ્તનાં મા દુગદોને જીશાન (ﺯﻳﺸﺎﻥ) કહેતા. એટલે 'જીશ'ના ખાનદાનની કહેતા. વંદીદાદ[3] માં જરથોશ્તને કહેવામાં આવે છે કે 'તું પોરૂશસ્પનો જાવિશિ (કુટુંબની) માએને પેટનો છોકરો છે.' પેહેલવીનો જીશ તે અવસ્તાનો એ જાવીશ

(૧) હા. ૯. ફ. ૧૩ (૨) આવાંયશ્ત ફ. ૧૮ (૩) ફર્ગર્દ ૧૯ ફ. ૬.
(૪) અમીતરે જરતુહશ્ત દુગદોશામ બુદ. (બાબ ૩૨ ફ. ૧૦.)

છે. દોગદોનું પોતાનું મહીરૂં રએ શહેરની નજદીક હતું. તે આમુઇ નામનાં ગામમાં હતુ.

## એવણનાં ધણીયાણી

અવસ્તા[૧] ઉપરથી એવણનાં ધણીયાણીનું નામં 'હવોવો' મલે છે. તેણી ફ્રશોસ્તર અને જામાસ્પ, જેઓ હવોવ ખાનદાનનાં હતા, તેઓના ખાનદાનથી ઉતરેલી હતી.

## એવણના ભાઈઓ.

જાદરપરમની[૨] કેતાબ મુજબ એવણના ચાર ભાઈઓ હતા. બે એવણથી વડા હતા. તેઓનાં નામ રતુશ્તર અને રન્ગુશ્તર હતાં. એવણથી ઉતરતા બે ભાઇઓનાં નામ નોતરીગા અને નીવાતુશ હતાં.

## ફરજંદો

એવણને ત્રણ છોકરાઓ હતા. ઇસદવાસ્તર, ઉર્વતદનર અને ખોરશેદચેહેર (અવસ્તા હવરેચીથ્ર). એવણને ત્રણ છોકરીઓ, ફ્રેની, થ્રીતી અને પોરૂચીસ્તી નામે હતી. એવણના છોકરા ઇસ્દવાસ્તરને ત્યાં ઉર્વતજ અથવા ઉરૂરવીજ નામનો છોકરો હતો.[3]

---

(૧) દીન યશ્ત, ફ. ૧૫.

(૨) બાબ ૧૫, ફ. ૫. (S. B. E. Vol. XLVII p. 144) બુનદેહેશ. બાબ ૩૨, ફ. ૨ માં એ નામોમાંથી એક નામ જે વત્રીગાહ મલે છે (જુઓ, એ૦ તેહમુરસ દીનશા અંકલેસરીઆની મોટી બુનદેહેશ પા. ૨૩૫ લૅટી ૩) ને રૂપલો નોટરીગા છે. ડા૦ ઉવેસ્ટે એ શબ્દને "વલ દરગાહ" વાંચી સામન્ય નામ લીધું છે.

(૩) બુનદેહુશ, બાબ ૩૨, ફ. ૭. S. B. E. Vol V. p. 143.

## પેગામ્બર જરથોશ્તના વડીલોના નામની વંશાવલી.

પએતેરસ્પ

પોરૂશસ્પ — આરાસ્તી

પોરૂશસ્પ:

રતુસ્તર રંગુસ્તર જરથુશ્ત્ર નોતરીગા નીવાતુશ

જરથુશ્ત્ર:

ઇસદવાસ્તરઉર્વતદનર ખોરશેદચેહેર (છોકરાઓ) ફ્રેની, થ્રીતી, પોઉરૂચીશ્તી (છોકરીઓ)

ખોરશેદચેહેર: ઉરૂરવીજ.

## એવણનો જન્મ અને બચ્ચગી

કહેછે કે જયારે સઘળાં બચ્ચાંઓ જન્મતાંને વાર રડેછે, ત્યારે પેગામ્બર જરથોશ્ત જન્મતાંને વાર હસ્યા હતા. આપણાં પારસી પુસ્તકો, તેમજ પ્લીની જેવો પુરાણો રોમન લખનાર પણ, એ બનાવ એક અજબ બનાવ તરીકે જણાવેછે. સ્કેનડીનેવીઅનોનાં "એડા" નામનાં પુરાણાં કવિતા રૂપી લખાણો પણ એ બાબત જણાવે છે એવી અસાધારણ રીતે એક બાળક જન્મે તેથી કુદરતી રીતે આજુબાજુ અજાયબી ફેલાય. એવણના મુલકનો હાકેમ, દુરાસરૂન, જે એક બુતપરસ્ત હતો, અને જે બૂરો હતો, તે કુદરતી રીતે આવા એક અસાધારણ બનાવથી ચિંતાતુર થયો અને ધાર્યું કે "કદાચ ખુદાતાલાએ એમાં કાંઇ મને શિક્ષા કરવાનો ભેદ રાખ્યો હશે. એ બાળક, જે અસાધરણ રીતે જન્મયું છે, તે મોટું થઇ કદાચ મને સજા કરશે." એવી પોતાનાં અંતઃ-

કરણુનાં ડંખથી ચિંતા રાખી તેણે બાળક જરથોસ્તને તેની બચ્ચગીમાંજ હેરાન કરવાની ઘણી કોશેશ કીધી. પણ અહુરમજદની મેહેરથી તે સઘળી નિષ્ફળ ગઇ.

વળી પ્લીની[૧] કહેછે કે એ બાળકનાં ભેંજા ઉપર હાથ મુકતાં તેમાં બીજાં બાળકો કરતાં અસાધારણ રીતે વધુ ધપકારો માલુમ પડતો. એ પણ એ બાળકનાં મોટપણનાં ડહાપણની નિશાની ગણાઇ. તેથી પણ, જો પેલો બુરો હાકેમ અંતઃકરણના ડંખથી ચિંતાતુર થયો હોય, કે એ બાળક મોટો થઇ તેનો બુરો દોર તોડશે, તો તેમાં અજાયબ થવા જેવું નથી.

સાત વર્ષની ઉમ્મર તમામ થાય તે આગમચ પોઉરૂશસ્પે પોતાના બાળક બેટાને 'બુર્જીન કુરૂશ' નામના એક ભલા અને દાનાવ ઉસ્તાદ આગલ શિખવા મુકયો. યુનાની લખનાર પ્લીની[૨] હેર્મીપસને આધારે એ ઉસ્તાદનું નામ એગોનાસીસ (Agonaces) આપે છે. પ્લીનીનાં લખાણનો કોઇ તરજુમો કરનાર એ નામ એઝોનાસીસ (Azonaces)[૩] વાંચે છે.

---

(૧) "We find that Zoroaster was the only human being who ever laughed on the same day on which he was born. We hear too that his brain pulsated so strongly that it repelled the hand when laid upon it, a presage of his future wisdom". (Pliny's Natural History, Book VII, chap. 15 Bostock and Riley's translation (1855) Vol. II, p 55).

(૨) Ibid. Bk. XXX. Chap 2. Vol. V. p. 422.

(૩) "The Historie of the World, commonly called The Natural Historie of C. Plinius Secundus, translated by Philemon Holland. The second Tome (1601) p. 372 h.

## જવાની

કહેછે કે પંદર વર્ષની ઉમરે એવણના બાપે એવણને અને પોતાનાં બીજા બેટાઓને પોતાની માયાપુંજીમાંથી થોડોક હિસ્સો આપ્યો. પેગામ્બર જરથોશ્તે પોતાના બાપની માલમિલકતમાંથી કાંઇ નહિં પણ એક કમ્મરબંધ પસંદ કીધો અને તે કમ્મર પર બાંધ્યો અને એક મર્દાને મર્દ તરીકે પોતાની ફરજ બજાવીને આજુબાજુનાઓનું ભલું કરવાનો અને જયાં સંકટ હોય ત્યાંથી સંકટ ટાળવાનો ઠરાવ કીધો.

કહેછે કે એક વખતે તેવણનાં મુલકમાં દુકાળ પડયો હતો અને તેથી ગાય ઢોરોને પુરતો ઘાસચારો મળતો ન હતો. તેવણના બાપ, જોકે તવંગર નહિ, તોપણ, મધ્યમ વર્ગના હતા અને પાંચ પૈસે સુખી હતા. તેથી તેવણને ત્યાં ઘાસ ચારો ઘણો ભરેલો હતો; તેમાંથી પેગામ્બર જરથોસ્ત ઘાસચારો લઇ જઇ બીજાં ગાય ઢોરો, જેઓ તે વગર તરફડતાં, તેઓને ખવાડતા. એ દુકાળ વખતે તેવણની ઉમર ૨૦ વર્ષની હતી. તે વખતે તેવણના જાણવામાં આવ્યું કે "ઓર્વેનો દંગદ્"નામનો શખ્સ દુકાળમાં પીડાતાં ગરીબોને પોતાને ત્યાં અનાજ રંધાવી ખાવાને આપે છે. તે સાંભળી તેવણ તેને ત્યાં ગયા અને તેને તેનાં પુન્યનાં કામમાં મદદ કરવા લાગ્યા. તેવણ પોતે ગયા એટલુંજ નહિ, પણ પોતા સાથે બીજાઓને પણ સમજાવીને આ ભલાં કામમાં મદદ કરવા લઇ ગયા.

વીસ વર્ષની ઉમરે, કહેછે કે, તેવણ ઉશીદરેન (હાલના સેવીલન) પહાડ ઉપર એકાંતવાસમાં જઇ રહ્યા હતા અને ત્યાં એકાંત અભ્યાસ અને શાંત વિચારમાં દશ વર્ષ તેવણે કાહડયાં. એવણના એકાંત અભ્યાસ અને ચિંતન

માટે યુનાની લખનાર પ્લીની પણ એશારો કરે છે. તે કહે છે કે તેવણ ૩૦ વર્ષ એમ એકાંતવાસમાં રહ્યા હતા અને ત્યાં પનીરનાં સાદા ખોરાક પર તેવણે પોતાની જીંદગી ગુજારી હતી. એવણના ખોરાકવાળાં પનીરના પુષ્ટીકારક ગુણ માટે પ્લીની કહે છે કે તે એવી કોઈ ચોકસ રીતે બનાવવામાં આવતું કે તે ખાધાથી તેવણ ઉપર બુઢાપાએ જલદી હુમલો કર્યો નહિ.[૧]

એક પાહાડની ટોંચ, કે જયાંથી કુદરતનાં બુલંદ દેખાવો દેખાય, જ્યાંથી, એક હાથ ઉપર ઉંચું આસ્માન અને તે ઉપર ફરતા સૂર્ય, ચંદ્ર અને અગણિત તારાઓ રોશન થતા અને બેમાલુમ થતા દેખાય, અને બીજા હાથ ઉપર, પગ નીચે પડેલી ધર્તી, પોતાનાં નદી અને નાળાં, મેદાનો અને ખીણો, શેહેરો અને જંગલો, ખેતી અને બિયાબાની સાથે દેખાય, ત્યાંથી આપણ જેવાં સાધારણ આદમીને કુદરતનો ચહડતી પંકિતનો વિચાર આવેછે, કે જે વિચાર આપણને ડાહ્યા બનાવેછે અને આપણને કુદરત ઉપરથી કુદરતનાં ખાવિંદ ઉપર લઇ જાએછે. ત્યારે, પેગામ્બર જરથોસ્ત જેવા બુલંદ શકિતના એક પુરૂષ, જેવણે એકાંતવાસના અભ્યાસમાં અને અહુરમજદની યાદ અને ચિંતનમાં વર્ષો ગુજારેલાં, તેવણને તે, અહુરમજ્દ સાથ ગોયા વાતચીતમાં, એક જાતના વેહવારમાં

(૧) Pliny's Natural History, Book XI, chap 97 Bostock and Riley's translation, Vol. III, 85. પ્લીનીનો એક બીજો તરજુમો કરનાર એ એકાંત અભ્યાસની મુદત, પ્લીનીની કોઇ બીજી આવૃત્તિ મુજબ, ૨૦ વર્ષની જણાવે છે (The Historie of the world commonly called. The Natural Historie of C. Plinius Secundus, translated by Philemon Holland (1601) p. 349 B.

મેલે, તો તેમાં અજબ થવા જેવું નથી. ખુદા શું છે અને તેની પેદાયશ તેને હાથ કેમ પેદા થાઇ. દુનિયામાં બદી કેમ દાખલ થઇ, વિગેરે સવાલો, જે તેવણુનાં મનમાં વારેઘડીએ આવ્યા કરતા હતા, તે સવાલોના તેવણે પોતે એ એકાંતવાસમાં જવાબો ઘડયા અને પોતાના શક સુબેહ દૂર કર્યાં. ઉશ્તવદ ગાથા (યજશ્ને હા ૪૪) માં પેગામ્બર જરથોસ્ત, "તત થ્વા પેરેસા એરેશ મોઇ વઓચા અહુરા", એટલે "ઓ અહુર! તુંને હું પુછુંછું તે તું મને બરાબર (સમજ પડે તેમ) કહે," એવા શબ્દોથી અહુરમજદને કુદરતની પેદાયશ બાબે અને બીજી નીતિમાન બાબતો બાબે જે કેટલાક સવાલો પુછેછે, તે સવાલો આ બાબત સમજ પાડેછે.

## એવણે કરેલી મુસાફરી

પોતાની નવી દીન બીજાઓને શિખાડવા માટે એવણે લાંબી મુસાફરી કરી હતી. એ મુસાફરી બીજાઓને પોતાનું જ્ઞાન આપવા કાજે તેમજ બીજા મુલકોમાંથી જ્ઞાન મેલવવા કાજે પણ હોય. એવણે પોતાના મુલક આજરબએજાનથી નિકળી છેક સીસ્તાન સુધી મુસાફરી કરી હતી.[1] તેવણ બલ્ખ ખાતે શાહ ગુસ્તાસ્પની દરબારમાં ગયા હતા.

## દીન માટેની બશારત.

દશ વર્ષનાં શાંત અભ્યાસ પછી, અને ખુદાની યાદ કરવા સાથે તેની કરામતનો શાંત વિચાર કરવા પછી, તેવણ પાહાડ ઉપરથી હેઠે ઉતર્યાં. તેવણુને હવે ખુદ દાદારથી બશારત થઇ કે તેવણે હવે લોકોને ખરો માર્ગ દેખાડવા પોતાની દીન શિખવવી. કહે છે કે તેવણુને સાતે અમેશાસ્પંદો સાથે

(૧) અય્દીઅ વ સહીગીઅ એ સીસ્તાન ફ. ૯-૧૦

જુદે જુદે સાત મરતબે પોતાનાં મન મારફતે મુલાકત થઇ. એ સાતે અમેશાસ્પંદો તે દાદારની મીનોઇ જુદી જુદી શકિતઓ છે. એ મુલાકાતનું પરિણામ અને તેની મતલબ આ સમજવાં, કે અહુરમજ્દનું જ્ઞાન, દાદારી અને દાવરી, એ સાતે શક્તિઓમાં કેવી રીતે સમાઇ છે, તે માટે તેવણે, જુદે જુદે મરતબે ખુદાઇ યાદમાં મશગુલ રહી, જ્ઞાન મેળવ્યું. તેવણને એવી પેહેલી મુલાકાત યા પેહેલી ખોદાઇ જ્ઞાનની બશારત વેહેદાઇતી નદીના કિનારા ઉપર, મેદયોજરેમ ગાહમ્બારના એક અવસર ઉપર, થઇ હતી. ત્યારે બહારની મોસમ ખીલેલી હતી. દાદાર અહુરમજ્દ સાથે એ મુલાકાતો ભલાં મન(વહુમન) મારફતે થઈ હતી. એ મુલાકાતમાં એવણને પુછવામાં આવ્યું કે "તારી સૌથી મોટી મોરાદ શું છે ? હૈયાતીમાં તારી કોશેશ શું છે?" ત્યારે તેવણે જણાવ્યું કે "તે દાદાર ફરમાવે તેમ પવિત્ર જીંદગીમાં અશોઇ અખત્યાર કરૂં."

અહુરમજ્દ અને તેના બીજા છ અમેશાસ્પંદોની મુલાકાત લઇ, તે દાદારની સર્વ શકતિઓનું સંપુર્ણ જ્ઞાન મેલવીને પેગામ્બર પોતાની દીન, પોતાના નવા વિચારો દુનિયામાં બીજાઓને સમૈજાવવા તૈયાર થયા. જુના વિચારવાળાઓમાં પોતાના નવા વિચારો દાખલ કરવાનું કામ સહેલ ન હતું. તે જુના વિચારવાળાઓ ઘણીક રીતે, તેવણની સામે થવા લાગ્યા. તેઓ ઘણીક લાલચોથી તેવણને તેવણનાં કામથી દૂર રાખવાની કોશશ કરવા લાગ્યા. પણ અહુરમજ્દ ઉપરનો વિશ્વાસ, કે તેણે સઘળું સારાં માટે સરજ્યું છે, તેથી, અને તે સાહેબ તરફથી જે હથિયાર રજુ કરવાને તેવણ શક્તિવાન થયા હતા તેથી, એટલે

અહુનવરના પવિત્ર કલામથી તેવણ સામે થયા. તેવણુને નાસિપાસી અને નિરાશા વચ્ચે ઘણું કામ કરવું પડયું. દીન જાહેર કરવાની બશારત પછી છેક દશ વર્ષે તેવણ પોતાના પિત્રાઇ મેદ્યોમાહને પોતાનો પેહેલો શાગેર્દ કરી શકયા ત્યારપછી બે વર્ષની, એટલે દીનની બશારત પછી બાર વર્ષની લાંબી મુદ્દતે, તેવણે શાહ ગુશ્તાસ્પને પોતાનો ચેલો બનાવ્યો. દીન જાહેર થવા પછી પેહેલાં દશ વર્ષમાં, જયારે એકજ શાગેર્દ મળ્યો હતો, ત્યારે, જાણે જરાક નાઉમેદી જેવું લાગ્યું. પણ હવે ખુદ પાદશાહને પોતાને શાગેર્દ કરવાથી ફતેહ નક્કી થઈ હતી.

જરથોસ્તી દીનની સચ્ચાઇથી શાહ ગુશતાસ્પ તેવણુની દીન તરફ ફર્યો. તેણે પોતાનાં ખુલ્લાં મનના વિચારથી એવણુની દીન કબુલ રાખી. શાહ ગુશ્તાસ્પને દીન સમજાવવા આગમચ પેગામ્બરે તેની રાણી હુતોશને પોતાની દીન સમજાવી અને તેણીની ખાતરી કીધી. પછી તેણીની કુમકથી તેવણે પાદશાહને દીન સમજાવી અને તેની પાસે તે કબુલ કરાવી દેશનાં રાણી અને રાજા પછી પાદશાહી કુટુંબનાં ઘણાકોએ જરથોસ્તી દીન કબુલ કીધી. તેઓમાં પાદશાહનો ભાઇ જરીર, બેટાઓ અસફન્દયાર અને પેશોતન, વજીર જામાસ્પ અને તેના ભેશી ફ્રશોસ્તર, વિગેરે હતા.

શાહ ગુશ્તાસ્પે તેવણુની દીન કબુલ કીધી, તેને લીધે એ પાદશાહ અને તુરાની પાદશાહ અર્જાસ્પ વચ્ચે લડાઇ થઇ. અરજાસ્પ બએ વખત ઇરાન ઉપર હુમલો લાવ્યો પેહેલી લડાઇમાં તે હાર્યો અને નાઠો. પછી થોડોક વખત રહી તે ફરીથી હુમલો લાવ્યો. એ બીજા હુમલામાં તે

ધાંયો અને એ વેળાએ પેગામ્બર જરથોસ્ત તેનાં એક સાથી તુરબરાતુરને હાથે માર્યાં ગયા.

## એવણનું મરણ

ફિરદોસી શાહ અરજાસ્પના બીજા હુમલાનું વર્ણન કરતાં કહે છે કે જરથોસ્ત તે હુમલા વખતે માર્યાં ગયા. પણ તે કહે છે કે "કોણને હાથે એવણનું મરણ નિપજ્યું, તે હું જાણતો નથી." પણ બીજાં પુસ્તકો ઉપરથી માલુમ પડે છે કે, તુરબરાતુર નામનાં દીન-દુશ્મનને હાથે તેવણનું મરણ નિપજ્યું હતું.[1] આ તુરબરાતુરને દીનકર્દમાં[2] બરાતુરત કહ્યો છે. એજ પુસ્તકમાં[3] એને બૂરો ધર્મગુરૂ અને જરથોસ્તીઓની જાતનું મોત નિપજાવનાર કહ્યોછે. જાદસ્પરમના પુસ્તક[4]માં જણાવવા પ્રમાણે એ તુરબરાતુર, ઉશીસ્તર ખાનદાનના પાંચ ભાઇઓ, જેઓ મિનોચેહેરની ઓલાદના હતા, અને જેઓ એવણના દુશ્મનો હતા, તેઓમાં ત્રીજો ભાઈ હતો, અને એવણનો મોટો દુશ્મન હતો.

## પેગામ્બર જરથોસ્તની મરણ વખતે ઉમ્મર

જાદસ્પરમના પુસ્તકમા કહે છે કે "(દીન ફેલાવા પછીનાં) ૪૭ માં વર્ષમાં જરથોસ્ત હક થયા. તેવણ અર્દીબેહેસ્ત

(૧) બહમન યસ્ત, બાબ ૨ ફ. ૩; સદદર, બાબ ૯. ફ. ૫; દીનકર્દ દફતર ૮ બાબ ૩૫ ફ. ૧૩ (ડા. વેસ્ટ S. B. E. XXXVII, p.111); દીનકર્દ, દફતર ૯, બાબ ૧૦ ફ.૩(S. B. E. XXXVII p. 185); દાદેસ્તાને દીની, બાબ ૭૨ ફ. ૮; દસ્તુર પેશોતનનું દસ્તુર જરથોસ્ત બેહેરામનું જરથોસ્તનામું પા. ૧૭૨.

(૨) દસ્તુર પેશોતનજીની દીનકર્દનું વાલમ ૧. પેહેલવી પા. ૨૩, તરજુમો પા. ૧૯.

(૩) વાલમ ૭, ગુજરાતી તરજુમો પા. ૪૪૮.

(૪) બાબ ૧૫, ફ. ૩. S. B. E. XLVII p. 143

મહિનો ને ખોર્શેદ રોજે ૭૭ વર્ષ અને ૪૦ દહાડાની ઉમ્મરનાં થયા. આઠ વહીજક મહીનાને લીધે, દેહ મહિનાને ખોર્શેદ રોજે તેવણને માન લાયક ગણવા જોઇએ"[1]

એક ફકરા પ્રમાણે ત્યારે પેગામ્બર જરથોશ્ત ૭૭ વર્ષ અને ૪૦ દહાડાની ઉમ્મરે હક થયા હતા. દસ્તુર જરથોશ્ત બેહરામના ફારસી જરથોશ્તનામાં[2]માં પણ કહે છે કે તેવણ ૭૭ વર્ષની ઉમરે હક થયા હતા અને તે વખતે ગુશ્તાસ્પના રાજ્યનાં ૬૮ વર્ષ પસાર થયાં હતાં. દીનકર્દનાં ૭માં દફતર[3] પ્રમાણે પણ એવણની ઉમ્મર મરણ વખતે ૭૭ વર્ષની હતી અને એવણ પોતાની દીન જાહેર કરવા પછી ૪૭ મે વર્ષે હક થયા હતા. ઉપલા જાદસ્પરમનાં ફકરા પ્રમાણે પણ એવણ દીન જાહેર કરવા પછી ૪૭મે વર્ષે હક થયા હતા. માસુદી[4] નામનો આરબ લખનાર, જે ઇ. સ. ૯૧૫માં થઇ ગયો છે, તે પણ જણાવે છે કે તેવણ ૭૭ વર્ષની ઉમ્મરે હક થયા હતા જાદસ્પરમનાં પુસ્તકમાં એવણનાં મરણનાં બે દિવસો જણાવ્યા છે. તેની મતલબ આ કે તેવણનાં મરણનો ખરો દિવસ તો અર્દીબેહેસ્ત મહિનો અને ખોર્શેદ રોજ હતો. પણ દર ચાર વર્ષે વખતની કસરનો એક દાહડો વધવો જોઇએ, તેની ગણત્રી અમલમાં ન લેવાથી એ લખનારના વખતમાં તેવણના મરણનો દિવસ દેહ મહિનો અને ખોર્શેદ રોજ થયો હતો.

(૧) જાદસ્પરમ, બાં. ૨૩ ફ. ૯. S. B. E. XLVII p.165.

(૨) દસ્તુર પેશોતનનો "પેગમબર સાહેબ અશો જરતોસ્તના જનમારાનો એહવાલ", પાં. ૧૭૧.

(૩) S. B. E. XLVII, p. 73. દફતર ૭ મુ બાબ ૫. ફ.૧.

(૪) Maçoudi par. B. de Meynard Vol. II. p. 127 Chap. XXI.

## જરથોશ્ત પેગામ્બરની જીંદગી ઉપરથી મલતો ધડો

જરથોસ્તની જીંદગીનો ઉપલો અહેવાલ આપણને નીચલા થોડાક વિચારો સુચવે છે.

### (૧) સારા ધારા

પેહેલો બોધજનક વિચાર આ છે કે પોતાનાં માત પિતા અને ઉસ્તાદ આગળની કેળવણી તમામ કરી, તેવણ ૨૦ વર્ષની ઉમરે એક પાહાડ ઉપર એકાંતવાસમાં રહ્યા હતા, અને ત્યાં ૧૦ વર્ષ સુધી શાંત મને અહુરમજ્દને યાદ કરી તેવણે અભ્યાસ અને શાંત વિચારમાં વખત ગુજાર્યો હતો. તેમ કરી, તે દાદારની બશારતથી આગળી દીનમાં સુધારો કરી એક સુધારક તરીકે પોતાની નવી દીન તેવણે જાહેર કરી હતી. તેવણ પછીના જમાનાએ એક અવાજે તેવણને એક પેહેલી પંકિતના સુધારક ગણ્યા છે. પેહેલવી પુસ્તકોમાં એવણની જીંદગી બાબે જે એશારાઓ મળે છે તે ટાંકી અને તેને એશારો કરી ડા૦ વેસ્ટ આ અનુમાન ઉપર આવે છે કે, પેગામ્બર જરથોસ્ત એક નવા ધર્મ સ્થાપક સાથે એક સુધારક હતા. તેવણે આગળા તરીકાઓમાં જે જે ભલું હતું, તે જાળવી રાખ્યું અને જે નવું ફાયદાકારક હતું તે ઉમેર્યું હતું. ડા૦ જેકસન પણ પેગામ્બર જરથોસ્તને એક સુધારક જાહેર કરે છે.

આપણ સર્વ, આ સુધારા અને વધારાના જમાનામાં, રહીએ છિએ. વખતનું લોલક એક નાકેથી બીજે નાકે જમાના થયા હીલતું આવ્યું છે. એક પ્રજા માટે એક

જમાનો સુધારા અને વધારાનો ગણાતો આવ્યો છે તો બીજો જમાનો તેથી ઉલટોજ ગણાયો છે. પણ કોઈબી રીતે જોતાં દિસે છે કે આ દુનિયા આગળ વધતી અને સુધરતી આવી છે. તે ફ્રશોકેરેતી એટલે તાજી યાને નવી હાલત તરફ આગલ વધતી આવી છે. તે હાલત ઉપજાવવાનું આપણ સર્વનું કામ છે. 'સુધારો' એટલે 'સારો ધારો' અખત્યાર કરવો, એ આપણ સર્વનો ધર્મ છે, એ આપણ સર્વની ફરજ છે. તેમજ 'કુધારો' એટલે 'ખરાબ ધારો' ત્યાગ કરવો, એ પણ આપણ સર્વનો ધર્મ છે, એ પણ આપણ સર્વની ફરજ છે. એ બન્ને આપણા પેગામ્બરે આપણને સોંપેલાં, આપણને દેખાડેલાં કામો છે. તેવણ પોતે, જેમ એક અવાજે બોલાયું છે તેમ, એક પેહેલી પંકિતના સુધારક હતા. ત્યારે આપણ, જેઓ સર્વ સુધારાના કહેવાતા જમાનામાં જીવ્યે છિએ, તેઓએ સુધારો અખત્યાર કરવા માટે હાલ શું કરવું જોઇએ? તે બાબે આપણે આપણાં એ મહાત્મા પેગામ્બરની, આપણા એ મોહટા સુધારકની જીંદગી ઉપરથી ધડો લેવો જોઈએ.

## સુધારો અથવા સારો ધારો એટલે શું?

પેહેલાં તો આપણે સમજવું જોઇએ કે 'સુધારો' અથવા 'સારો ધારો' એટલે શું? અથવા સુધારો અખત્યાર કરવો એટલે શું? એ સવાલનો જો તમો તમારા પેગામ્બરનાં વિચારોની રૂઢીના શબ્દોમાં, તેની કારકીર્દિ ઉપરથી ઉપજના વિચારોનાં શબ્દોમાં, જવાબ આપવા માગતા હોવો તો, ડા. વેસ્ટના ઉપલા શબ્દોમાં કહીએ તો, તે જવાબ આ છે કે "માણસ જાતને માટે

જેવી કાંઈ બુરૂં અથવા નુકસાનકારક હોય તે તજવું, અને માણસ જાત માટે જેવી કાંઇ ભલું અને ફાયદાકારક હોય તે અખત્યાર કરવું, તે સુધારો છે." આ વ્યાખ્યામાં જે બુરૂં અને ભલું તે બેઉ શારીરિક અને આત્મિક (Physical and Spiritual) સમજવું. જરથોસ્તે શિખવેલી દીનનાં ફર્માનોની અને તે ફર્માનોને આધારે રચાયલા રિવાજો અને રીતભાતોની ખરી તપાસ યા કસોટી તમારે કરવી હોય તો તે પેગામ્બર જરથોસ્તે શિખવેલા એ મુળ કાયદા પ્રમાણે કરવી.

### (૨) જીંદગીમાં સુખ અને દુઃખ ભેળાયલું છે

પેગામ્બર જરથોસ્તની જીંદગીની હકીકત ઉપરથી આપણને બીજો અગત્યનો વિચાર આવે છે તે આ છે કે, તેવણના જેવા તે દાદારના પસંદ કીધેલા પેહેલી પંક્તિનાં માણસ માટે પણ આ દુનિયાની જીંદગી કાંઇ ગુલાબનું બિછાનું ન હતી. તમારા વિચાર પ્રમાણે પેગામ્બર જરથોસ્તનાં કરતાં કોઇ માણસ આં દુનિયામાં મોટો થયો છે? જ્યારે તેવણનાં જન્મથી કુલ જગત હસ્તી થઇ હતી ત્યારે અલબત્તે તેવણ મોટામાં મોટા માણસ હોવા જોઇએ. આપણે તો આપણા ધર્મ તરફની જાનફેશાની માટે એમ કહીએ છિએ, પણ રોશન છે, કે જુદા જુદા દેશોના અને જુદા જુદા જમાનાના વિદ્વાનો, અને વળી હાલના જમાનાના મોટા વિદ્વાનો પણ, પેગામ્બર જરથોસ્તને એક મોટા ફિલસુફ અને સર્વે બાબતોના ઊંડાણથી વિચાર કરનાર એક મહાન પુરૂષ ગણે છે. ત્યારે એવા ખુદ દાદારે અને વળી દુનિયાએ પસંદ કરેલા મહાન પુરૂષની જીંદગી કેવી નિવડી હતી? શું તે, જેને સાધારણ રીતે માણસો આસાન અથવા સુખી કહે

છે તેવી ગુજરી હતી ? ના. તેથી, તદન ઉલટું, તે જીંદગી ચિંતા અને ફિકરની, મેહેનત અને રંજની, દુશ્મનાઇ અને હરીફાઇની અદેખાઈ અને ઇર્ષાની ગુજરી હતી. ટુંકમાં તે હાડમારી અને જુમએશની ગુજરી હતી. સાત વર્ષની ઉમરે પોતાનો અભ્યાસ શરૂ કરી, તેવણ ૨૦ વર્ષની ઉંમરે એક પાહાડમાં એકાંતવાસી થયા હતા. ૧૦ વર્ષ ત્યાં અભ્યાસ કરી અને શાંતપણે વિચાર કરી, ખુદ દાદારથી બશારત મેળવી તેવણ પાહાડી એકાંતવાસમાંથી પાછા વસ્તીવાળા મુલકમાં આવ્યા હતા અને પોતાના એકાંતવાસના અભ્યાસનાં પરિણામ તરીકે પોતાની દીન લોકોને શિખાડવા લાગ્યા હતા. તેનું પરિણામ શું શરૂઆતમાંજ ફતેહમંદ આવ્યું હતું? ના. પાહાડપરથી નીચે આવ્યા પછી ત્રણ વર્ષે, જયારે તેવણે કરપ નામના પોતાનાં ખેશી કુંટુંબ આગળ અને તેઓમાના અઉર્વઇતીદંગ નામના શખ્સ આગળ દીન સમજાવવા માંડી ત્યારે તે કોશેશ નિષ્ફળ ગઈ. પાહાડપરથી ઉતર્યા પછી છેક દશમે વર્ષે તેવણ મેદયોમાહને પોતાનો પેહેલો શાગેર્દ બનાવી શકયા. એટલે દશ વર્ષની મેહેનતે ફકત એકજ નામીચા ધણીને માજ્દયસ્નની જરથોસ્તી બનાવી શકયા. "મજ્દયસ્નો અહ્મી મજ્દયસ્નો જરથુસ્ત્રિશ" એટલે "હું માજ્દયસ્નાન છું, હું જરથોશ્તી માજ્દયસ્નાન છું." એવા દીનના એકરારના સુખન ફકત એકજ જન અને તે પોતાના ખેશી મેદયોમાહ પાસ તેવણ બોલાવી શકયા હતા. ત્યાર પછી છેક બે વર્ષે, એટલે પાહાડના એકાંતવાસમાંથી દીન ફેલાવવાના હેતુથી નીચે ઉતરી દીન જાહેર કરવા પછી છેક બારમે વર્ષે, તેવણ શાહ ગુસ્તાસ્પને પોતાનો ચેલો બનાવી શકયા હતા. તેવણ એ શાહને જરથોસ્તી બનાવી શકયા, તે તેવણની

મોટી ફતેહ હતી. પણ તે આગમચ તેવણુને કેટલી હાડમારી ખમવી પડી હતી? તેવણુ સામે દુશ્મનો ઉભા થયા હતા. તે દુશ્મનોએ તેવણ ઉપર તરેહવાર આળો મુકયાં હતા. તેવણુની અને તેવણુની દીનની દુશ્મની ખાતર અરજાસ્પ જેવો પાદશાહ ગુશતાસ્પ સાંમે જંગ લાગ્યો હતો. એ સઘળાંની જેહમત અને રંજ, ચિંતા અને ફિકર, હાડમારી અને હેજગારી, કાંઈ થોડી નહિ હતી. ત્યારે આપણા પેગામ્બરની જીંદગી કાંઇ એશ અને આરામ, રાહત અને આસાની ભરી ન હતી પણ ફિકર અને ચિંતા, રંજ અને જેહમત ભરી હતી. પણ તે સર્વનું સેવટ શું કેહવાય? તે ફતેહમંદ કહેવાય. એ સઘળું છતાં તેવણુની જીંદગી સેવટે ફતેહમંદ નિવડી હતી. સઘળાંનું સારૂં સેવટ આવ્યું. તેવણુના જમાનાએ તેવણુનાં કામની પિછાન બરાબર ન કરી, તો તેવણુની પછીના જમાનાઓએ, અને તેમાં આજના જમાનાએ વટીક તેવણુની પિછાન બરાબર કીધી છે.

એવણુ સાહેબની જીંદગીનો આ સફો ત્યારે આપણુને શું શિખાડે છે? તે આ શિખાડે છે, કે આ દુનિયા, જ્યારે તેવણુના જેવા અહુરમજ્દ અને માણુસોથી પસંદ પામેલા પેગામ્બર માટે "ગુલાબનાં બિછાનાં" જેવી ન હતી, તો આપણુ સાધારણ બંદાઓ માટે કેમ હોય? આપણે આપણું કામ કરવા માટે, ફરજ બજાવવા માટે, હંમેશ સુખનો વિચાર કરવાનો નથી. જીંદગીમાં સુખ સાથે દુઃખ તો ભેળાયલું છે. સુખ મેલવવા માટે દુઃખ વેઠવું જ જોઈએ. દીમીટરના આ શબ્દો છે કે "જે માણુસે દુઃખ જોયું નહિ હોય તેનાં કરતાં વધારે અ-સુખી કોઇ નહિ."

જીંદગીમાં સુખ સાથે દુઃખ તો ભોગવવાનુંજ છે. આખી જીંદગી સુખી હોય તો સુખ તરીકે સુખની પિછાન ન થાય યા તેની મજાહ ન મળે. દુઃખ અથવા જંજાળ સાથેની સરખામણીમાંજ, સુખ, સુખ તરીકે વાહલું લાગે છે. જાહેર જીંદગીમાં પડેલા મનુષ્ય માટે ખરું સુખ શામાં છે ? તે બાબે આ જવાબ અગત્યનો છે કે "દેખઈતી દુશ્મનાઈ તળેથી દિલસોજી અને સંબંધ શોધી કાહડવામાં, કુસંપની વચ્ચેથી સંપ અથવા મળતાપણું ઉત્પન્ન કરવામાં અને સંપૂર્ણ અવ્યવસ્થામાંથી વ્યવસ્થા ઉત્પન્ન કરવામાં સુખ સમાયલું છે."

(૩) ખરૂં સુખ ફરજ બજાવવામાં છે.

પેગામ્બર જરથોસ્તની જીંદગી આપણને જે ત્રીજો વિચાર સુચવે છે તે આ છે, કે ખરૂં સુખ ફરજ બજાવવામાં અને તે ફરજ બજાવવામાં ગમે તેવી મુશ્કેલીઓ આવી પડે તે મુશ્કેલીઓનું દુઃખ ખમવામાં છે. તે મુશ્કેલીઓ અને દુઃખો ખમતાં જોખમમાં જવું પડે તો તેની કાંઈ બિસાત નહિ ગણવી જોઇએ. પેગામ્બર જરથોસ્તનો અથવા તેવણુની દીનનો નીતિજનક સંકેતનો શબ્દ (watchword), ડા૦ જેક્સન કહે છે તેમ, "અશેમ વોહૂ વહિસ્તેમ અસ્તી" એટલે "અશોઈ સર્વથી સરસ ન્યામત છે," એ પુકારો છે. તેવણુનાં ફર્માનોમાં મોટામાં મોટું ફર્માન આ છે કે "જુઠાંને ધિક્કારવું અને સાચ્ચું અખત્યાર કરવું." એ ફર્માન પાળવું, એ આપણ સર્વની ફરજ છે.

ડા૦ જેક્સન કહે છે તેમ "અસલી ઇરાનીઓનાં ધર્મના મુળ તરીકે ગણાતાં નીતિમાન ફર્માનોમાં એ

સર્વથી મુળ પાયા તરીકેનું ફર્માન હતું." પેગામ્બર જરથોસ્ત, પોતે શિખવેલો એ નિયમ ધ્યાનમાં રાખી, તે ઉપર અમલ કરી, પોતાની જીંદગીમાં ફરજ બજાવી સુખ શોધતા. પોતાની ભલી દીન ફેલાવવામાં એવણને ઘણી દુશ્મનાઇ મળતી, પણ એવણ સાહેબ ધીરજથી પોતાના દુશ્મનો વટીકને પોતાનાં વિચારો સમજાવવામાં સબુરી અને ધીરજ વાપરતા અને તેઓને હરીફ બનાવવાને બદલે પોતાનાં કામ તરફ દિલસોજ બનાવવાને કોશેશ કરતા. પોતાના મુલકમાં ધર્મ અને નીતિ સંબંધી ઘણું અચોકસપણું અને ગેરવ્યવસ્થા જોઇ, તેવણે તેમાંથી હિમ્મતથી ચોકસપણું અને વ્યવસ્થા ઉત્પન્ન કરવાની ફરજ જોઇ, અને તે ફરજ બજાવવામાં તેવણે પોતાનું સુખ જોયું. પોતાની દીનવાળાઓને જે એકરાર કરવાને તેવણે શિખવેલું-કે તેઓએ જાન જાય તોપણ ("નોઇત અસ્તો, નોઇત ઉસ્તાનહે ચીન્માનિ" એટલે "નહિં શરીરના કે નહિ જાનના પ્યાર ખાતર પણ") ખોટું કરવું નહિ-તે તેવણે પોતે પોતાના દાખલાથી ખરૂં પાડયું હતું. તેવણે પોતાનાં આકીન માટે, પોતાના વિચારને વળગી રહેવા માટે પોતાનો જાન પણ ખોયો હતો. આપણે જોયું તેમ, તેવણ કોઇ કુદરતી મોતે મરણ પામ્યા હતા નહિ, પણ એક દીન દુશ્મન, જે તેવણ સાથે તેવણની નવી દીનને લીધે દુશ્મની ધરાવતો હતો, તેના હાથે માર્યા ગયા હતા.

## ( ૪ ) ભલાં કામમાં ઉલટ

જરથોસ્ત સાહેબની જીંદગીની હકીકત ઉપરથી આપણને ચોથો કીમતી ધડો આ મળે છે, કે એક ભલાં કામને

હાથ ધરવું તો તેનાં સેવટ માટે ઘણું ચિંતાતુર નહિ બનવું. તે ફતેહમંદ ઉતરશે કે નહિ, તે બાબે વિચાર કરવા ઘણું ચિંતાતુર નહિ બનવું. તે ફતેહમંદ ઉતરશે કે નહિ તે બાબે વિચાર કરવા ઘણું ખોટી થવું નહિ. અલબતે કોઇ કામ ભલું છે કે નહિ તે બાબે આપણને શક હોય તો એક મુકીને એક હજાર વખત ખોટી થવું અને તે ઉપર વિચાર કરવો. પણ જો એક કામ આપણને વાજબી અને આજુબાજુનાઓનાં ભલા માટે અગત્યનું લાગે તો તેમાં આપણને ફતેહ મલશે કે નહિ તે બાબેના વિચારોએ આપણને તે કામ હાથ ધરવાથી અથવા હાર પાડવાથી અટકાવવા નહિ જોઇએ. તે કામ આપણે હાથે પાર પડે નહિ તો ફીકર નહિ, તે કોઇને હાથ પાર પડશે તે માટે કાંઇ નહિ તો કોશેશ કરવી. કેટલાક દાનાવો આપણને સમજાવે છે તેમ, કાંઇ નહિ તો ભલો વિચાર વટીક પોતાનો છાપ આજુબાજુ પાંથરી રાખે છે. એક ભલો વિચાર અમલમાં નહિ આવે તોપણ તેની અસર આજુબાજુ જાણે તર્યાં કરે છે અને તે વિચાર અમલમાં તુરત નહિ મુકાય તો પણ તેની સુગંધ તો આજુબાજુ ફેલાયલી રહે છે. જયારે ફકત વિચારના સંબંધમાં એમ છે ત્યારે કામના સંબંધમાં તો એ ઘણી હદે ખરૂં છે. જો આપણને એક કામ ભલું દિસે તો તેનું પરિણામ આપણે હાથે અથવા આપણા વખતમાં ફતેહમંદ આવશે કે નહિ, તે માટે વિચાર કરવા ઘણું ખોટી થવું નહિ. પેગામ્બર જરથોસ્તે જે દીન જાહેર કરી હતી તેનું પરિણામ, જેટલું તેવણની જીંદગીના વખતમાં ભલું આવ્યું, તેના કરતાં તેવણ પછી

વધારે આવ્યું. તેવણની દીનનો ફેલાવો તેવણ પછી વધારે થયો. માટે એક કામ જો ભલું દિસે અને તે માટે જો આપણી ખાતરી થાય તો તે બેલાશક હાથ ધરવું. તેમાં નિષ્ફળતા મલે તો ફિકર નહિ. તે નિષ્ફળતા ભવિષ્યની કોઇ ફતેહ માટે માર્ગ ખુલ્લો કરશે. તે કામ કરવું તો તે ખરી કાળજી અને ઉમંગથી કરવું. જાણે તેની ફતેહનો સઘળો આધાર આપણા એકલાની ઉપરજ હોય તેમ ઉમંગથી કરવું એક દાનાવ શિખામણ દેછે તેમ, એક કામ હાથ ધરવું ત્યારે ખુદા તે પાર પાડે એવી દુઆ ઉપર જ ફકત આધાર રાખી થંડે દિલે અને અર્ધે મને નહિ કરવું, પણ ગરમ અને તાજાં દિલે અને સંપૂર્ણ મને કરવું. તે દાનાવ કહે છે તેમ, જાણે ખુદા નહિ હોય અને તે કામનો સઘળો આધાર આપણા ઉપરજ હોય તેમ ધારી હિમ્મત અને ઉલટ, રંજ અને જેહમતથી તે કામ હાથ ધરવું. તે કામનો દડો ગબડતો કરી, તે તમામ કરી, પછી તેનાં પરિણામ માટે, તેની ફતેહ માટે, અહુરમજદ ઉપર, અહુરમજદના કાયદાઓ ઉપર વિશ્વાસ રાખવો અને ધારવું કે "આપણ તે બિસાત વિનાના છિએ અને તે કામની ફતેહનો સઘળો આધાર તે સાહેબ ઉપર, તે સાહેબના કાયદાઓ ઉપરજ છે." ત્યારે એક ભલું કામ ખરાં જીગરથી, ઉલટ અને ખંતથી હાથ ધરવું. તેમાં નિષ્ફળતા મળે તો ફિકર નહિ. તે ફતેહનોજ માર્ગ છે. ખરી નિષ્ફળતા તો તે માટે કોશેશ નહિ કરવામાં છે. એક લખનાર કહે છે તેમ "મુખ્ય નિષ્ફળતા તો એક કામ માટે કોશેશ કરતા બંધ પડવું તે છે."[1]

(૧) જુઓ મારો વિષય "પેગમ્બર જરથોસ્ત અને તેવણની જીંદગી ઉમરથી ઉપજતા વિચારો" (જરથોસ્તી ધર્મ સંબધી ભાષણો અને વાએજો ભાગ ૧. પા. ૧૪૪ થી ૧૪૯)

# પ્રકરણ છઠ્ઠું

## અશો જરથોશ્ત પછી આજ સુધીની જરથોશ્તી ધર્મની ટુંક તવારીખ.

### શાહ ગુસ્તાસ્પ, અસફન્દયાર બહુમન અને દારાએ દારાબ

પાદશાહ ગુશતાસ્પે, જરથોશ્તી દીન પોતે કબુલ કરવા પછી તે દીન બધે ફેલાવી[1]. તે માટે પોતાના બેટા અસફન્દયારને છેક હિંદુસ્તાન સુધી મોકલ્યો હતો. રપીથવનની આફ્રીનમાં દીનની સ્તુતિ કરનારાઓ અને દીન કબુલ કરનારાઓ સાથે એના ફ્રોહરને એ સબબે યાદ કર્યું છે. ફિરદોસી[2] પ્રમાણે તેણે જરથોશ્તી-દીનનાં સંબંધમાં માનતા લીધી હતી કે તે તે દીન ફેલાવીને ૧૦૦ આતશ કદેહો સ્થાપશે.

દીન માટેની અરજાસ્પ સાથની બીજી લડાઇમાં પેગામ્બર જરથોશ્ત માર્યા ગયા પછી, તેવણની દીન વધુ અને વધુ ફેલાતી ગઇ. પાદશાહ ગુશતાસ્પે એ દીનનાં ફેલાવા માટે ઘણું કર્યું હતું. ૨૧ નુશ્કોમાંનાં ૧૧ માં નુસ્ક પ્રમાણે તેવણે તે સારી જેહાનમાં ફેલાવવાની કોશેશ કરી હતી[3].

---

(૧) S. B. E. XXXVII. (p. 442.) માં નુશકની વિગત. જુઓ દીનકર્દ, દફતર ચોથું (દસ્તુર પેશોતનનું વોલ્યુમ ૯. પા. ૫૪૫) S. B. E.,

(૨) શાહનામું

(૩) જુવો ફારસી રેવાયતોમાં અને દીને વજર કર્દમાં ૧૧ માં નુસ્કનો સાર; S. B. E. XXXVII, પા. ૪૨૪, ૪૬૨. જુઓ મારી યાદગારે જરીરાન શનોઈહા એ અઇરાન વ અફ્દીઅ વ સહીગીઅ એ સીસ્તાન", પા. ૧૨૫.

શાહ ગુશતાસ્પે પેહેલે પોતાનાં મુલકની આસપાસ સીસ્તાનુમાં ફ્રજ્દાન સરોવરનાં મુલકમાં એ દીન ફેલાવી. એ બાએ 'અફ્દીઅ વ સહીગીઅ એ સીસ્તાન' નામનાં પેહેલવી પુસ્તકમાં કહે છે કે "ગુશતાસ્પ પાદશાહે ફ્રજ્દાન સરોવરપર દીન ચાલુ કીધી; પેહેલે સીસ્તાનમાં અને પછી બીજાં શેહેરોમાં. અને ગુસ્તાસ્પ પાદશાહ જરથોસ્ત સાથેની પુછપરછથી અને ઓસ્તનો અહુમ સ્તુદાન તેજ•મિસાલે જરથોસ્તનાં શાગેર્દો (સાથેની પુછપરછથી) પેહેલ વેહેલાં ખરાં જીગરથી તે (જરથોસ્ત)ના ચેલા થયા હતા.

"સીસ્તાનમાં દીન શિખવી અને (તેને વધારે) ફેલાવવા માટે ૫૦ અને ૫૦ (ની સંખ્યામાં) સારા આદમીનાં કુટુંબોમાં તેઓ ગયા. એક તુરક, જેને દવાસીરજ કહે છે, તેને તૈયાર કરવા માટે જરથોસ્તનાં સએનબોર્જ મિત્રો, જે અશકાંન, તેના જેવો (શાગેર્દ રોકાયલો) હતો."[1]

દીનકર્દનાં ચોથાં દફતરમાં શાહ ગુસ્તાસ્પ પછી જરથોસ્તી દીન કેમ ફેલાઈ તે બાબે કેટલીક હકીકત આપી છે. ત્યાં કહે છે કે "જ્યારે પાદશાહ ગુસ્તાસ્પ (તુરાનના પાદશાહ) અર્જાસ્પ સાથની લડાઇથી ફારેગ થયો, ત્યારે તેણે બીજા પાદશાહો ઉપર (માજ્દયસ્ની) દીન કબુલ કરવાના પેગામો મોકલ્યા; તથા સઘળી દાનાઇઓમાનાં જે જેબદાર માજ્દયસ્ની દીનનં લખાણો ઘણીક તરેહની સમજ અને શક્તિ મેલવવાને લગતાં હતાં, તેનો (દુનિયાનાં લોકોમાં) ફેલાવો કરવા સારું, સ્પીતિ અને અરજરાસ્પ અને બીજા તેને લગતી ભાષાઓનો અભ્યાસ કરેલા મોબેદો, જેઓ ફ્રશોસ્તરની આગળ

(૧) ઉપલું પુસ્તક પા. ૧૨૫–૧૨૭.

દીનને લગતાં જ્ઞાનનો પુરતો અભ્યાસ ખોનેરસમાં કરીને આવેલા હતા, તેઓને સાથે મોકલ્યા હતા"[1]

અસફન્દયાર પછી તેના બેટા બહમને તમામ દુનિયામાં દીન ફેલાવવાની કોશેશ કીધી.[2]

બહમન પછી દારાએ દારાબ નામનાં પાદશાહે જરથોસ્તી દીનનું સાહિત્ય એકઠું કરવા અને ફેલાવવાનાં કામમાં મદદ કીધી હતી. દીનકર્દ[3] પ્રમાણે ઇરાનનાં ગંજે શપીગાન અને દજે નપીસ્ત નામનાં બે પુસ્તકખાનાઓને સંપુર્ણ કરવામાં એનો હાથ હતો.

## સએન અહુમ સ્તુદાન

અસફન્દયાર પછી બીજો જાણીતો પુરૂષ, જેણે એ દીન ફેલાવવામાં આગેવાન ભાગ લીધો હતો, તે "સએન અહુમ સ્તુદાન" નામનો પુરૂષ હતો,[4] જે પેગમ્બર જરથોસ્તે દીન જાહેર કરવા પછી ૧૦૦ વર્ષે જન્મયો હતો. તેનાં ૧૦૦ શાગેર્દો હતા, જે સઘળાંઓએ એની સાથે દીન ફેલાવવામાં ભાગ લીધેલો દિસે છે. એની એ સેવાને લીધે એના ફ્રેરોહરને રપિથ્વનની આફ્રીનમાં દીન જાણુનારાઓનાં

(૧) દસ્તુરજી પેશોત્તન બેરામજી સંજાનાની દીનકર્દ, વાલમ ૯. પા. ૫૪૫.

(૨) "વોહુમનો ઇસ્પેન્ત દાતાન હમાક ગેહાન દીન રોબાક વાદુનીત," બહમન યસ્ત, બાબ ૨, ફ. ૧૭. દસ્તુર કેકોબાદ આદર બાદનો તેક્ષ્ટ.

(૩) દફતર ચોથું. દસ્તુરજી પેશોતનનું વાલમ ૯, પ.૫૪૬.

(૪) ફર્વર્દીન યસ્ત ફ. ૯૭, ૧૨૬; જાદસ્પરમ બાબ ૨૩, ફ. ૧૧, S. B. E. XLVII p. 166; દીનકર્દ (દ. પેશોતનનું) વા.૧ પહેલવી તેક્ષ્ટ પા. ૧૦, જેમાં દસ્તુર પેશોતને એ નામ હાયુન વાંચ્યું છે.

અને દીન શિખવનારાઓનાં ફ્રોહરની સાથે યાદ કર્યો છે. એવું દિસે છે કે એ ધણીએ પચાસ પચાસ જણુન ટોલકીનાં નિયમીત મીશને (Missions) સ્થાપી તેઓને દીનના ફેલાવા માટે મોકલ્યાં હતાં.[1]

## હિંદી અને યુનાની દાનાવો

એ દીન ઇરાનમાં ફેલાવા પછી તે તુરાન અને બીજા મુલકોમાં પણ ફેલાઇ હતી. પાછલાં પુસ્તકો પ્રમાણે હિંદુસ્તાન અને યુનાનથી દાનાવ મુરદો ઇરાન ગયા હતા, અને પેગામ્બર જરથોસ્ત પાસે તેની દીન શિખી તેઓએ તે હિંદુસ્તાન અને યુનાનમાં ફેલાવી હતી.[2]

## હખામીનીઅન પાદશાહો.

હખામીનીઅન વંશના પાદશાહોના વખતમાં એ દીન આજુબાજુના મુલકોમાં ફેલાઈ હતી. પાદશાહ દારાયસ પોતાની તખ્તીમાં પોતાની દીન પુર્વ યુનાનથી પશ્ચિમે હિંદુસ્તાન સુધી ફેલાવવાની નોંધ લેછે.[3]

હખામીનીઅન જમાનામાં યુનાન અને ઈરાન વચ્ચે મોટી લડાઇઓ થઈ હતી. તે લડાઇમાં જે ઈરાનીઓની

---

(૧) જુઓ મારી "યાદગારે જરીરાન શત્રોઇહાએ અઇરાન વ અઝ્દીઅ વ સહીગીઅ એ સીસ્તાન" પા. ૧૨૫--૧૨૭.

(૨) દબેસ્તાન, Shea and Troyer's Translation(1843) Vol. I, pp. 276-77. ચંગ્રગાચ નામું. જુઓ મો. Joachim Ménant નું પુસ્તક Zoroastre (1857) pp. 56-59.

(૩) નક્ષે રૂસ્તમનો લેખ. Les Inscriptions des Achéménides, par M. J. Oppert, pp. 245-48.

યુનાન ઉપર ફતેહ થઈ હતે તો આજે જરથોસ્તી દીન યુરોપના મોટા ભાગમાં ફેલાયલી હતે, એમ પ્રો. મેક્ષમુલર જણાવે છે[૧].

## સિકંદર

સિકંદરે જ્યારે ઇરાનનું રાજ્ય જીતી લીધું (ઇ. સ. પૂર્વે ૩૨૯) ત્યારે ઇરાનનાં રાજ્ય સાથે ઇરાનની દીનને પણ મોટો ફટકો લાગ્યો. તે દીનનું ઘણું સાહિત્ય નાશ પામ્યું.[૨] તે સાહિત્યનાં બે જાહેર મોટાં પુસ્તકખાનાં હતાં. તેમાંનું એક, જે દજે નપીસ્ત નામનું ઇસ્તિખરમાં હતું, તે સિકંદરે બાળી નાખ્યું. બીજું, જે ગંજે શપીગાન નામનું હતું, તેનાં પુસ્તકો યુનાનીઓ લઈ ગયા.

---

(૧)" If the battles of Marathon and Salamis had been lost and Greece had succumbed to Persia, the state religion of the Empire of Cyrus, which was the worship of Ormuzd, might have become the religion of the whole civilized world."

"Chips from a German Workshop," second edition (1880) Vol I, p. 162. Art. "Modern Parsees."

(૧) વીરાફનામું બાબ ૧ ફ. ૧-૧૫; "શત્રોઇહા એ અઇરાન. એરવદ જી. જ. મોદીનું પુસ્તક, "યાદગારે જરીરાન શત્રોઈહા એ અઇરાન," વિગેરે પા. ૫૫.; દસ્તુર તાનસરનું કાગજ. Journal Asiatique, Néuvième Série, Tome III 1894; દીનકર્દ, દફતર ત્રીજુ S. B. E. Vol XXXVII, Introduction pp. XXX-XXXI. p. 412-13; દસ્તુર પેશોતન બેહરામજી સંજાણાનું દીન કર્દનું વોલ્યુમ ૯, ગુજરાતી પાનાં ૫૩૮-૩૯; માસુદીનું પુસ્તક "કિતાબે મરૂજ અલજ હબ વ મઆદન અલ જોહેર, બાબ ૨૧; Maçoudi, par Barbier de Meynard, Vol II, p. 125.

## વલ્ખશ

સિકંદરને હાથે થયલી પાયમાલી પછી અશ્કાનીયન અથવા પાર્થીઅન વંશનાં વખતમાં વલ્ખશ(Vologeses I) નામના પાદશાહે ઈરાની સાહિત્ય અને દીન સજીવન કરવાની કોશેશ કીધી. એ પાદશાહ પોતે એક ધર્મી મોબેદ કુટું-બનો પાદશાહ હતો. સિકંદર પછી ધર્મ અને ધર્મના સાહિત્યનાં સંબંધમાં એક જાતનો સિહા જમાનો (Dark Age) બેઠો હતો. તે હવે નાબુદ થવાના જરા જરા ચીનહ દેખાવાં લાગ્યાં. તેનાં જમાનામાં જરા સજીવનની (Renaissance) શરૂઆત થઇ.[1]

## અર્દેશર બાબેગાન.

પાર્થીઅન વંશ પછી અર્દેશર બાબેગાને (ઇ. સ. ૨૨૬ થી ૨૪૦) ઇરાનને ફતેહ કરી તેનું અસલી ઇરાની વંશનું રાજય પાછું સ્થાપ્યું. તેણે રાજ્યની સ્થાપના સાથે તેની અસલી દીનને પણ તેની પુરતી રોશની અને જાહોજ-લાલીમાં સ્થાપવાની કોશેશ કીધી[2]. વલ્ખશે જે સજીવનની

---

(૧) ઇરાંનનાં ધર્મ સંબંધી સાહિત્યનો તવારીખ માટે જુઓ ઉપલાં દીનકર્દના દફતર ત્રીજાંનો સેવટનો ભાગ અને ચોથાંનો શરૂઆતનો ભાગ, દસતુર પેશોતનજીની દીનકર્દ વાલમ ૯ પાનું ૫૩૮ S. B. E. Vol, XXXVII, Introduction, pp. XXX-XXXI pp. 412-16. An Old Zend-Pahlavi Glossary by Dastur Hoshangji and Dr. Haug (1867) Introduction, pp. XXXI-XXXV for the text, and pp. XXXVII-XXXVIII for the translation.

(૨). દીનકર્દ દફતર ચોથું. દસ્તુર પેશોતનનું વાલ્યુમ ૯, પા. ૫૪૬, S. B. E. XXXVII, h. 414.

નાના પાયા ઉપર શરૂઆત કીધી હતી, તે હવે તેણે મોટા પાયા ઉપર ચાલુ કરવા માંડી. એ કાજે એ પાદશાહને રપિથ્વનની આફ્રીનમાં ખાસ કરી યાદ કીધો છે. એને એનાં દીન સજીવન કરવાનાં આ કામમાં તોસર યા તન્સર નામના તેના દસ્તુરે મદદ કીધી હતી.

## શાપુર પેહેલો

અર્દેશરની આ બાબતની કોશેશ તેના બેટા શાપુરે (ઇ. સ. ૨૪૦ થી ૨૭૧) ચાલુ રાખી. દીન અને રાજ્યની એકમતિ બાએ અર્દેશરે પોતાના આ બેટા શાપુરને ઘણીક શિખામણો દીધી હતી. ત્યારે તે શિખામણો સાંભળી શાપુર, પોતાના કીર્ત્તિવંત પિતાને પગલે ચાલી, દીનનાં પુસ્તકોનો સંગ્રહ કરવા પાછળ અને દીનને મજબુત કરવા પાછળ મંડે, એ કુદરતી છે. પણ તેણે એથી વધુ કર્યું હતું. દીનકર્દના ચોથાં[1] દફતરમાં કહે છે તેમ, તેણે દીનનાં દફતરો ઉપરાંત જુદી જુદી વિદ્યા અને એલમ હુન્નરોની બાબતો જેવીકે તબીબાત, ખગોળ વિદ્યા, ભૂગોળ, પ્રાણી વિદ્યા, વિગેરેનાં પુસ્તકો પણ એકઠાં કરવા માંડયાં હતાં. તેણે ફકત ઇરાનમાં જે પુસ્તકો વિખરાયલાં પડયાં હોય તેજ નહિ, પણ રોમન શાહાનશાહતના મુલકો તરફથી અને હિંદુસ્તાન તરફથી અને બીજા મુલકો તરફથી પણ પુસ્તકો એકઠાં કરવા માંડયાં હતાં. શપીગાનનું પુરાણું પુસ્તકખાનું, જે આપણે જોયું કે સિકંદરને હાથે પરાગંદે થયું હતું, તે આ શાપુર પેહેલાએ પાછું ઉભું કરવાની કોશેશ કીધેલી દિસે છે, કારણકે દીનકર્દ કહે છે કે,

---

(૧) દસ્તુર પેશોતનજીનું વાલમ ૯, પા. ૫૪૬. S. B. E XXXVII p. 414.

તેણે દીન અને વિદ્યાનાં, એલમ અને હુન્નરનાં, દેશે દેશથી એકઠાં કરવા માંડેલાં પુસ્તકોની એક ખાતરી ભરેલી શુદ્ધ નકલ શપીગાનનાં ખજાનામાં મેલાવી હતી.

## શાપુર બીજો

ત્યાર પછી આપણે જોઇએ છિએ કે એજ શાપુરના નામરાસિયા બીજા શાપુરે (ઇ. સ. ૩૦૯ થી ૩૭૯) દાનાવો અને ભણેલા પુરૂષોની મોહટી મિજલસ પોતાના મુલકમાં બોલાવી હતી. એ મિજલસ હાલના જમાનાની આવી 'કોનગ્રેસો' (Congress) માફક, આજુબાજુના ઘણાક મુલકોના ભણેલા અને દાનાવ લોકોની બનેલી હતી. તેમાં તરેહવાર બાબતો ઉપર વાદવિવાદ ચાલ્યો હતો અને તે વાદવિવાદ સાથે ઘણું સાહિત્ય એકઠું થયું હતું: અર્દેશર બાબેગાનની આ બાબતમાં જે સેવા તેના દસ્તુરં તોસરે બજાવી હતી, તે સેવા શાપુર બીજાની, તેના દસ્તુર આદરબાદ મારેસપંદે બજાવી હતી.

દીનકર્દનાં આઠમાં દફતર[૧]ની શરૂઆતમાંજ કહે છે કે એ નામાંકીત દસ્તુરે ફક્ત દીનની બાબતમાં જુસ્તેજોઇ કરવામાંજ એ પાદશાહને મદદ કીધી હતી, એમ નહિ, પણ તેણે નવાં પુસ્તકો રચવામાં અને બહારથી મેળવેલાં બીજાં પુસ્તકો એકઠાં કરવાની અને જાળવી રાખવાની કોશેશમાં પણ મદદ કીધી હતી.

---

(૧) S. B. E, XXXVII, p. 10, Dinkard, Bk. VIII, Chap. I, 22.

## નોશેરવાન અદલ

શાપુર બીજા પછી જરથોસ્તી દીનનાં સાહિત્યમાં વધુ શોધખોળ કરનાર, દીનકર્દ (દફતર ચોથા) પ્રમાણે, ખુસ્રુ કોબાદ, જે નોશેરવાન આદેલનાં લોકપ્રિય નામથી વધુ જણાયલો છે, તે હતો. એવું દિસે છે કે, જ્યારે ધર્મ સંબંધી બાબતમાં ઘણો મતફેર ઉઠે છે અને ઘણી ગરમાગરમ તકરાર થાય છે ત્યારે, પેલી કહેવત કે "માઠું થાય તે સારાંને કાજે", તે પ્રમાણે ઘણુંક નવું સાહિત્ય બાહાર પડે છે.

નોશેરવાન આદેલ (ઇ. સ. ૫૩૧ થી ૫૭૯)ના વખતમાં એવો એક ખાસ બનાવ આ બન્યો હતો, કે તેના બાપ કોબાદનાં રાજ્યમાં મજદક નામનો એક ધણી પેદા થયો હતો, જે કેટલાકોના કહેવા પ્રમાણે એક પેગામ્બર (Pseudo-prophet) હોવાનો દાવો કરતો હતો. જ્યારે મજદકે પોતાનો નવો પંથ ફેલાવવા માંડયો, ત્યારે તેને તોડવા માટે દીનનાં દફતરોની શોધખોળ કરવાની વધારે જરૂર જણાઇ, એવા વિચારથી કે ખુદ દીનનાં ફર્માનો જાહેર પાડી તેને વળગી રેહવા માટે લોકોને કહેવામાં આવે. તેથી નોશેરવાન પોતાના બાપના વખતમાં મજદકને મહાત કરી, તેને મારી નખાવી, જ્યારે પોતે ગાદી ઉપર આવ્યો, ત્યારે તેણે દીનના અભ્યાસને ફરીથી સજીવન કર્યો અને તેના સાહિત્યને વધુ ટેકો આપી એકઠું કરવા માંડયું. મજદકના વિચારોને દાબી નાખવા કાજે સાહિત્ય એકઠું કરવા માટે અને તેની રૂએ તકરાર કરવા કાજે તૈયાર થવા માટે નોશેરવાને શેહેરે શેહેરથી ભણેલાઓ અને દાનાવોને

બોલાવી તેઓની મિજલસ પોતાનાં બાપના વખતમાં બોલાવી હતી, તે માટે ફિરદોસી પણ બોલી જાય છે.[૧]

## નોશેરવાન પછી ઇરાનના ધર્મ અને સાહિત્યની હાલત.

નોશેરવાન પછી ઇરાનનું રાજ્ય લાંબો વખત મજબુત રહ્યું નહિ. તેની પછી કોઇ પાદશાહને ઇરાનની દીન અથવા સાહિત્યની ખાશ મુરબ્બીગીરી કરતો આપણે જોતા નથી. ઇરાનને હવે એક પછી એક નબળા રાજાઓ મળ્યા અને તેથી સેવટે આરબોને હાથ તેની હાર થઇ. તે હાર સાથે આગળ જે કાંઈ સાહિત્ય એકઠું થયું હતું તે પાછું નાશ પામ્યું યા વિખરાઇ ગયું. સિકંદ્રીઆનાં પુસ્તકખાનાંનો નાશ કરતાં જે દલીલ ખલીફે વાપરી હતી તેજ દલીલ આરબોએ ઇરાનને લાગુ પાડેલી હોવી જોઈએ. ઇરાનનું અસલ સાહિત્ય નાશ થતું ચાલ્યું, અને કેટલુંક આરબોની ભાષામાં તરજુમો થવા પામ્યું. તોસર યા તાનસરનું કાગળ, કલીલે દમનેની વાર્તા, સીન્દબાદ નામાંની વાર્તા, વિગેરે લખાણો દેખાડે છે, કે પેહેલવીમાંથી આરબીમાં તરજુમો થઇ આરબી મારફતે તેઓ ફારસીમાં આપણે હાથ આવ્યાં છે.

## આરબોને હાથે મળેલી હાર પછીની હકીકત.

આરબોને હાથે મળેલી હાર થવા પછી આપણો ધર્મ મોટે ભાગે નાશ પામ્યો. એક હાથ ઉપર, બીજા ધર્મો પાળનારાઓ

(૧) જુઓ એરવદ જીવનજી જમશેદજી મોદીનાં "શાહનામાનાં દાસ્તાનો, ભાગ બીજાં"માં "નોશેરવાન આદેલ અને મજદક"નું દાસ્તાન, પાના ૨૪-૨૫.

ઉપર ઈસ્લામીઓ જાસ્તી અને દોર ચલાવતા હતા તેથી, અને બીજા હાથ ઉપર જેઓ ઇસ્લામી ધર્મ પાળતા હતા તેઓને તેઓ ખાસ હક્કો અને ઉત્તેજન આપતા હતા તેથી, સંખ્યાબંધ જરથોસ્તીઓએ પોતાનો ધર્મ તજ્યો. કેટલાકો વર્ષો સુધી પાહાડી મુલકોમાં રહી ત્યાં પોતાનો ધર્મ છુટથી પાતળા હતા. યજદજર્દ પછી નજદીક ૧૦૦ વર્ષ સુધી એવા કેટલાક જરથોસ્તીઓ ખોરાસાનમાં કોહિસ્તાનના પાહાડી મુલકોમાં રહ્યા હતા. કેટલાક સબબોને લીધે ત્યાં પણ રહેવાનું સલામત નહિ માલુમ પડવાથી તેઓ ત્યાંથી નિકળી ઇરાની અખાતમાં ઓરમજદના ટાપુમાં આવી રહ્યા. પછી, ત્યાંથી હિંદુસ્તાન આવ્યા. પેહેલે કાઠિયાવાડના દક્ષિણ કોસ્તા ઉપર આવેલા દીવ ટાપુમાં રહી પછી ગુજરાતમાં સંજાન ખાતે આવી રહ્યા. સંજાન આવી તેઓએ ત્યાં એક આતશબેહરામ સ્થાપ્યું. ત્યાં તેઓ કેટલીક હદે છુટથી પોતાનો ધર્મ પાળતા હતા. અહિંથી તેઓ ગુજરાતના બીજા ભાગોમાં વિખરાયા એ મુલકમાં જેમ જેમ તેઓ હિંદુઓ સાથે સંબંધમાં આવતા ગયા તેમ તેમ તેઓ તેઓની કોઇક રસમો પોતામાં દાખલ કરતા ગયા. જ્યારે કોઇ ધાર્મીક બાબતો ઉપર તેઓને શક પડતો યા વધુ જ્ઞાન મેળવવાનો વિચાર થતો, ત્યારે તેઓ ઇરાન ખાતે કાગળો લખી ત્યાંના દસ્તુરોને સવાલો પુછતા. તે સવાલ જવાબો રેવાયતને નામે જળવાઇ રહ્યા છે. આપણી રસમોમાં જે કાંઇ હિંદી તત્વ દાખલ થયું હોય તે કાહડી નાખી તેને સ્વચ્છ કરવાની નજદીક ૬૦ વર્ષ થયાં કોશેશ ચાલુ રહી છે.

---

# પ્રકરણ સાતમુ

## અવસ્તાનાં પુસ્તકો શી બાબતનાં છે તેનો ખુલાસો·
## જંદ અવસ્તા.

આપણા ધર્મ પુસ્તકોને પાછલાં પેહેલવી પુસ્તકોમાં "અવસ્તા ઓ જંદ" એટલે "અવસ્તા અને જંદ" કહે છે. હાલમાં આપણે સાધારણ રીતે એઓ માટે "જંદ અવસ્તા" તરીકે બોલ્યે છિએ. એ પુસ્તકો માટે ખરો અસલ શબ્દ 'અવસ્તા' છે.

'અવસ્તા' શબ્દનો અર્થ શું થાય છે તે ચોકસ નથી. તે બાબે મતફેર છે. પણ ધાતુ·'વિદ' એટલે જાણવું, જે ઉપરથી આપણો ગુજરાતી શબ્દ 'વિદ્યા' નિકળ્યો છે, તે ઉપરથી એ શબ્દને નિકળેલો ગણી એનો અર્થ 'જણાયલું,' એમ લેવો દરૂસ્ત દિસે છે. અવસ્તા એટલે 'કુલ જગત અને તેનાં કર્તા માટે જે જણાયલુ' તે. જંદ શબ્દનો અર્થ પણ 'જન' એટલે 'જાણવું' ઉપરથી અવસ્તાને મળતોજ છે. પણ ખુદ અસલ અવસ્તાનાં લખાણનાં અર્થ બાબે જે સમજણ યા શરેહ તરીકે લખાયલું યા જણાયલું તે 'જંદ' તરીકે ગણાયું છે. ત્યારે "જંદ અવસ્તા"નો અર્થ "અવસ્તા અને તેની સમજણ યા શરેહ". આપણાં અસલ ધર્મ પુસ્તકો અને તેનાં ભણતરોને 'અવસ્તા' ને નામે ઓળખવું દરૂસ્ત દિસે છે. જે ભાષામાં એ અસલ ધર્મ પુસ્તકો લખાયાં છે તે ભાષા પણ અવસ્તા ભાષાને નામે જણાયલી છે.

## અસલ અવસ્તા

અસલમાં અવસ્તાનાં પુસ્તકો ઘણાં હતાં. આપણાં એક પેહેલવી પુસ્તક પ્રમાણે પેગામ્બર જરથોશ્તે અવસ્તાની ૧૨૦૦ પરગરદ[1] લખી હતી. હેર્મીપસ[2] નામનાં એક યુનાની લખનાર પ્રમાણે તેવણે ૨૦ લાખ સતરો લખી હતી. અબુ જફ્ફર અતવરી નામનાં એક આરબ લખનાર મુજબ તેવણે ૧૨૦૦ ચર્મપત્ર ભરી અવસ્તા લખ્યા હતા. અવસ્તાનાં એ અસલ કુલે લખાણો નુસ્કને નામે જણાયલાં છે. અસલમાં એવાં ૨૧ નુસ્કો હતાં. તેઓ પાછલથી એક પછી એક યુનાનીઓ અને આરબોને હાથે અને બીજા સબબોએ નાશ પામ્યાં. અહુનવર યાને યથા અહુ વઇર્યોની પુરાણી બંદગીના ૨૧ શબ્દો છે. તે શબ્દો સાથ એ ૨૧ નુસ્કોનાં નામો જોડાયલાં હતાં.

એ ૨૧ નુસ્કોમાંના કેટલાંકો, ધર્મ સંબંધી બાબતો ઉપરાંત, વિદ્યા, એલમ હુનરોની બીજી તરેહવાર બાબતો ઉપર હતાં, તે દીનકર્દ અને રેવાયતો વિગેરેમાં એઓનું જે વર્ણન આવ્યું છે તે ઉપરથી માલુમ પડે છે. પ્લીની પ્રમાણે પણ પેગામ્બર જરથોશ્તે કોઇક ખનીજ પદાર્થોની બાબત ઉપર લખ્યું હતું[3]. વળી એજ ગ્રંથકાર મુજબ એવણે ચોકસ પ્રકારની ખેતી કેમ કરવી તે બાબે પણ

(૧) "હજારો દો સદ પર્ગર્દ" શત્રોઇહાએ અઇરાન ફ. ૪.

(2) Pliny's Natural History Bk, XXX, chap 2. Bostock and Riley's translation, Vol. V p. 422.

(3) Ibid Bk. XXXVII chap 49,55 and 58. Vol. VI pp. 437, 443 and 448.

કાંઈ લખાણો કર્યાં હતાં[1]. તેવણનાં કોઈક તબીબી લખાણનો પણ પ્લીની એશારો કરે છે.[2] જો કોઇ નુસ્ક યા પુસ્તક આખું હાલ સુધી બચી રહ્યું હોય તો તે વંદીદાદ છે. હાલમાં બચી રહેલા મુખ્ય અવસ્તા નીચલે નામે જણાયલા છે: યજશ્ને, વીસ્પરદ, વંદીદાદ અને ખોર્દેહ અવસ્તા.

## યજશ્ને

યજશ્ને શબ્દનો અર્થ 'યજ' એટલે 'આરાધના કરવી યાને 'ક્રિયા સાથે સ્તુતિ કરવી,' એ ધાતુ ઉપરથી 'અહુરમજદની ક્રિયા સાથે સ્તુતિ કરવી,' એવો થાય છે.

યજશ્નેના ૭૨ ભાગ યા બાબ છે, જેને 'હા' કહે છે. યજશ્નેનાં બે મુખ્ય ભાગ છે. એક પુરાણો ભાગ છે, જેને ગાથા કહેછે. બીજો સાધારણ ભાગ છે, જે પાછળથી લખાયલે છે. એ બેઉ ભાગમાં આવેલી બાબતોનું ટુંક વર્ણન નીચે મુજબ છે.

## ગાથા.

યજશ્નેનો પુરાણો ભાગ ગાથાને નામે જણાયલો છે. તેનાં પાંચ ભાગ છે. અહુનવદ, ઉસ્તવદ, સ્પેન્તોમદ, વોહુક્ષથ, વહિશ્તોઇશ્ત. ગાથાનાં એ હા કવિતામાં લખાયલા છે. ગાથા, તેના ધાતુ 'ગા' એટલે 'ગાવુ', મુજબ, ગાઇને ભણવામાં આવતા. એ ગાથાના હા, ખુદ પેગામ્બર જરથોશ્તનાં, અને તેવણના શાગેર્દોનાં લખાંણ ગણાય છે.

---

(૧) Pliny's Natural History Bk. XVIII, chap. 55 Vol. IV, p. 72

(૨) Ibid, Bk. XXXVII, chap. 57. Vol. VI, p. 447.

## અહુનવદ ગાથા.

અહુનવદ ગાથાનાં ૭ હા છે ( હા ૨૮ થી હા ૩૪). આ સાત હાની મતલબ નીચે પ્રમાણે છે:

ભણુનાર કુલ જગતનાં રવાન (ગેઉશ ઉર્વાન) ને યાને જગતના જાનદાર તત્વને પિછાનવાને, સમજવાને, અને ખુશાલ કરવાને પોતાની મરજી જણાવે છે. તે અહુરમજદ હજુર હાથ ઉંચા કરી દુઆ ગુજારે છે કે તે કુલ જગતની રચના સમજે અને પિછાને, અને તેમ પિછાની ખુદ તે જગતના પિતાની નજદીક પોંહોચે. તે પોતા તરફથી કોશેશ કરવા કબુલ થાય છે અને અહુરમજદની મદદ માગે છે. (હા ૨૮).

ગેઉશ ઉર્વનને યાને જગતનાં જાનદાર તત્વને, એટલે કે કુલ જગતની રચના અને કરામતને પિછાનવાની ભણુનારની ખાહેશ ઉપરથી બીજા હામાં તે બાબત હાથ ધરવામાં આવે છે. શરૂઆતમાં કહે છે કે આ દુનિયામાં મોટે ભાગે વ્યવસ્થા સાથે, નીતિમાન સપાટી ઉપર, નીતિમાન બાજુએ, કેટલીક અવ્યવસ્થા, ગેરવર્તણુક જાહેર થઇ હતી. તે બાબે ફર્યાદ ઉઠવાથી અહુરમજદે જણાવ્યું કે "એવી ગેરવ્યવસ્થા દૂર કરવા માટે પેગામ્બર જરથોશ્તને સરજયા છે કે તેવણ માણસ જાતને ભલાઈનો માર્ગ બતાવી ગેરવ્યવસ્થા દૂર કરે" (હા ૨૯).

પેગામ્બર જરથોશ્તે ભલાઇની રાહનુમાઇ કરતાં, લોકોને બોધ દેતાં, અને સારૂં માઠું શું છે અને શામાં સમાયલું છે તે સમજાવતાં, પોતાના સાંભળનારાઓની મરજી ઉપર સારૂં માઠું પસંદ કરવાનું મેલ્યું. આ દુનીયિામાં બે મીનો—વૃદ્ધિ કરનાર અને નાશ તથા કોહાઈ આણનાર—કામ કરે છે,

તે જણાવીને, તેવણે વૃદ્ધિ કરનાર સ્પેન્તામીનોની તર્ફદારી કરવાની ભલામણ કરી, કે "ભલાઇ ભલો બદલો લાવશે અને ભુંડાઇ ભુડું પરિણામ લાવશે. માટે ભલાઈ અખત્યાર કરવી સારી છે" (હા. ૩૦).

ઉપલી શિખવણી આપવાનાં પોતાનાં કામમાં જરથોશ્ત અહુરમજ્દ પાસે દુઆ-ગુજારી યારી માગે છે અને ભલી સુચનાઓ અને શિક્ષણો (ઉર્વાંતા) માગે છે. તેમ માગતાં તેવણ તે સાહેબ ઉપર પોતાનો સંપુર્ણ વિશ્વાસ જાહેર કરે છે અને તેની સ્તુતિ કરે છે. "હું પુછુંછું (પેરેસા)" એવી ઢબમાં જરથોસ્ત ઘણા સવાલો અહુરમજ્દને પુછે છે અને તેઓના જાણે પોતેજ જવાબો આપે છે કે "સચ્ચાઇ અખત્યાર કરવી, જુઠાઇ તોડવી" (હા ૩૧).

અહુરમજ્દથી ઘણીક ભલી સુચનાઓ અને શિક્ષણો (ઉર્વાંતા) જાણી તેનો પેગામ પોંહોચાડનાર (દુત) તરીકે કામ કરવાને પેગામ્બર પોતાનો મજબુત વિચાર જણાવે છે, અને તુરત (હા ૩૨ ૫ ૩) બુરાઓને, ખુદ અહુર મજ્દનાં શબ્દોમાં, શિખામણ દેવા માંડે છે અને તેઓને તાકીદ કરે છે. (હા ૩૨).

પછી પેગામ્બર ભલાઇની સ્તુતિ કરે છે અને પોતાના ભલા વિચાર, ભલી કોશેશ અને નમ્રતા જાહેર કરે છે, અને અહુરમજ્દ પાસે જ્ઞાનની વધુ યારી અને બખ્શેશ માગે છે (હા. ૩૩ ફ ૧૫). "ઓ અહુર ! તું મને પવિત્ર કર" (ઉસ મોઇ ઉજારેષ્વા અહુરા), એ એવણની સ્તુતિ, દુઆ, મિન્નતગુજારી, સર્વનો સાર છે (હા ૩૩).

સેવરે પેગામ્બર જાતી ભોગ (self-sacrifice) આપવાનો ખ્યાલ જાહેર કરે છે. એ ખ્યાલ જાહેર કરતાં તેપણ અહુરમજ્દની તરેહવાર રીતે સ્તુતિ કરે છે અને ભલાઇ કરવા માટે પોતાને વધુ શક્તિવાન કરવાને આગ્રહ કરે છે (હા ૩૪).

## ઉસ્તવદ ગાથા

એ ગાથાના ચાર હા છે (હા ૪૩ થી ૪૬). આ ચાર હા પેલા કહેવત તરીકે મશહુર થયલા, સખુનોથી શરૂ થાય છે કે " સુખ તેને હોય છે કે જેનાથી બીજાઓને સુખ મળે છે" (ઉશ્તા અહ્માઈ યહ્માઇ ઉશ્તા કહ્માઈ-ચીત). ખરો સુખી તે કે જે બીજાઓને સુખ આપે. પર્માર્થ એ પેહેલી પંક્તિનું સુખ લાવનાર સાધન છે. અહિં જરથોશ્ત અહુરમજ્દ ઉપરની પોતાની ફિદાગીરી શા સબબે છે તે જણાવે છે (હા ૪૩).

પેગામ્બર જરથોસ્તની શિખવણી કુદરત ઉપરથી કુદરતનાં ખાવિંદ ઉપર લેઈ જાય છે. તે શિખવણીનો દાખલો આ ગાથાના બીજા હામાં આપણે જોઇએ છિએ. આ જગતમાં સઘળે વ્યવસ્થા મચી રહી છે અને જ્યાં પણ વ્યવસ્થા હોય ત્યાં કોઇ મજબુત હાથ હોવો જોઇએ. તે ઉંપરથી, કુદરત બાબેના એક પછી એક કેટલાક સવાલો ઉપરથી, પેગામ્બર અનુમાન કાહાડે છે કે, કુલ જગતમાં અહુરમજ્દનોજ હાથ છે. અહુરમજ્દની હસ્તી માટે, જેને વ્યવસ્થા ઉપરથી મળતી દલીલ (Argument from design) કહે છે, તેનો દાખલો આ હા રજુ કરે છે (હા ૪૪).

કુદરતનો વિચાર પેગામ્બરને પેલી એ મીનોઇ શક્તિ, જેનો અમલ કુદરતમાં વ્યાપી રહયો છે, તે ઉપર લઇ જાય છે. કુલ કુદરતમાં વૃદ્ધિ અને કોટાઈ પ્રસાર પામી રહ્યાં છે, માટે તે એની સમજણ તે આપે છે (હા ૪૫).

આ ગાથાનો સેવટનો હા, પેગામ્બર જરથોશ્ત એક તવારીખના પુરૂષ હતા, અને નહિ કે કલ્પીત, તેની ગવાહી પુરી પાડે છે. એક મહાન પેગામ્બર છતાં, એક મહાત્મા પાદશાહના માનીતા પેગામ્બર છતાં, તેવણ આખરે એક માનવી હતા; તે આ હા દેખાડે છે. તેવણ જોકે યજદનો એલકાબ પામ્યા હતા, તોપણ એક પુરૂષ હતા અને આ દુનિઆની રણ-ભૂમીમાં આશા અને નિરાશા, દોસ્તી અને દુશ્મની, ફતેહ અને હાર વચ્ચે, માનવીઓ માફક, ડોલા ખાતા હતા. આ સર્વ દેખાડે છે કે તેવણ કોઈ હવાઇ ખ્યાલના કલ્પીત પુરૂષ હતા નહિ, પણ મહાન શક્તિના એક ઇતિહાસીક પુરૂષ હતા (હા ૪૬).

## સ્પેન્તોમદ.

એ ગાથાના ૪ હા છે (હા ૪૭, થી ૫૦). આ ગાથાનો શરૂઆતનો હા, તેમાં જણાવેલા કહેવત સમાન શબ્દો, કે "દરવંદો દુખી થાય છે, અશો નહિ" (રારેષ્યેઇન્તી દ્રેગવન્તો...નોઇત ઇથા અષાઉનો (હા ૪૭, ક. ૪), એઓનું જાણે જરા વિગતવાર વિવેચન છે. એ પરિણામ સ્પેન્તા-મીનોને લીધે છે, કારણકે અશો હમેશાં તેને માર્ગે ચાલે છે. (હા ૪૭).

બીજો હા, અવસ્તાની આ બીજી કેહવત, કે "પવિત્રાઈ માણસ માટે જન્મથી સર્વેથી સરસ છે" (યઓજ્દાઓ

મષ્યાઇ અઇપી જાંથેમ વહિશ્તા, (હા ૪૮, ફ. ૫), તેનું જાણે ટુકું વિવેચન કરે છે. આ કેહવતમાં 'પવિત્રાઇ' શબ્દને બોહોળે અર્થે સમજવો. ઉદ્યોગ, રાસ્તી, ઇનસાફ, જ્ઞાન, ગુસ્સા જેવા જોસ્સાઓ ઉપર કાબુ, એ સર્વ સદગુણો પવિત્રાઇમાં સમાયલા સમજવા (હા ૪૮).

આ ગાથાનો ત્રીજો હા પેગામ્બર જરથોસ્તની એક ભલી ખાસિયત જાહેર કરે છે. તે આ કે તેવણ ભુંડાઓને સજા કરવા કરતાં તેઓને સુધારવાનું પસંદ કરતા. "ઓ મજ્દ! બુરી રીતવાળાઓને અશોઇની મારફતે હું શિખવું યા સુધારૂં" (દુશ-એરેથીશ ચિક્ષનુષા અષા મજ્દા, (હા ૪૯, ફ. ૧), એ એવણની દુઆ અને મોરાદ હતી. એ નિયમ તેવણ આગળ ચાલતાં ફરીથી જાહેર કરે છે કે "આ (લોકોને) ફાયદો કરવા માટેના (મારા) તરીકા માટે, ઓ મજ્દ! અશોઇને મુકરર કરવામાં આવી છે" (અહ્માઇ વરેનાઇ મજ્દા નિદાતેમ અષેમ સુઇઘ્યાઇ, (હા ૪૯, ફ. ૩).

ત્યાર પછી અહુરમજ્દ ઉપર સંપુર્ણ વિશ્વાસ જણાવી સઘળાં સુખનું સાધન તેને જણાવવામાં આવે છે અને નીચલો શાએરી સુંદર વિચાર જણાવવામાં આવે છે, કે જે આપણે બીજી પ્રજાઓના શાએરોમાં પણ જોઇએ છિએ. તે આ કે કુલ કુદરત પોતાની ગર્દેશ પણ જાણે અહુરમજ્દની સ્તુતિ માટે કરે છે. તે કહે છે કે:—

"ઓ અશો અહુરમજ્દ! રોશનીઓ, આફતાબ, દિવસની બામદાદ (હોશબાંમ), તારી સ્તુતિ માટે ફરે છે." (રઓચાઓ ખેંગ અસ્નામ ઉક્ષા અએઉરૂશ ક્ષમાકાઈ અષા વહ્માઇ મજ્દા અહુરા. (હા ૫૦, ફ. ૧૦.)

## વોહુક્ષથ્ર ગાથા

એ ગાથાનો એકજ હા છે (હા ૫૧). આ હામાં પણ ભણનાર અહુરમજ્દને ભલાઇનો બદલો આપનાર ગણી તેની સ્તુતિ કરે છે. "ભુડાંઓ માટે સજા અને જે અશોઇને ધરી રાખે છે તેને સુખ" (હ્વત અકોયા દ્રેગવાઇતે ઉશ્તાયે અષેમ દાદ્રે. હા ૫૧, ફ. ૮), એ નિયમનું આ હામાં વધુ વિવેચન છે.

## વહિશ્તોઇશ્ત ગાથા

એ ગાથાનો એકજ હા છે (હા ૫૩). આ હામાં પેગામ્બર જરથોસ્તની જીંદગીના કોઇક એશારાઓ છે. પેહેલું આ કે પેગામ્બર જરથોસ્તની જીંદગી જાણે એ રીતે સફળ થઈ. એક આ કે અહુરમજ્દે તેવણને તેવણનાં ભલાં કામોના બદલા તરીકે ભલી જીંદગી બખ્શી; અને બીજું આ કે જેઓ એક વખત તેવણનાં શિખામણના શબ્દો સાંભળવાને ના પાડતા તેઓ પાછળથી તે સાંભળવાને આતુર થયા.

## યસ્ન હપ્તંઘહાઇતિ

યજશ્નેનો ગાથા પછી બીજો જાણીતો ભાગ "યસ્ન હપ્તંઘહાઇતિ" અથવા "હપ્તન યશ્ત"નો છે. તેનાં નામ (હપ્ત એટલે સાત) પ્રમાણે તેના અસલમાં સાત હા (હા ૩૫ થી ૪૧) છે. પણ પાછળથી વધારા તરીકે એક બીજો હા (હા ૪૨) પણ તેમાં ગણાયલો છે. એ આઠ હામાં અહુરમજ્દ અને તેની સાથે સાત અમેશાસ્પંદોની યાદ અને સ્તુતિ સમાવી છે અને તે અમેશાસ્પંદો, કુદરતની

જે પેદાયશો ઉપર અને નીતિના જે સદ્‌ગુણો ઉપર મવકુફ છે, તેઓનું વર્ણન છે.

## યજશ્નેના બીજા ભાગો.

ઉપલા ગાથાના અને હપ્તન યશ્તને નામે જણાયલા મુખ્ય હા ઉપરાંત બીજા હા નીચલી બાબતોના છે.

પહેલા બે હામાં ક્રિયામાં કેટલીક ચીજો રજુ કરી તે ક્રિયામાં અહુરમજ્દને, તેનાં અમેશાસ્પંદોને અને તેની કેટલીક બુલંદ કુદરતી પેદાયશોને નામ બનામ યાદ કરવામાં આવે છે.

પછી ત્રીજાથી આઠમા હા, જેને "સરોશ દરૂનષા" અથવા "દરૂન ચાશની"ના હા કહેવામાં આવે છે, તે હાની રચના પ્રમાણે એવું દિસે છે, કે ક્રિયા કરનારા ધર્મગુરૂઓ –જોતી અને રાથ્વિ–એ યજશ્નેની ક્રિયા માટે કેટલીક ચીજો પેહેલા સાત હામાનાં પવિત્ર ભણતરો ભણીને, પાક કરી તૈયાર કરે છે. એ પ્રમાણે સઘળું તૈયાર કરી જોતી અને રાથ્વિ બેઉ જન ભણે છે કે (હા. ૮, ફ. ૧) "અષય દધામિ ખરેથેમ મ્યજ્દેમ હઉર્વંત અમેરેતાત ગાઉશ હુધાઓ હઓમેબ્ય પરહઓમેબ્ય અએસમસ્ય બઓઇધીબ્ય," એટલે "ખોરાક, મ્યજદ, પાણી, ઓરવર, ગોશુદો, હોમ, પરહોમ, એસમબોએ, અશોઇથી આપું છું."

એ સઘળી ચીજો તેઓ દાદાર અહુરમજ્દની, તેના પવિત્ર કલામોની, અને સચ્ચાઇની યાદમાં આપવાને જાહેર કરે છે. પછી રાથ્વિ ભેગી મજલસને ઉપલા શબ્દો કહે છે કે "જેઓ ભલા હોય તેઓએ એ મ્યજદની ચાશણી કરવી." તે શબ્દો સાંભળી મજલસના પ્રતિનિધિ તરીકે,

જોતી ભેગી મળેલી મિજલસ તરફથી શથ્વિને ખાતરી આપે છે કે તે ભલો છે. તે ભલા માજદયસ્નાનોની સ્તુતિ કરે છે. વળી જેઓ નામના માજદયસ્નાનો હોય, એટલે ધર્મનાં ફર્માનો પ્રમાણે નહિ વર્તતા હોય, તેઓ તરફ તે નાપસંદગી દેખાડે છે. તે બોલે છે કે,

"યસ્ચ અએતએષાંમ મજ્દયસ્નનાંમ પેરેનાયુનામ અઇવિ જૂજૂયનામ ઇમાં વચો નોઇત વીસઇતિ ફ્રસ્રુઇતિ અએતાંમ આ યાતુમનહે જસઇતિ (ફ. ૪.)"

અર્થ—"આ ઉમરે પુગેલા માજદયસ્નાનો, જેઓ ક્રિયા અથવા બંદગીમાં ભાગ લેછે, તેઓમાંના જે કોઇ આ બંદગીના શબ્દો કબુલ કર્યાં વગર (અથવા અમલ કર્યાં વગર) ભણે, તે શખ્સ જાદુગરની હાલતે પોંહોંચે છે."

એ પ્રમાણે એક ભલા માજદયસ્નાન તરીકેનો એકરાર, પોતા તરફથી અને ગોયા ભેગી મળેલી મિજલસ તરફથી કરી, તે મિજલસના પ્રતિનિધિ તરીકે, તે જોતી પેહેલાં પોતે દરૂનની ચાસ્ની કરે છે અને પછી ક્રિયા ખલાસ થતાં સઘળી મિજલસ તેમ કરે છે.

યજ્સ્નેના ૯ થી ૧૧ માં હા "હોમ યસ્ત"ને નામે જણાયલા છે. હોમ નામનો પાલો, જે અસલી ઇરાનમાં તંદરૂસ્તી આપનાર એક પાલો ગણાતો હતો, અને જે હાલમાં પણ અફગાનિસ્તાન અને આજુબાજુના મુલકોમાં કાવાનાં રૂપમાં દવા તરીકે વાપરવામાં આવે છે, તે તંદરૂસ્તી અને અમર્ગીની નિશાની ગણાતો. એ એની નિશાની તરીકે, યાદ આપનાર એ પાલો ક્રિયામાં કેટલીક ભલી યાદ સાથે કુટી તેનો રસ કાહડવામાં આવતો

અને પીવામાં આવતો. હાલમાં પણ એ પાલાની સળી, જે 'હોમ સળી' તરીકે ઓળખાય છે, અને જે ઇરાન ભણીથી આવે છે, તે એક ઇધાણી તરીકે વપરાય છે અને તેને કુટીને તેનો રસ ક્રિયા કરનાર પીએ છે. એ હામાં એ પાલાની અને એ પાલાની શોધ કરનાર હઓમ નામના પુરૂષની યાદ અને સ્તુતિ કરવામાં આવે છે અને પછી એ હોમનો પાલો ક્રિયા કરનાર મોબેદ પીએ છે.

યજશ્નેના ૧૨ મા હામાં અવસ્તા જમાનાનું એક જરથોસ્તી માટેનું એકરારનામું છે. એક જરથોસ્તી તરીકે તેણે શું કરવું અને શું નહિ કરવું, એ તેમાં જણાવ્યું છે. તેની મુખ્ય મતલબ આ છે કે:

એક જરથોસ્તીએ બુરાઇથી દૂર રહેવું અને ભલાઇને પ્રાપ્ત કરવી. હુમત, હુખ્ત અને હવર્ષ્ત અખત્યાર કરવાં. જાતિ ભોગ આપી પોતાના ટોળાનાં લોકોને સહાય થવું.

કુસ્તી પાદયાબ કરતાં 'અહુરમજદ ખોદાએ'ની બંદગી ભણતાં સેવટે 'મજદયસ્નો અહમી'નો જે ફકરો ભણવામાં આવે છે તે એ હાનો એક ભાગ છે.

૧૩ થી ૧૮ સુધીના હા, શરૂઆતના હાની માફક અહુરમજદ, અમેશાસ્પંદો, યજદો, આતશો વિગેરેની બ્યાદના છે.

હા ૧૯ થી ૨૧ સુધીમાં આપણી નામીચી ત્રણ બંદગીઓ, યથા અહુવઇર્યો, અષેમ વોહુ અને યેંઘહે હાતામની સમજણ અને શરેહ સમાવી છે.

હા ૨૨ થી ૨૭ સુધીમાં અહુરમજદ, અમેશાસ્પંદો વિગેરેની પાછી યાદ કરવામાં આવે છે. હા ૨૮ થી

૫૧ સુધીમાં અને ૫૩ મા હામાં ગાથાના અને હપ્તન યશ્તનાં હા આવે છે, જે માટે આગળ બોલવામાં આવ્યું છે.

ગાથાના હા પછીના સેવટના હામાં આતશ, પાણી, સરોશ યજદ, વિગેરેની સ્તુતિ આપી છે.

### વીસ્પરદ, એ શબ્દનો અર્થ

વીસ્પરદ એ અવસ્તાનો 'વીસ્પ રતવો' શબ્દ છે, એનો અર્થ બે રીતે થાય. (૧) 'વીસ્પ' એટલે 'સઘળા,' અને 'રતુ' એટલે ' રૂતુ,' ઉપરથી "સઘળી રૂતુઓ" એમ અર્થ થાય. (૨) 'વીસ્પ' એટલે સઘળા, અને 'રતુ' (ફા. રદ) એટલે 'સરદાર,' તે ઉપરથી અર્થ થાય કે 'સઘળા સરદારો'. આ ભણતર યજશ્નને સાથે ભેળાઇને ખાસ કરી ગાહમ્બારના અવસરો, જે રૂતુના અવસરો છે, તે ઉપર ભણાય છે. માટે એનો અર્થ "તમામ રૂતુઓને લગતા અવસરો ઉપર ભણાતું ભણતર" થઇ શકે. તેમજ એનો અર્થ "સઘળા રતુઓ એટલે સરદારો બાબેનું ભણતર" પણ થાય. પેહેલા અર્થ કરતાં "સઘળા સરદારોને લગતું ભણતર" એવો પાછલો અર્થ, એ ભણતરનાં લખાણનાં ભાવાર્થ ઉપરથી, વધારે દુરૂસ્ત દિસે છે. વીસ્પરદનાં ભણતરમાં એ પાછલી, એટલે રતુ અથવા સરદારોની બાબત વધુ આવે છે. રૂતુઓ અથવા મોસમો પોતે પણ વખતની વેંહેચણીના ભાગોમાં રતુ અથવા સરદાર તરીકે છે.

### વીસ્પરદ એટલે સઘળા રતુઓ અથવા સરદારોની યાદનું ભણતર

ત્યારે, એક અર્થ પ્રમાણે, વીસ્પરદ એટલે સઘળી રૂતુઓને યાદ કરનાર અથવા સઘળી રૂતુઓને લગતું

ભણુતર. બીજા અર્થ પ્રમાણે–અને તે વધારે અગત્યનો અર્થ છે–તે સઘળા પ્રકારના રદો અથવા સરસમાં સરસ સરદારો યા નમુનાઓને યાદ કરનારૂં, તેઓનું સ્મરણ કરનારૂં, અને સમર્ણ કરી તેઓની સ્તુતિ કરનારૂં ભણુતર. એ ભણુતર ભણી માણુસે પોતે એક જાતની રેહબરીની, એક જાતની સરદારીની હાલતે પોતે પોંહોચવાની, અને પોતાને હાથે ઉત્પન્ન થતી ચીજોને પોંહોચાડવાની કોશેશ કરવી જોઇએ.

**વીસ્પરદ એ સઘળા રતુઓની સામટી સિફત**

ત્યારે વીસ્પરદ સઘળા રતુઓની, સઘળી પેદાયશ, પછી તે મીનોની કે ગેતીની હોય, જાનદાર હોય કે નિર્જીવ હોય, અને વળી જાનદારમાં તે માણુસની, જાનવરની કે ઝાડપાનની હોય, તેના સરદારોની અને સઘળા સદગુણોના ઉત્તમ પ્રકારોની યાદ કરનારૂં ભણુતર છે. તેમાં સઘલી ભલી પેદાયશને, અને તે સઘળી ભલી પેદાયશના સરસમાં સરસ નમુના યા ઉત્પન્તીને યાદ કરવામાં આવે છે. સઘળાં સદગુણી માણુસોને, દાખલા તરીકે, દીનદાર, પરહેજગાર સાચ્ચા, અને દેશહિતકારી માણુસોને, તેમાં યાદ કરવામાં આવે છે. ત્યારે રતુ અથવા રદ દરેક પેદાયશમાં એક જાતનું ધાર્મિક, એક જાતનું આત્મિક, એક જાતનું નિયમિત સંપુર્ણતાનું વડપણ ભોગવનાર છે. તે વડપણ ધરાવનાર વડાને યાદ કરવાની, અને તેને યાદ કરી તેનામાં દિસતાં અશોઇ, નિયમિતપણું અને સંપુર્ણતાનાં તત્વોની નકલ કરવાની માણુસની ફરજ છે. માણુસે પોતે નકલ કરવી અને પોતાને હાથે ઉત્પન્ન થતી પેદાયશોને, તે પેદાયશોનાં રતુઓનો ખ્યાલ મનમાં રાખી, ચહડતી હાલતે લાવવી.

## વીસ્પરદને ગાહમ્બાર સાથ સંબંધ

વીસ્પરદ, જે તેનાં નામના અર્થ પ્રમાણે, અને તેના લખાણુના ભાવાર્થ પ્રમાણે, સઘળી ભલી પેદાયશના સર્વથી સરસ નમુનાઓની યાદનું ભણતર છે, તેને ગાહમ્બારનાં અવસર સાથે ખાસ સંબંધ છે. એ સંબંધનો સબબ આ છે, કે પેદાયશમાં સઘળી ચીજો રદ યા સરદાર તરીકે બને, યાને ઉત્તમમાં ઉત્તમ અને સરસમાં સરસ નિવડે, તેનો આધાર ગાહ અથવા વખત અથવા મોસમ ઉપર છે. શું માણસ, જાનવર કે ઝાડપાનની આબાદી, વૃદ્ધિ, અને સુધારા વધારાનો આધાર મોસમ ઉપર છે. જો મોસમો બર વખતે આવે, અને સારી રીતે પસાર થાય, તો માણસો તનદરૂસ્ત રહે અને સાથે મન દરૂસ્ત રહે; જાનવરો નિરોગી રહે, અને વૃદ્ધિ પામે; ફુલ ફલાદી વૃદ્ધિ પામે, અને પાકો સારા ઉતરે; અને સઘળી ચીજોના સરસમાં સરસ નમુનાઓ ઉત્પન્ન થાય. એ સબબે ત્યારે ગાહમ્બારો, જે મોસમનાં જશનોના અવસરો છે, તે વીસ્પરદના, એટલે સઘળી પેદાયશોના સરદારો યા સરસ નમુનાઓની યાદનાં ભણતર માટેના ખાસ અવસરો ગણાય છે.

## ગાહમ્બાર વખતે સઘળા રતુઓનો મેળાવડો

ડા૦ હાઉગ ગાહમ્બારની ક્રિયામાં ભેગી મળતી મિજલસ માટે વેદીક ક્રિયાની સરખામણી વિગેરે ઉપરથી કહે છે કે "ઘણું કરીને આખા જીલ્લાના ઇરાની મંડળીના સર્વ વડાઓની ફરજ હતી કે તેઓ બની શકે તો ગાહમ્બાર, જેને માટે વીસ્પરદનું ભણતર ખાસ ધારવામાં આવ્યું છે, અને

જેના અવસર ઉપર તે હાલમાં પણ ભણાય છે, તેમાં હાજર થાય." [૧]

## ગાહમ્બાર સાથના વીસ્પરદના સંબંધ ઉપરથી લેવો જોઈતો ધડો.

ગાહમ્બારના અવસરો ઉપર ભણાતી વીસ્પરદ ઉપરથી, ગાહમ્બાર સાથનાં વીસ્પરદના સંબંધ ઉપરથી, આપણે જે વિચાર કરવાનો છે, આપણે જે ધડો લેવાનો છે, તેનો ઘણોજ ટુંકો સાર અુન્દેહેશમાં નીચે પ્રમાણે જણાવે છેઃ-"હનગર્દ હેન્મન આફ્રિ કોલા મુન કારે મસ વાહુનેત અદીનસ કસીચ વેહ." એટલે—"સાર આ કે જે કોઈ મોટું કામ કરે, તેની પ્રત્યેકતા ( Individuality, personality ) સરસ".

અુન્દેહેશે જણાવેલો સાર, જો જરા વિગતે સમજ્યે તો આ છે, કે દરેકે પોત પોતાનાં કામમાં, રતુ, અથવા રદ એટલે સરદાર થવું. દરેકે પોતપોતાના કામમાં સરસ અને સંપૂર્ણ થવું. દરેકે પોતપોતાનાં રદોને આરાધવા, યાદ કરવા, તેઓની સ્તુતિ કરવી, એટલે કે તેઓના જેવા થવું. પોતે પણ સરદારી ભોગવવાની, સરસાઈ ભોગવવાની સંપૂર્ણ થવાની હોંસ રાખવી. દાદાર અહુરમજ્દને આરાધવો, તેના અમેશાસ્પંદોને આરાધવા, તેના યજદોને આરાધવા, એટલે

(૧) " Very likely all chiefs of the Iranian society of a whole district were, if possible, obliged to be present at the the time of the celebration of the Gahanbars, for which the Visparad seems to be particularly intended and on which occasions it must be used even now (Haug's Essays, 2nd edition. p, 193).

કે તેઓની યાદ અને સ્તુતિ કરી તેઓની નકલ કરવી, તેઓના સદગુણો પ્રાપ્ત કરવા. 'રદ'ના સંબંધમાં પણ એમજ છે. આપણ સર્વએ આપણા રતુ અથવા રદ અથવા સરદારને આરાધી, માન આપી યાદ કરી, તેની બરાબર થવાની કોશેશ કરવી. બુન્દેહેશમાં અને વીસ્પરદના શરૂઆતના ફકરાની પેહેલવી શરેહમાં કહે છે, કે આપણુ માણુસ જાતનો રતુ જરથોસ્ત છે. ત્યારે તેને આરાધી આપણે પણ રતુ અથવા સરદાર થવાની કોશેશ કરવી. આપણે પણ સરસ થવું, ચહડીઆતા થવું સંપૂર્ણ થવું.

ગાહમ્બારોને જ્યારે મોસમ સાથે સંબંધ છે, ત્યારે દેખાઇતું છે, કે ખેતી અને જમીનની પેદાયશ સાથે તેને ખાસ સંબંધ હોવો જોઇએ. તેથી ખેડુતોએ પોત પોતાના પાકને રતુ અથવા સરદારની હાલતે પોંહોચાડવાની કોશેશ કરવી જોઇએ. તેઓએ ગાહમ્બારનાં જશનમાં સરસમાં સરસ મેવો, અનાજ, દુધ, દારૂ વિગેરે રજુ કરવાની હરીફાઈ કરવી. તે મોટા જથ્થામાં રજુ કરી ગરીબોને ખવાડવું.

## વંદીદાદ

વંદીદાદ શબ્દ અવસ્તાના "વીદએવ દાત" ઉપરથી બન્યો છે. એનો અર્થ "દેવોની સામેના કાયદા" થાય છે. અહિં 'દેવ' શબ્દ ઘણો બોહળે અર્થે લેવો. શારીરિક અથવા માનસિક યા રવાનને લગતાં ભલાંને આડે આવનાર જેબી કોઇ ચીજ યા સાધન તે 'દેવ'ને નામે જણાયલાં છે. ત્યારે દેવના વર્ગમાં જેમ બુરાં માણુસો, તેમ તંદરૂસ્તીને નુકસાન કરનાર ચીજો યા સાધનો યા બીમારીઓ અને નીતિના

દુર્ગુણો પણ આવે. ત્યારે વંદીદાદમાં તંદરૂસ્તી જાળવવાના અને તંદરૂસ્તીને આડે આવનાર સબબો—જેવાકે અસ્વચ્છતા કોહવાટ વિગેરે—ને ટાળવાનાં ફર્માનો અને તે સાથે મન દરૂસ્તી જાળવવા બાબેનાં ફર્માનો સમાવેલાં છે.

વંદીદાદની કુલે ૨૨ પર્ગર્દો યા બાબ છે. તેમ નીચે જણાવવા પ્રમાણે વિગત સમાવી છે:

પર્ગર્દ ૧—એમાં અહુરમજ્દે અસલી આર્યન પ્રજાની વસ્તી એક પછી એક ક્યા મુલકમાં વસાવી તેનું વર્ણન સમાવેલું છે.

પર્ગર્દ ૨—એમાં પાદશાહ જમશેદે પોતે એક નવું વર યાને સંસ્થાન, પુરતી હવા અને રોશનીની આવજાવ થાય એવાં મકાન સાથનું, બનાવ્યું તેની હકીકત આપી છે.

પર્ગર્દ ૩—જમીન શાથી ખુશ અને શાથી ના ખુશ થાય છે તે જણાવ્યું છે. દાખલા તરીકે, જે જમીન ઉપર ખેતી થતી હોય, જ્યાં સઘળું સ્વચ્છ અને સાફ રાખ્યું હોય, જ્યાં ભલાં આદમીઓ રેહતાં હોય, અને જ્યાં અહુરમજ્દની યાદ થતી હોય, તે સઘળી જગ્યાઓ જાણે હમેશાં ખુશાલ રહે છે.

પર્ગર્દ ૪—જરથોસ્તી ધર્મની એક ખાસ શિખવણી આ છે કે દરેકે બીજા તરફની ફરજ બજાવવી, બીજા સાથે—પછી તે બીજો જરથોસ્તી હોય કે નહિ તે સાથે—કરેલા કોલકરાર હમેશાં પાળવા. આ પર્ગર્દમાં એવી ફરજ અને એવા કોલ બાબે વિવેચન કર્યું છે.

પર્ગર્દ ૫—એમાં નસાની કેટલીક બાબદ આવેલી છે. એટલે કે આતશ, પાણી, જમીન જેવા પદાર્થોને નાશ

પામતી ચીજોથી ખરાબ કરવાં નહિ. નાશ પામતા કોહોવાટ યા ગલીચી ફેલાવનાર પદાર્થોને ઘટતી વ્યવસ્થા કરી એવી જગ્યાએ દૂર કરવા, કે તેથી આજુબાજુનાંઓને નુકસાન થાય નહિ.

પર્ગર્દ ૬—જમીન, પાણી, ક્રિયામાં વપરાતો હોમ પાલો, વિગેરે ચીજોને જો નસા લાગો હોય તો તેઓને કેમ પાક કરવાં, તેની અને લાશને સેવટની જગ્યાએ પોંહોચાડવાની બાબત એમા સમાવી છે.

પર્ગર્દ ૭—એક માણસનાં મરણ પછી કેટલેક વખતે તેનાં શરીરનો કોહવાટ આજુબાજુએ અસર કરે છે. એવી કોહવાટની અસર લાગેલી ચીજોને કેવી રીતે સાફ કરવી. એવી નજીસાત કોઇ માણસોને લાગી હોય કે જેથી તેઓ બીમાર થવાનો અને બીમારી ફેલાવવાનો સંભવ હોય તો તેવી તેઓની રીમનીથી તેઓને કેમ સ્વચ્છ કરવાં.

પર્ગર્દ ૮—એક ઘરે આતશ વિગેરેને કેમ સ્વચ્છ કરવાં.

પર્ગર્દ ૯—નવરાતનું બરશનુમ નહવાડવાની બાબત યાને એક આદમીની અપવિત્રાઇ દૂર કરવા માટે ચોકસ તરતીબથી તેને નહવાડવું.

પર્ગર્દ ૧૦—માણસોથી નસાની રીમની વિગેરે, દૂર કરવા માટેની ક્રિયામાં શું ભણતરો ભણવાં તે વિગેરે.

પર્ગર્દ ૧૧—કોઇક ચીજોથી નસાની રીમની વિગેરે દૂર કરવા માટેની ક્રિયામાં શું ભણતરો ભણવાં તે વિગેરે.

પર્ગર્દ ૧૨—ચહડ ઉતર ખેશીપણાંનો સંબંધ ધરાવનાર ધણીઓ મરણ પામે તો મરનારનાં જુદાં જુદાં ખેશી-

ઓએ તેઓ માટે 'ઉપમન' કરવું અથવા ઠેરવેલા વખતથી વધુ વાર દલગીર ન થવું.

પર્ગર્દ ૧૩—માણુસ જાતની વફાદારીથી સેવા બજાવનાર સગ (કુતરા)ની બાબદ.

પર્ગર્દ ૧૪—સગે આબી નામનો કુતરો, જે અસલી ઇરાનમાં એક ઉપયોગી પ્રાણી ગણાતો, તેને નાહક મારી નાખનારાઓની સજાની બાબત.

પર્ગર્દ ૧૫-કેટલાક મોહટા ગણાતા ગુનાહોની બાબત.

પર્ગર્દ ૧૬—સ્ત્રી જાતની માસિક બીમારી અને તે બીમારી વખતે તનની દરૂસ્તી વિગેરે માટે સાચવવી જોઈતી સાવચેતી.

પર્ગર્દ ૧૭—નખ, બાલ જેવા પદાર્થો, જેઓ નસો ગણાય, તેઓને કેવી તરતીબથી દૂર કરવા તે વિગેરે બાબત.

પર્ગર્દ ૧૮—આ પરગરદમાં કેટલીક પરચુટણ બાબતો સમાવી છે, જેવી કે નાલાયક અથોરનાનો, ઉદ્યોગનું ભાન આપનાર મર્ઘો, દરૂજ, હવસો વિગેરેની બાબતો.

પર્ગર્દ ૧૯—આ પર્ગર્દમાં પેગામ્બર જરથોસ્તની જીંદગીના કેટલાક અગતના એશારાઓ છે. આહરેમને લોભ લાલચથી તેવણને લલચાવવાને કરેલી કોશેશો તેવણે પોતાનાં મજબુત મનથી રદ કીધી.

પર્ગર્દ ૨૦—થ્રીત નામના તબીબની અને તબીબાંની બાબત.

પર્ગર્દ ૨૧—રોશની અને પાણી જેવા ઉપયોગી પદાર્થોની બાબતો ઉપર થોડુંક વિવેચન.

પર્ગર્દ ૨૨—આહરેમનની સંખ્યાબંધ બદીઓ અને બીમારીઓ અને અહુરમજ્દે જાહેર કરેલા તે સામેના એલાજો અને ઉપાયો.

## ખોર્દેહ અવસ્તા

ખોર્દેહ અવસ્તા એટલે નાના અવસ્તા. યજશ્ને વંદીદાદ વિગેરે મોટાં ભણતરોમાંથી એ ભાગ દરરોજની નાની બંદગી તરીકે ચુંટી કાહાડયો છે. માટે એને નાના અવસ્તા કહે છે. એમાં નીચલાં ભણતરો સમાવ્યાં છે.

૧ ગેહો

૨ નીઆએશો

૩ યશ્તો

એ ઉપરાંત આફ્રીનગાનો, જે યજદો અને અશો ફ્રોહરોની યાદનાં ભણતરો છે, અને આફ્રીનો, જે દુઆના ભણતરો છો, તે અને કેટલીક પાજંદ બંદગીઓ પણ હાલ એ નામમાં સમાયલાં છે.

## ગેહો

ગેહ અથવા ગાહ એટલે વખત. જરથોશ્તી પુસ્તકો પ્રમાણે ૨૪ કલાકના દહાડાને વખત (ગાહ)ના પાંચ તબ-કકામાં વેંહચેલો છે. એ દરેક તબક્કાને ગેહ કહે છે. તે દરેક ગેહમાં ભણવાનાં ભણતરને પણ ગેહ કહે છે. તે પાંચનાં નામ નીચે પ્રમાણે છે: હાવન, રપિથ્વન, ઊજીરન, અઈવિ-સ્રુથ્રેમ, ઉશહેન.

## નીઆએશોં

નીઆએશો પાંચ છે : ખોર્શેદ, મેહર, માહાબોખ્તાર આવાં અર્દ્વીસૂર, અને આતશ. એમાંની પેહેલી બે રોશ-

નીના સંબંધમાં છે. ખોર્શેદની નીઆએશ ખોર્શેદની સિફ્તમાં છે. મેહર નીઆએશ સૂર્ય ઉગવા આગમચની રોશનીના સંબંધની નીઆએશ છે. માહબોખ્તારની નીઆએશ ચંદ્રમાની સિફ્તમાં છે. આવાં અર્દવીસૂરની નીઆએશ પાણીની સિફ્તમાં છે. અર્દવીસૂર નામની એક મોટી નદી અસલી ઇરાનમાં હતી. તે તે વખતનાં ઈરાનના મોટા ભાગને પાણી પુરૂં પાડતી હતી. એ નદીને હાલની ઓક્સસ નદી માનવામાં આવે છે. તે નદી ઉપરથી એ નામ કુલ પાણીના સંબંધમાં વપરાય છે. આતશ નીઆએશ આતશની સિફ્તમાં છે.

જુદા જુદા યજદોના નામ ઉપરથી તેઓની સિફ્તના ભણતરો યશ્તોને નામે જણાયલાં છે. એવો ૨૨ યશ્તો જણાયલી છે.

# પ્રકરણ આઠમુ

## આગલા ઈરાની જરથોશ્તી ધર્મને લગતાં સાહિત્યની ટુંક તવારીખ

આપણું ઈરાની જરથોસ્તી ધર્મને લગતું સર્વ સાહિત્ય ચાર ભાષાઓમાં છે. ૧ અવસ્તા ૨ પેહેલવી ૩ પાજંદ અને ૪ ફારસી. એઓમાંથી મુખ્ય સાહિત્ય અવસ્તા ભાષામાં છે. તે બાબે આગલા પ્રકરણમાં આપણે બોલી ગયા છિએ.

અવસ્તા પછી બીજું મુખ્ય સાહિત્ય પેહેલવી ભાષામાં છે. એ મુખ્ય કરી સાસાનીઅન જમાનાનું અને તે પછીના વખતનું છે. સર્વથી પુરાણું પેહેલવી લખાણ આપણુને સિક્કાઓ ઉપર મલે છે. એ સિક્કાઓમાં મુખ્ય આપણા હિંદુસ્તાન દેશની ઉત્તર પશ્ચિમના ભાગમાં મળેલા સિક્કાઓ છે કે જે ઉપર આપણુને આપણા કેટલાક યજદોના નામો મળે છે. હિંદુસ્તાનના એ ભાગમાં ઈન્દો તુરૂશ્ક વંશના જે ઈન્દો-સીધીક . રાજાઓ રાજ કરી ગયા હતા, તેઓના એ સીક્કાઓ છે.

સિક્કાઓ પછી આપણુને પુરાણું પેહેલવી લખાણ ઈરાનના કેટલાક પાહાડો ઉપર મલે છે. તે ઈ. સનેની ત્રીજી અને ચોથી સદીનાં ઈરાની પાદશાહોનું છે. નક્ષે રૂસ્તમ, નક્ષે રજબ, શાહપુર, તાકે બોસ્તાન અને હાજીઆબાદના પેહેલવી લેખો એવાં લખાણ તરીકે જાણીતા છે. એ લેખો અર્દેશર બાબેગાન, શાપુર બીજો, શાપુર ત્રીજો, નર્સી, બેહરામ બીજો, એવા સાસાનીયન પાદશાહોના છે. આપણાં મુંબઈ શહેરની

પડોશમાં છાસ્તી તાલુકામાં આવેલા કનેરીના ગોફાઓમાં પણ એ પેહેલવી લેખો, ઇ. સ. ૧૦૦૯ અને ૧૦૨૧ નાં મલે છે. એ લેખો તે ગોફાની મોલાકાતે આવેલા કોઇ ઇરાની મુસાફરોના દિસે છે. દક્ષિણ હિંદુસ્તાનમાં મદ્રાસની પડોશમાં આવેલાં એક ગામનાં એક દેવળમાં પણ એવા એકાદ બે લેખો મળેછે. એ લેખો ઇરાનના કોઈ ખ્રિસ્તીઓ, જેઓ પેહેલવી ભાષા વાપરતા હોય, તેઓના છે.

પુસ્તકોનાં પેહેલવી સાહિત્ય ઉપર આવતાં દિસે છે કે મુખ્ય અગતનું પેહેલવી સાહિત્ય આરબોને હાથ ઇરાનની હાર થવા આગમજનું, એટલે ઇસવી સનની સાતમી સદી આગમચનું હતું. આરબોને હાથની હાર પછીનું પણ કેટલુંક પેહેલવી સાહિત્ય છે. એ પેહેલવી સાહિત્યના, ડા૦ ઉવેસ્ટે કહ્યું છે તેમ, ત્રણ મુખ્ય ભાગો થઇ શકે.

૧ અવસ્તાનાં લખાણનો પેહેલવી તરજુમો અને શરેહ.
૨ ધર્મ સંબંધી બાબતોનાં પેહેલવી લખણો.
૩ ધર્મ સિવાયની બીજી બાબતો ઉપરનાં પેહેલવી લખાણો.

## ૧ અવસ્તાનાં લખાણોનો પેહેલવી તરજુમો અને શરેહ.

આ વર્ગનાં સાહિત્યમાં આપણાં નીચલાં ભણતરોને પેહેલવી તરજુમો અને શરેહ આવે છે. વંદીદાદ, યજશ્ને, વીસ્પરદ; યશ્તો,—અહુરમજદ, બેહરામ. સરોશ હાદોખ્ત, હપ્તન, ખોર્શેદ, અને માહા બોખ્તાર; નીઆએશો,—ખોર્શેદ, આવાં અને આતશ; આફ્રીનગાનો—ગાહમ્બાર, દહમાન, ગાથા, અર્દાફરોશ અને સીરોજા. આ ભાગમાં એ ઉપરાંત બીજા

કેટલાક અવસ્તાનાં ભાગોનો પેહેલવી તરજુમો આવે છે કે જે સાધારણ ભણતર તરીકે ભણાતા નથી. દાખલા તરીકે નીરંગેસ્તાન, અઓગમદેચા, વજર કર્દ દીનીક.

## ૨ ધર્મ સંબધી બાબતોનાં પેહેલવી લખાણો

આ વર્ગનાં પેહેલવી સાહિત્યમાં આપણાં કેટલાંક જાણીતાં પેહેલવી પુસ્તકો આવે છે, જેવાં કે દીનકર્દ, બુન-દેહેશ, દાદેસ્તાને દીની, મીનોખ્યેરદ, શાયસ્ત લા શાયસ્ત, વીરાફનામું, જામાસ્પી, બહમન યશ્ત, માદીગાને ગોસ્ત ફ્રયાન, માનુશચેહેરનાં પત્રો, જાદસ્પરમનાં લખાણો, આશીર્વાદ, આફ્રીનો, અને પતેતો.

## ૩ ધર્મ સંબધી નહિ એવાં પેહેલવી લખાણો

આ વર્ગનાં પેહેલવી સાહિત્યમાં કેટલાંક અર્ધ-ઇતિ-હાસિક લખાણો આવે છે, જેવાં કે કારનામે એ અર્દેશર બાબે-ગાન, યાદગારે જરીરાન, શત્રોઇહા એ અઇરાન અને અફ્દીઅવ સહીગીઅ એ સીસ્તાન. એ ઉપરાંત માદીગાને હજાર દાદેસ્તાન નામનું સંસારી કાયદાઓનું પુસ્તક વિગેરે થોડાંક પુસ્તકો એ વર્ગમાં સમાય છે.

## પાજંદ સાહિત્ય

પેહેલવી સાહિત્ય પછી આપણે પાજંદ સાહિત્ય ઉપર આવ્યે છિએ. કેટલુંક પાજંદ સાહિત્ય તે કાંઇ નહિ પણ પેહેલવી સાહિત્યજ છે. પણ જ્યારે પેહેલવી સાહિત્યમાં કેટલાક સેમેટીક ભાષાનાં શબ્દો દાખલ થયલા છે ત્યારે પાજંદ સાહિત્યમાં તેમ નથી. પાજંદ તે સેમેટીક તત્વ વગરનું પેહેલવી સાહિત્ય છે. કેટલુંક સાહિત્ય જેમ પેહેલવી તેમજ પાજંદ ગણાય.

આપણું પાજંદ સાહિત્ય નીચલા મુખ્ય ભાગોમાં વેંહેચી શકાય છે.[1]

૧ જાણીતાં પેહેલવી પુસ્તકો પાજંદ જબાનમાં. જેવાં કે બુનદેહેશ, મીનોખેરદ, બહમન યશ્ત, વીરાફનામું, અઓગમદેચા.

૨ બંદગીનાં ભણતર તરીકે ભણાતાં પાજંદ લખાણો જેવાં કે પતેતો, આફ્રીનો, દુઆઓ.

૩ નીરંગો, જેવી કે યશ્તોની પછવાડે ભણાતી નીરંગો, અને ભણતરમાં ભણાતી નહિ હોય, એવી કેટલીક નીરંગો, જે રેવાયતોમાં આપી છે.

૪ સેતાયશો, જેવી કે નામે સેપાસ, અહુરમજદની સેતાયશ વિગેરે.

## ફારસી સાહિત્ય

પાજંદ સાહિત્ય પછી આપણે ફારસી સાહિત્ય ઉપર આવ્યે છિએ. એ વર્ગમાં સદ દર કેતાબ મુખ્ય છે. એ પુસ્તકના સો (સદ) બાબ (દર) છે, તેથી તેને સદ દર નામ મળ્યું છે. તે પદ અને ગધ્ય બેઉમાં લખાયલી છે. એ વર્ગનું બીજુ જાણીતું ફારસી પુસ્તક જરથોસ્તનામું યાને પેગામ્બર જરથોસ્તની જીંદગીનો એહવાલ છે. ફારસી શાયસ્ત લા શાયસ્ત એ વર્ગનું બીજું મુખ્ય પુસ્તક છે, જે સદદર, બુનદેહેસ્નેને નામે પણ જણાયલું છે. વીરાફ નામું, મીનોખેરદ, અને જામાસ્પી જેવાં જાણીતાં પેહેલવી પુસ્તકો ફારસીમાં

---

[1] જુઓ પારસી પંચાએતનાં ટ્રસ્ટીઓ તરફથી પ્રગટ થયલું એરવદ એદલજી કેરસાસ્પજી આંતીઆનું પુસ્તક, "Pazend Texts collected and collated".

પણ લખાયલાં છે. ફારસી સાહિત્યના આ વર્ગમાં રેવાયતને નામે જણાયલાં લખાણો મુખ્ય છે. આસરે ૩૦૦ યા ૪૦૦ વર્ષપર ધર્મ સંબંધી બાબતોના કેટલાક સવાલો હિંદુસ્તાનથી ઇરાનના ભણેલા દસ્તુરો ઉપર મોકલવામાં આવતા હતા. ત્યાંથી તેઓ તરફથી જે જવાબો આવેલા તે રેવાયતને નામે જણાયલા છે. જે ધણીઓ અતરેથી સવાલો લઈ જતા અને જવાબો લાવતા તેઓને નામે તે લખાણો યા રેવાયતો જણાયલાં છે; દાખલા તરીકે નરીમાન હોસંગની રેવાયત અને બહમન અસ્પંદયારની રેવાયત. એવી રેવાયતોના બે ધણીઓએ સંગ્રહ કર્યાં છે. એ સંગ્રહ એઓને નામે જણાયલા છે, જેમકે દારાબ હોરમજદયારની રેવાયત અને બર્જો કામદીનની રેવાયત. એ સંગ્રહમાં ઇરાનથી આવેલા જવાબોની બાબતે ઉપરાંત કેટલાક ફારસી કિસ્સાઓ અને નાનાં પુસ્તકો પણ સમાયલાં છે. દાખલા તરીકે મારનામું, સોગંદનામું, મહમુદ ગીજનવીનો કિસ્સો વિગેરે.

## આપણા ધર્મને લગતું સંસ્કૃત સાહિત્ય [1]

આપણું ધર્મ સંબંધી કેટલુંક સાહિત્ય નેર્યોસંગ ધવલ નામના એક કામેલ દસ્તુરને હાથે અને બીજાઓને હાથે લખાયલું સંસ્કૃતમાં પણ છે. એમાં મુખ્ય ભાગ અવસ્તા પેહેલવી પુસ્તકોનો તરજુમો છે.

અવસ્તાનાં સંસ્કૃત તરજુમામાં ખોર્દે અવસ્તાના

(૧) જુઓ પારસી પંચાએતનાં ત્રસ્ટી સાહેબો મારફતે એરવદ શેહરીઆરજી દાદાભાઇ ભરૂચાની કલમથી પ્રગટ થયલું પુસ્તક "Collected Sanskrit Writings of the Parsis" Part I, Khorda Avestâ-Arthah.

થોડાક ભાગનો અને યજશ્નેનો તરજુમો છે. પેહેલવી પુસ્તકોમાં મીનોખેરદ, શેકન્દ ગુમાની વજાર, અર્દાવીરાફનામુ અને અઓગમદેમાનો તરજુમો છે.

## બીજું સાહિત્ય.

આપણું થોડુંક ઇરાની સાહિત્ય ખીલારોકી (Cuneiform) ભાષામાં ઇરાનમાં બેહીસ્તનનાં પાહાડ વિગેરેમાં બચી રહયું છે. પણ તે ખાસ ધર્મ સંબંધી સાહિત્ય નથી. તે તવારીખને લગતું સાહિત્ય છે.

છેલ્લાં આસરે ૧૫૦ વર્ષના અરસામાં, અને મુખ્ય કરી છેલ્લી સદીમાં, અને તેમાં પણ મુખ્ય કરીને તેનાં પાછલા અર્ધા ભાગમાં, ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓમા ધર્મ સંબંધી પુસ્તકોનાં તરજુમાઓ અને બીજું સાહિત્ય બહાર પડયું છે. અંગ્રેજી ઉપરાંત યુરોપની બીજી ભાષાઓમાં પણ કેટલુંક સાહિત્ય બહાર પડયું છે.